# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08

માધુરીએ 'ઘાઘરા' ગીતના શૂટિંગ સાથે જોડાયેલો કિસ્સો શેર કર્યો



પેજ-09

19 વર્ષ પછી રિંગમાં પ્રવેશ કર્યો, 31 વર્ષ નાના ખેલાડી સામે હાર્યો

| હવામાન | | |
|---|---|---|
| શહેર | મહત્તમ | લઘુત્તમ |
| અમદાવાદ | 33.00 | 19.00 |
| વડોદરા | 33.00 | 19.00 |
| સુરત | 33.00 | 21.00 |

પેજ 5




ભારતીય કંપનીઓ GenAIમાં રોકાણ વધારશે

18 NOVEMBER-2024 MONDAY

માર્ક ઝુકરબર્ગ: પત્ની માટે રોમાંટિક બન્યા ઝુકરબર્ગ, વર્ષગાંઠે વિશેષ ગીત લૉંચ કર્યું



પેજ 10

.....સુવિચાર.....

સામાન્ય માણસનું મહાન બનવું એ તો સામાન્ય છે પણ, મહાન બન્યા પછી સામાન્ય બની રહેવું એ ખરેખર અઘરું છે!

વર્ષ-14 । અંક-001 । વિક્રમ સંવત-2081 । કારતક વદ-03 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

# PM નરેન્દ્ર મોદીને નાઈજીરિયાનું સર્વોચ્ચ સન્માન

## રાણી એલિઝાબેથ પછી આ સન્માન મેળવનાર પ્રથમ વ્યક્તિ; અત્યાર સુધી 15 દેશોએ સર્વોચ્ચ સન્માન આપ્યું છે



17 વર્ષમાં ભારતીય વડાપ્રધાનની નાઈજીરિયાની આ પ્રથમ મુલાકાત છે

(એજન્સી) અબુજા । તા.17

નાઈજીરિયાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સર્વોચ્ચ રાષ્ટ્રીય સન્માન 'ધ ગ્રાન્ડ કમાન્ડર ઓફ ધ ઓર્ડર ઓફ ધ નાઈજર'થી સન્માનિત કરવાની જાહેરાત કરી છે. ન્યૂઝ એજન્સી ANI અનુસાર, બ્રિટનની મહારાણી એલિઝાબેથ બાદ આ સન્માન મેળવનાર મોદી બીજા વિદેશી હશે.

અત્યાર સુધી 15 દેશોએ પીએમ મોદીને તેમના સર્વોચ્ચ સન્માનથી સન્માનિત કર્યા છે. આ સાથે જ તેમને મળનારો આ 17મો આંતરરાષ્ટ્રીય એવોર્ડ હશે. અગાઉ 14 નવેમ્બરે કેરેબિયન દેશ ડોમિનિકાએ મોદીને સર્વોચ્ચ રાષ્ટ્રીય પુરસ્કાર - 'ડોમિનિકા એવોર્ડ ઓફ ઓનર' આપવાની જાહેરાત કરી હતી. COVID-19 મહામારી દરમિયાન ડોમિનિકાને મદદ કરવા બદલ તેમનું સન્માન કરવામાં આવશે. 21-22 નવેમ્બરના ગુયાના પ્રવાસ દરમિયાન મોદીનું સન્માન કરવામાં આવશે.

એરપોર્ટ પર રાષ્ટ્રપતિએ મોદીનું સ્વાગત કર્યું, વડાપ્રધાનને રાજધાની અબુજાની ચાવી સોંપવામાં આવી, આ વિશ્વાસનું પ્રતીક વડાપ્રધાન નરેન્દ્ર મોદી શનિવારે રાત્રે પહેલીવાર નાઈજીરિયા પહોંચ્યા હતા. 17 વર્ષમાં ભારતીય વડાપ્રધાનની નાઈજીરિયાની આ પ્રથમ મુલાકાત છે. મોદીના સ્વાગત માટે એરપોર્ટ પર ભારતીય લોકોની ભીડ જામી હતી. તેમણે હાથમાં તિરંગો લઈને વડાપ્રધાન મોદીનું સ્વાગત કર્યું હતું. નાઈજીરિયાના રાષ્ટ્રપતિ બોલા ટીનુબુ પણ પીએમ મોદીનું સ્વાગત કરવા અબુજા એરપોર્ટ પર પહોંચ્યા હતા. મંત્રી નાયસોમ વિકે પીએમ મોદીને અબુજા શહેરની ચાવીઓ સોંપી હતી.

નાઈજીરિયામાં તેને વિશ્વાસ અને આદરનું પ્રતીક માનવામાં આવે છે. પીએમ મોદી આજે રાષ્ટ્રપતિ ટીનુબુ સાથે દ્વિપક્ષીય વાતચીત કરશે. તેમની વચ્ચે ભારત-નાઈજીરિયા દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત કરવા પર ચર્ચા થશે. આ પછી મોદી રાજધાની અબુજામાં ભારતીય સમુદાયના લોકોને પણ સંબોધન કરશે. નાઈજીરિયામાં 150થી વધુ ભારતીય કંપનીઓ છે, જેનું ટર્નઓવર રૂ. 2 લાખ કરોડથી વધુ છે.

### ભારત-નાઈજીરિયાના સંબંધો 66 વર્ષ જૂના

આઝાદી બાદ ભારતે આફ્રિકન દેશોની આઝાદીને જોરદાર સમર્થન આપ્યું હતું. નાઈજીરિયાની આઝાદી પહેલાં જ બંને દેશો વચ્ચે રાજદ્વારી સંબંધોની શરૂઆત થઈ હતી. ભારતે 1958માં નાઈજીરિયામાં રાજદ્વારી ગૃહની સ્થાપના કરી હતી. નાઈજીરિયાને 2 વર્ષ પછી આઝાદી મળી. ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુએ સપ્ટેમ્બર 1962માં નાઈજીરિયાની મુલાકાત લીધી હતી. તેમની મુલાકાત બાદ બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધોનો પાયો નાખવામાં આવ્યો હતો.

### મંત્રી નાયસોમ વિકે પીએમ મોદીને અબુજા શહેરની ચાવીઓ સોંપી

મંત્રી નાયસોમ વિકે પીએમ મોદીને અબુજા શહેરની ચાવીઓ સોંપી હતી. નાઈજીરિયામાં તેને વિશ્વાસ અને આદરનું પ્રતીક માનવામાં આવે છે. પીએમ મોદી આજે રાષ્ટ્રપતિ ટીનુબુ સાથે દ્વિપક્ષીય વાતચીત કરશે. તેમની વચ્ચે ભારત-નાઈજીરિયા દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત કરવા પર ચર્ચા થશે. આ પછી મોદી રાજધાની અબુજામાં ભારતીય સમુદાયના લોકોને પણ સંબોધન કરશે. નાઈજીરિયામાં 150થી વધુ ભારતીય કંપનીઓ છે, જેનું ટર્નઓવર રૂ. 2 લાખ કરોડથી વધુ છે.

### ભારત માટે નાઈજીરિયા કેમ મહત્ત્વનું

તેલ અને ગેસના વિશાળ ભંડારને કારણે નાઈજીરિયા આફ્રિકાના મહત્ત્વપૂર્ણ દેશોમાંનો એક છે. આ દેશ ભારતની ઊર્જા જરૂરિયાતો પૂરી કરે છે. આફ્રિકામાં ભારતીય રોકાણ સતત વધી રહ્યું છે, ખાસ કરીને ઊર્જા, ખાણકામ, ફાર્માસ્યુટિકલ્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી જેવાં ક્ષેત્રોમાં. નાઈજીરિયા ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કન્ટ્રીઝ (OIC) અને ઓઈલ પ્રોડ્યુસિંગ કન્ટ્રીઝ (OPEC) નું એક મહત્ત્વપૂર્ણ સભ્ય છે.

# મણિપુરમાં હિંસા, CMના ઘરને નિશાન બનાવ્યું

## 3 મંત્રીઓ, 6 ધારાસભ્યોના ઘર પર પણ હુમલો; 5 જિલ્લામાં કર્ફ્યુ, 7માં ઈન્ટરનેટ બંધ

(એજન્સી) ઈમ્ફાલ । તા.17



મણિપુરમાં એક મહિલા અને બે બાળકોના મૃતદેહ મળ્યા બાદ શરૂ થયેલો વિરોધ શનિવારે હિંસક બન્યો હતો. મૈઈતેઈ-પ્રભુત્વવાળી ઈમ્ફાલ ઘાટીમાં પ્રદર્શનકારીઓએ રાજ્ય સરકારના ત્રણ મંત્રીઓ અને 6 ભાજપના ધારાસભ્યોના ઘર પર હુમલો કર્યો. ઉશ્કેરાયેલા ટોળાએ મંત્રી સપમ રંજન, સીએમ બિરેન સિંહના જમાઈ અને બીજેપી ધારાસભ્ય આરકે ઈમો સિંહના ઘરને પણ નિશાન બનાવ્યા હતા. મોડી રાત્રે રોષે ભરાયેલ ટોળું મુખ્યમંત્રી બિરેન સિંહના નિવાસસ્થાને પણ પહોંચ્યું હતું. પ્રદર્શનકારીઓને હટાવવા માટે સુરક્ષા દળોએ ટીયર ગેસના શેલ અને હવામાં ગોળીબાર કરવો પડ્યો હતો. કથળતી સ્થિતિને જોતા 5 જિલ્લામાં કર્ફ્યુ લાદવામાં આવ્યો છે. તેમજ, 7 જિલ્લામાં ઈન્ટરનેટ બંધ કરવામાં આવ્યું છે. આ દરમિયાન, કેટલાક મંત્રીઓ સહિત ભાજપના 19 ધારાસભ્યોએ વડાપ્રધાન કાર્યાલય (PMO)ને પત્ર લખીને બિરેન સિંહને હટાવવાની માંગ કરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર જો આગામી બે-ત્રણ દિવસમાં સ્થિતિ વધુ વણસી તો રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાગી શકે છે. શનિવારે જીરીબામમાં બરાક નદીના કિનારેથી બે મહિલાઓ અને એક બાળકના મૃતદેહ મળી આવ્યા હતા. એવી આશંકા છે કે તેઓનું 11 નવેમ્બરે જિરીબામથી કુકી આતંકવાદીઓએ અપહરણ કર્યું હતું. તે જ દિવસે સુરક્ષા દળોએ બંદૂકધારી 10 ઉગ્રવાદીઓને ઠાર કર્યા હતા. જ્યારે કુકી-જો સંગઠને આ 10 લોકોને વિલેજ ગાર્ડ ગણાવ્યા હતા. તેમજ, શુક્રવારે રાત્રે એક મહિલા અને બે બાળકોના મૃતદેહ મળી આવ્યા હતા.

### મણિપુર : NPPએ ભાજપ સરકાર પાસેથી સમર્થન પરત ખેંચ્યું

(એજન્સી) ઈમ્ફાલ । તા.17

મણિપુરમાં ચાલી રહેલી હિંસા વચ્ચે નેશનલ પીપલ્સ પાર્ટી (NPP)એ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાને પત્ર લખીને સમર્થન પરત લેવાનું એલાન કરી દીધું છે. NPPએ કહ્યું છે કે, 'મુખ્યમંત્રી પરિસ્થિતિ સુધારવામાં નિષ્ફળ રહ્યા છે. એટલા માટે તાત્કાલિક અસરથી પોતાનું સમર્થન પરત લઈ રહ્યા છે.' નેશનલ પીપલ્સ પાર્ટીએ મણિપુરમાં હાલની સ્થિતિને લઈને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાને પત્ર લખીને કહ્યું કે, 'તેઓ રાજ્યની હાલની સ્થિતિ કાયદો-વ્યવસ્થા પર પોતાની ચિંતા વ્યક્ત કરવા માગે છે. છેલ્લા કેટલાક દિવસોમાં અમે રાજ્યની સ્થિતિને વધુ ખરાબ થતા જોઈ છે, જેમાં અનેક નિર્દોષ લોકોના જીવ ગયા. રાજ્યમાં લોકો ખુબ પીડામાંથી પસાર થઈ રહ્યા છે.' વધુમાં કહ્યું કે, 'અમે દૃઢતાથી અનુભવ કરી રહ્યા છીએ કે મુખ્યમંત્રી બીરેનના નેતૃત્વ વાળી મણિપુર સરકાર રાજ્યમાં ઉત્પન્ન થયેલા સંકટનું સમાધાન કરવામાં અને સામાન્ય સ્થિતિ પુનઃસ્થાપિત કરવામાં નિષ્ફળ સાબિત થઈ છે. હાલની સ્થિતિને ધ્યાનમાં રાખતા પીપલ્સ પાર્ટીએ નિર્ણય લીધો છે કે તેઓ મણિપુરમાં બીરેન સિંહના નેતૃત્વવાળી સરકારમાંથી તાત્કાલિક અસરથી પોતાનું સમર્થન પરત લઈ રહી છે.'

### દિલ્હીના પરિવહન મંત્રી કૈલાશ ગહલોતે આમ આદમી પાર્ટી છોડી

#### કેજરીવાલને લખ્યું- પાર્ટીએ કેન્દ્ર સાથે લડાઈમાં સમય વેડફ્યો, વચનો પૂરા ન કર્યા

(એજન્સી) નવી દિલ્હી । તા.17

દિલ્હી સરકારના પરિવહન મંત્રી કૈલાશ ગહલોત પદ અને પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું છે. કૈલાશ ગહલોત રવિવારે સવારે AAPના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલને પત્ર લખીને રાજીનામાની જાહેરાત કરી હતી. ગહલોત કેજરીવાલને લખેલા પત્રમાં યમુનાની સફાઈના મુદ્દે AAPની ટીકા કરી હતી. તેમણે કહ્યું- આમ આદમી પાર્ટીએ કેન્દ્ર સરકાર સાથે લડવામાં ઘણો સમય બરબાદ કર્યો. પાર્ટીએ જનતાને આપેલા વચનો પૂરા કર્યા નથી. દિલ્હીના CM આતિશીએ ગહલોતનું રાજીનામું સ્વીકાર્યું અને કહ્યું- આ બીજેપીનું ગંદુ ષડયંત્ર છે. ભાજપ દિલ્હીમાં યોજનારી વિધાનસભાની ચૂંટણી ED અને CBIના બળ પર જીતવા માગે છે. AAP નેતા સંજય સિંહે કહ્યું- દિલ્હી ચૂંટણી પહેલા મોદી વોશિંગ મશીન એક્ટિવ થઈ ગયું છે. હવે આ મશીન દ્વારા અનેક નેતાઓને ભાજપમાં સામેલ કરવામાં આવશે. કૈલાશ ગહલોત 2015માં આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. તેઓ 2017માં કેબિનેટ મંત્રી બન્યા હતા. વ્યવસાયે વકીલ કૈલાશ ગહલોત રાજકારણમાં આવતા પહેલા 10 વર્ષ સુધી સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટમાં ઘણા મોટા કેસ લડ્યા હતા.



### ઝાંસી અગ્નિકાંડ- રેસ્ક્યૂ કરેલ વધુ એક નવજાતનું મોત

(એજન્સી) ઝાંસી । તા.17

ઝાંસીની મહારાણી લક્ષ્મીબાઈ સરકારી મેડિકલ કોલેજમાં શુક્રવારે રાત્રે સ્પેશિયલ ન્યૂ બોર્ન કેર યુનિટ (SNCU)માં ભીષણ આગ લાગી હતી. આ દુર્ઘટનામાં 10 બાળકોના મોત થયા હતા. શનિવારે સાંજે 7 બાળકોનું પોસ્ટમોર્ટમ 2-2 ડોક્ટરોની પેનલ દ્વારા કરવામાં આવ્યું હતું. તમામ બાળકો 80 ટકાથી વધુ દાઝી ગયા હતા. તમામના દાઝી જવાથી મોત નિપજ્યા હતા. દરેકના ડીએનએ સેમ્પલ પણ લેવામાં આવ્યા છે. 3 બાળકોના મૃતદેહની ઓળખ થઈ શકી નથી, તેથી પોસ્ટમોર્ટમ થયું નથી. 72 કલાક પછી પોસ્ટમોર્ટમ થશે કે ઓળખ શક્ય છે કે નહીં. અહીં 20 કલાકથી ગુમ થયેલા 8માંથી 7 બાળકો મળી આવ્યા છે. માત્ર 1 બાળક હજુ સુધી મળ્યું નથી. ઝાંસી જિલ્લા પ્રશાસને 10 બાળકોના મૃતદેહોના ફોટા જાહેર કર્યા છે. કહ્યું- વધુ મોતની વાત કરવી ખોટી છે. રાત્રે લગભગ 10.30 વાગે ઓક્સિજન કોન્સન્ટ્રેટરમાં સ્પાર્કિંગને કારણે આગ ફાટી નીકળી હતી, ત્યારબાદ વિસ્ફોટ થયો હતો. આગ આખા વોર્ડમાં ફેલાઈ ગઈ હતી. વોર્ડ બોયે આગ ઓલવવા માટે ફાયર સેફ્ટીના સાધનોનો ઉપયોગ કર્યો હતો, પરંતુ તે 4 વર્ષ જુના હતા, તેથી તેનાથી કોઈ કામ થયું નહોતું.

### દિલ્હીમાં AQI સતત 5માં દિવસે ગંભીર કેટેગરીમાં: પ્રદૂષણમાં 37% પરાલીનો હિસ્સો

#### 12% વાહનોનો ધુમાડો; હરિયાણામાં પણ ધોરણ 5 સુધીની સ્કૂલો ઓનલાઈન ચાલશે

(એજન્સી) નવી દિલ્હી । તા.17

દિલ્હીમાં પ્રદૂષણનું સ્તર સતત પાંચમા દિવસે ગંભીર કેટેગરીમાં નોંધાયું હતું. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (CPCB) મુજબ, રવિવારે સવારે 7 વાગ્યે દિલ્હીમાં 14 સ્થળોએ AQI 400+ નોંધવામાં આવ્યું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, દિલ્હીમાં 37% પ્રદૂષણ દિલ્હી અને આસપાસના રાજ્યોમાં પરાલી સળગાવવાથી થાય છે. તેમજ, 12% પ્રદૂષણ વાહનોના ધુમાડાને કારણે છે. દિલ્હીમાં પ્રદૂષણ ઘટાડવા માટે ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન (GRAP)નો ત્રીજો તબક્કો 15 નવેમ્બરથી લાગુ કરવામાં આવ્યો છે. અતિશય પ્રદૂષણ ફેલાવતા વાહનો પર પ્રતિબંધ મૂકવાની જોગવાઈ છે. GRAPના અમલીકરણના પ્રથમ દિવસે, ટ્રાફિક પોલીસે લગભગ 5.85 કરોડ રૂપિયાનો દંડ વસૂલ્યો હતો. દિલ્હી સિવાય હરિયાણાના ઘણા શહેરોમાં AQI 400ની નજીક પહોંચી ગયો છે. ભયજનક પ્રદૂષણને ધ્યાનમાં રાખીને, હરિયાણા સરકારે રાજ્યની તમામ સ્કૂલોમાં ધોરણ 5 સુધીના બાળકો માટે ઑનલાઇન વર્ગો ચલાવવાનો નિર્ણય લીધો છે.



### ભારતે હાઈપરસોનિક મિસાઈલનું કર્યું સફળ પરીક્ષણ, ચીન-પાકિસ્તાન બેચેન

(એજન્સી) નવી દિલ્હી । તા.17

DRDO એ 16 નવેમ્બર 2024 ના રોજ ઓડિશાના દરિયા કિનારે ડૉ એપીજે અબ્દુલ કલામ ટાપુ પરથી તેની લાંબા અંતરની હાઈપરસોનિક મિસાઈલનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું છે. જેની જાણકારી રક્ષા મંત્રી રાજનાથ સિંહ દ્વારા આપવામાં આવી હતી. આ હાઈપરસોનિક મિસાઈલને ભારતીય સશસ્ત્ર દળોની તમામ સેવાઓ માટે 1500 કિમીથી વધુની રેન્જમાં વિવિધ પેલોડ વહન કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. મિસાઈલને વિવિધ ડોમેન્સમાં તૈનાત વિવિધ રેન્જ સિસ્ટમ્સ દ્વારા ટ્રેક કરવામાં આવી હતી.

સ્વદેશી રીતે વિકસાવવામાં આવી છે આ મિસાઈલ આ મિસાઈલને ડો. એપીજે અબ્દુલ કલામ મિસાઈલ કોમ્પ્લેક્સ, હૈદરાબાદની લેબ અને અન્ય વિવિધ DRDO લેબ અને ઉદ્યોગ ભાગીદારો દ્વારા સ્વદેશી રીતે વિકસાવવામાં આવી છે. DRDO અને સશસ્ત્ર દળોના વરિષ્ઠ વિજ્ઞાનીઓની હાજરીમાં ટેસ્ટ કરવામાં આવ્યો હતો. DRDO દ્વારા આ અભૂતપૂર્વ સિદ્ધિ અદ્યતન હાઈપરસોનિક મિસાઈલ ટેક્નોલોજી ધરાવતા દેશોના પસંદગીના જૂથમાં ભારતની સ્થિતિને મજબૂત બનાવે છે. આ મિસાઈલ ભારતની વધતી જતી આત્મનિર્ભરતા અને 'મેક ઈન ઈન્ડિયા' પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. હાઈપરસોનિક મિસાઈલો ઉપરના વાતાવરણમાં ધ્વનિની ગતિ કરતાં પાંચ ગણી વધુ ઝડપે મુસાફરી કરે છે. આ રીતે તે લગભગ 6,200 કિમી પ્રતિ કલાક (3,850 mph)ની ઝડપ ધરાવે છે.

### હવે ચીનની અવળચંડાઈ સામે તરત જવાબ આપી શકશે સેના

#### લેહથી પેંગોંગ સુધી ટનલ બનાવવાની તૈયારીમાં સરકાર

(એજન્સી) લેહ । તા.17

કેન્દ્ર સરકાર દ્વારા લેહથી પેંગોંગને જોડતી ટનલ બનાવવામાં આવશે. આ ઉપરાંત કેન્દ્ર કેલા પાસ દ્વારા 7-8 કિલોમીટર લાંબી ટ્વીન ટ્યુબ ટનલ બનાવવાના વિકલ્પ પર પણ વિચાર કરી રહી છે. લદ્દાખના યુટી એડમિનિસ્ટ્રેશને કેન્દ્ર સરકારને તેનો પ્રસ્તાવ મૂક્યો છે. મહત્ત્વનું છે કે, લેહથી પેંગોંગ તળાવ સુધીની આ ટનલ દ્વારા મુસાફરો અને સેનાને સરળ પરિવહન સુવિધા મળી રહેશે. આ ઉપરાંત ખાસ વાત એ છે કે, આ ટનલના નિર્માણથી ભારતને વ્યૂહાત્મક રીતે ફાયદો થશે. ત્યારે ચીન હવે ભારત વિરુદ્ધ LAC પર કોઈપણ માધ્યમનો ઉપયોગ કરતા પહેલા 10 વાર વિચારશે. માહિતી પ્રમાણે ગૃહ મંત્રાલયે એક અઠવાડિયે પહેલા આ મુદ્દે બેઠક યોજી છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ પ્રોજેક્ટ પાછળ અંદાજે રૂ. 6,000 કરોડનો ખર્ચ થવાની શક્યતા છે. તેમજ આ એક એક મુશ્કેલ અને ખૂબ મોટી કિંમતનો પ્રોજેક્ટ છે.

### 'હું મુખ્યમંત્રી પદની રેસમાં નથી': ફડણવીસ બાદ શિંદેએ કહ્યું- આગામી CM પણ મહાયુતિમાંથી જ હશે

(એજન્સી) મુંબઈ । તા.17



મહારાષ્ટ્રમાં મતદાનના બે દિવસ પહેલા સીએમ એકનાથ શિંદેએ રવિવારે કહ્યું કે તેઓ સીએમ પદની રેસમાં નથી. આજતક સાથે વાત કરતા તેમણે કહ્યું કે એ પણ નિશ્ચિત છે કે સીએમ મહાયુતિના જ હશે. એક દિવસ પહેલા મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસે ANI સાથે વાત કરતા આ જ વાત કરી હતી. સીએમ શિંદેએ આજતકને કહ્યું- કોંગ્રેસની નીતિ ભાગલા પાડો અને રાજ કરો. બાળાસાહેબ ઠાકરેને રાહુલ ગાંધી ક્યારે હિન્દુ હૃદય સમ્રાટ કહેશે? શિંદેએ કહ્યું કે બાળાસાહેબ ઠાકરે કહેતા હતા કે હું ક્યારેય મારી પાર્ટીને કોંગ્રેસ નહીં બનવા દઉં, પરંતુ ઉદ્ધવ ઠાકરે પોતાના સ્વાર્થ માટે અને મુખ્યમંત્રી બનવા કોંગ્રેસ સાથે ગયા. શિંદેએ પીએમ મોદીના 'જો આપણે એક છીએ, તો સુરક્ષિત છીએ'ના નારાનું પણ સમર્થન કર્યું હતું. મહારાષ્ટ્રની તમામ 288 વિધાનસભા બેઠકો માટે 20 નવેમ્બરે એક જ તબક્કામાં મતદાન થશે. તેનું પરિણામ 23મી નવેમ્બરે આવશે.

# ગ્રુપ ગ્રામ પંચાયત ગારખડીની ગત સભા બરખાસ્ત કરતા આગામી ખાસ ગ્રામ સભાનું આયોજન કરાયુ

સુશીલ પવાર : ડાંગ

ડાંગ જિલ્લાનાં સુબીર તાલુકા પંચાયતમાં સમાવિષ્ટ ગ્રુપ ગ્રામ પંચાયત ખાતે 14 નવેમ્બરનાં રોજ સભાનું આયોજન કરવામાં આવ્યું હતુ.જોકે અગાઉના બાકી કામોમાં ગ્રામ પંચાયતનું મકાન બાંધકામ અને ધારાસભ્ય ફંડમાંથી મળેલ ટેન્કર બાબતે પ્રશ્નનો નિકાલ ન થતા ઉગ્ર રજુઆતનાં પગલે બે પ્રતિનિધિઓ વચ્ચે મારામારી થઈ હતી.અગાઉની ગ્રામસભામાં પ્રશ્નોનો નિકાલ ન થતા ગ્રામ સભા ગ્રામજનો દ્વારા બરખાસ્ત કરવામાં આવી હતી.ત્યારે આગામી તારીખ 18 નવેમ્બરનાં રોજ ગ્રુપ ગ્રામ પંચાયત ગારખડી ખાતે ખાસ ગ્રામસભાનું આયોજન કરવામાં આવેલ છે.સુબિર તાલુકા પંચાયતમાં સમાવિષ્ટ ગ્રુપ ગ્રામ પંચાયત ગારખડી ખાતે તાલુકા લાયઝન અધિકારી મંયકભાઈ, બી.આર. એસ. ભુપેન્દ્રભાઈ તથા તલાટી કમ મંત્રી નારાયણભાઈ ઠાકરેની ઉપસ્થિતમાં ગત તા.14/11/2024 ના રોજ ગ્રામ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે ગ્રામ સભામાં હાજર ગારખડી ગ્રુપ ગ્રામ પંચાયતના માજી સરપંચ બાલુભાઈ વળવીએ મુદ્દો ટાંકતા જણાવ્યું હતુ કે ગ્રુપ ગ્રામ પંચાયતનું મકાન વર્ષ 2022-23માં મનરેગા યોજના અંતર્ગત મંજૂર થયુ હતુ. જે ગ્રામ પંચાયતનું મકાન આજદિન સુધી કેમ પૂર્ણ કરવામાં આવ્યું નથી. તેમજ વર્ષ 2022-23માં ધારાસભ્ય ફંડમાંથી મળેલા પાણીનાં ટેન્કરનો આજદિન સુધી હિસાબ મળ્યો નથી. જે પ્રશ્નો રજૂ કરતાં ગ્રામ સભા ઉગ્ર અને તોફાની બની હતી.માજી સરપંચ દ્વારા રજૂ કરાયેલા બે પ્રશ્નોને લઈને તાલુકા પંચાયતનાં સદસ્યનાં પ્રતિનિધિ ઈશારામભાઈ રાજ્યાભાઈ બહીરમ એકદમ ઉશ્કેરાઈ ગયા હતા.અને ગ્રામસભામાં અધિકારીઓની ઉપસ્થિતમાં જ આ પ્રતિનિધિએ માજી સરપંચ સાથે ખુલ્લા હાથ વડે મારામારી કરતા અફરા તફરીનો માહોલ સર્જાયો હતો.અહીં અધિકારીઓની ઉપસ્થિતમાં જ બે આગેવાનો વચ્ચે મારામારી થતાં ચકચાર મચી જવા પામી હતી. વધુમાં પાણીના ટેન્કરનાં હિસાબ સહિત આ મારામારીનાં બનાવનાં પગલે ગ્રામજનોએ ગ્રુપ ગ્રામ પંચાયત ગારખડીની ગ્રામસભાનો બહિષ્કાર કર્યો હતો.જે બાદ તલાટી કમ મંત્રીએ તાલુકા વિકાસ અધિકારી સુબિરને રિપોર્ટ રજૂ કર્યો હતો.ત્યારે પ્રશ્નનું નિરાકરણ થાય તે હેતુથી તા.18/11/2024ના રોજ સવારે 11 કલાકે ગ્રુપ ગ્રામ પંચાયત કચેરી ગારખડી ખાતે ખાસ ગામ સભા નું આયોજન કરવામાં આવેલ છે.

# કારેલી ગામે નેચરલ વિલેજ ગ્રુપ, નર્મદાના યુવામિત્રો દ્વારા પહેલીવાર રક્તદાન કેમ્પનું આયોજન કરાયું

ભરત શાહ : રાજપીપળા

નેચરલ પીપલ્સ વેલ્ફેર ફાઉન્ડેશન દ્વારા સંચાલિત નેશનલ કોલેજ ગ્રૂપ - નર્મદા આયોજીત ગરૂડેશ્વર તાલુકાના પૂર્વ વિસ્તારના સૌ રક્તદાતા અને સહભાગી યુવા મિત્રોના સહીયારા પ્રયાસથી આ વિસ્તારમાં પહેલો 'રક્તદાન કાર્યક્રમ' યોજાયો હતો જેમાં નઘાતપોર જીલ્લા પંચાયતનાં સભ્ય ડૉ. નીતેશ તડવી, ગ્રુપ.ગ્રા.પંચાયત ઑરપાના સરપંચ ભાણાભાઈ તડવી, નેચરલ વિલેજ ગ્રુપ નર્મદાનાં અધ્યક્ષ ભરત તડવી,



કારેલી ગામના વડિલ નયનાબેન તડવી તેમજ યુવામિત્રો માં વિજયભાઈ, રજનીશભાઈ, વિશાલભાઈ તથા રેડ ક્રોસ બ્લડ બેંક ના સ્ટાફ અને દરેક ગામથી માનવતાના કાર્યોમાં સહભાગી થયેલ યુવામિત્રો દ્વારા દિપ પ્રાગટય કરી કાર્યક્રમ ની શરૂઆત કરી ૫૩ થી પણ વધું યુવા મિત્રોએ પોતાનું રક્તદાન તેમજ રક્ત નું ટેસ્ટિંગ કરાવી કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો. NVG ગ્રૂપ - નર્મદા નાં અધ્યક્ષ ભરત એસ તડવી અને સરપંચ ભાણાભાઈ તડવી એ વિશેષ જણાવ્યું હતુ કે આ કાર્યક્રમ આ વિસ્તાર માં પહેલો રકતદાન કાર્યક્રમ થયો છે જેમાં સૌ રકતદાતાઓ નો સારો પ્રતિસાદ રહ્યો છે અને આવનાર દિવસો માં દરેક ગામના સરપંચ , વડીલો તેમજ યુવા મિત્રોનો આવોજ સહયોગ રહેશે તો સમાજ અને આ વિસ્તાર ને ઉપયોગીમાં વિશેષ સેવા કાર્યો થતાં રહેશે એવી લાગણીઓ વ્યક્ત કરી હતી.

# શિયાળાના શ્રી ગણેશ : તાપમાનનો પારો નીચે પહોંચ્યો અસહ્ય ગરમી બાદ મોડેથી ઠંડી ની શરૂઆત થતાં લોકોમાં તાજગી

કિશોર આર. સોલંકી : જાફરાબાદ

વરસાદ અને આકરી ગરમીનો અનુભવ કર્યા બાદ હવે જાફરાબાદ પંથકમાં શિયાળાના શ્રી ગણેશ થયા છે. તાપમાનનો પારો નીચે પહોંચતા લોકો ફૂલગુલાબી ઠંડીમાં તાજગીનો અનુભવ કરી રહ્યા છે. જાફરાબાદ છેલ્લા એક સપ્તાહ જેટલા સમયથી તાપમાનનો પારો નીચો જતા જેમાં ખાસ કરીને રાત્રીના સમયે તાપમાન નીચું જતું રહે છે ત્યારબાદ ગઈકાલે તાપમાનનો પારો ગગડયો હતો અને લઘુત્તમ તાપમાન ૧૬.૫ ડિગ્રી એ પહોંચી ગયું હતું ત્યારે હવામાન વિભાગે પણ આગામી દિવસોમાં ઠંડીનો રાઉન્ડ શરૂ થશે તેવું જણાવતા



હવે અગામી સમયમાં નગરજનોને ગરમીથી રાહત અનુભવાશે જાફરાબાદ માં શિયાળાનો વિધીવત પ્રારંભ થયો છે. વર્ષે ચોમાસા દરમિયાન ભારે વરસાદ અને ત્યારબાદ આકરી ગરમીનો અનુભવ કરી ચૂકેલા લોકો મોડે મોડે હાલ શિયાળાની ફૂલગુલાબી ઠંડી પડવાને કારણે તાજગી અનુભવી રહ્યા છે. કશ્મીરમાં બરફ વર્ષા શરૂ થઈ હોવાથી બરફીલા પવનો ફૂંકાવાનુ શરૂ થશે જેથી આગામી દિવસોમાં જાફરાબાદ સહિત સૌરાષ્ટ્રમાં શિયાળાની હાડ થીજાવી દે તેવી ઠંડીનો અનુભવ લોકો આગામી દિવસોમાં કરશે તેવું હવામાન નિષ્ણાતો એ જણાવ્યું છે.

# પ્રકૃતિના ખોળે રહી પ્રાકૃતિક ખેતી કરતા દેડિયાપાડા તાલુકાનો ખેડૂતમિત્ર શ્રી રામજીભાઈ વસાવા

## ખેડૂતમિત્રશ્રી રામજીભાઈને સરકારશ્રીની અનેક સહાયો મળતા આભાર માન્યો, બેસણા ગામના ખેડૂતમિત્રએ ખેતરમાં તુવેર, મકાઈ, નાગલી, મરચા અને મેથી કરીને આત્મનિર્ભર બન્યા

રાજપીપલા । તા.17

નર્મદા જિલ્લાના અંતરિયાળ વિસ્તારના આદિવાસી લોકો પ્રાકૃતિક ખોળે રહી પ્રકૃતિમય જીવનનો લ્હાવો લેતા હોય છે સાથે-સાથે પ્રાકૃતિક ખેતી સાથે પણ સંકળાયેલા હોય છે. આદિવાસી સમાજ મોટા ભાગે ખેતી પર આત્મનિર્ભર હોય છે. જેમાં મુખ્ય પાક જોઈએ તો કપાસ, ડાંગર, મકાઈ, જુવાર, દાદર, તુવેર, મગફળી, ચણા, સહિત વિવિધ પ્રકારની શાકભાજી કરતા હોય છે. નર્મદા જિલ્લાના કેટલાક ખેડૂતોમિત્રો પ્રાકૃતિક ખેતી સાથે સંકળાયેલા અને પ્રાકૃતિક



ખેતી કરતા હોય છે. એવા જ એક ખેડૂતમિત્ર જે બેસણા ગામમાં રહે છે. અને પ્રાકૃતિક ખેતી કરે છે. દેડિયાપાડા તાલુકાના ખેડૂતમિત્રશ્રી રામજીભાઈ વસાવાએ પ્રાકૃતિક ખેતી કરી પરિવારને આર્થિક રીતે મદદરૂપ બને છે. આ ખેડૂતે ખેતરમાં આંબાની વાડી કરેલ છે. જેમાં મકાઈ અને તુવેર જેવા પાકોનું વાવેતર કરે છે. દૈનિક રોજબરોજની આજીવિકાના ખર્ચા માટે ગામ સહિત આજુબાજુના વિસ્તારમાં મરચા અને મેથીની ભાજીનું વેચાણ કરે છે. મેથીની ભાજી આરોગ્ય માટે ખુબ ઉત્તમ હોવાથી એનો પણ સારો એવો વેચાણ થાય છે. તદ્દ ઉપરાંત ગાદી કયારા પદ્ધતિનો ઉપયોગ કરીને ડુંગળીની ધરું વાડિયું તૈયાર કરેલું છે. જે ડુંગળીના વેચાણ કરતા ધરૂની કિંમત વધારે હોવાથી સારી એવી કમાણી કરે છે. આ ખેતી માત્ર શિયાળા પુરતી નહી પણ બારેમાસને ધ્યાને લઈને ખેતરમાં વિવિધ પ્રકારની શાકભાજી, કઠોળ અને ધાન્ય પાક કરે છે. સરકારશ્રી દ્વારા મિલેટ્સને પ્રાધાન્ય આપી સૌને મિલેટ્સની ખેતી કરવા માટે આહ્વાન કરવામાં આવી રહ્યા છે. ત્યારે આ ખેડૂતમિત્રશ્રીએ પણ ખેતરમાં નાગલી, જુવારની ખેતી કરી અન્ય ખેડૂતોને મિલેટ્સની ખેતી કરવા માટે પ્રેરિત કર્યા છે. રામજીભાઈએ જણાવ્યું હતું કે, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દેડિયાપાડા અને આત્મા પ્રોજેક્ટના અધિકારીશ્રીઓ દ્વારા તાલીમ મેળવી પ્રાકૃતિક કૃષિ તરફ પ્રયાણ કર્યુ છે. અને ખાસ કરીને ખેડૂતમિત્રોના ગૃપ થકી મને ઘણુ પ્રોત્સાહન મળે છે.

# ઝાલોદ વિધાનસભાનો સ્નેહ મિલન કાર્યક્રમ ગુરુ ગોવિંદ ધામ કંબોઈ ખાતે યોજયો

દિપક રાવલ દાહોદ

130 - ઝાલોદ વિધાનસભા નો સ્નેહમિલન કાર્યક્રમ ગુરુ ગોવિંદ ધામ કંબોઈ ખાતે યોજવામાં આવ્યો હતો રાજ્ય સરકારના કૃષિ અને પંચાયત મંત્રી બચુભાઈ ખાબડ સાહેબ, પૂર્વ કેન્દ્રીય મંત્રી દાહોદ સાંસદ જશવંત સિંહ ભાભોર સાહેબ શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઈ ડિંડોર ઝાલોદ ધારાસભ્ય મહેશભાઈ ભુરીયા તેમજ પાર્ટીના કાર્યકર્તાઓ દ્વારા ઢોલ નગારા શરણાઈ તેમજ પુષ્પ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું ગુરુ ગોવિંદ ધામના દર્શન કરી પરીસર મા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો કાળી મહુડી પ્રાથમિક શાળાની બાળાઓ દ્વારા સ્વાગત ગીત રજૂ કરીને મહાનુ ભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું . પૂર્વ કેન્દ્રીય મંત્રી સાંસદ જશવંતસિંહ ભાભોર, રાજ્ય સરકારના કૃષિ અને પંચાયત મંત્રી બચુભાઈ ખાબડ, શિક્ષણ મંત્રી ડો.



કુબેરભાઈ ડીંડોર દ્વારા શાળાની બાળાઓને 11,000 નું ઈનામ પ્રોતસાહિત કરવામાં આવ્યું હતું આવેલ મહાનુભાવોનું સાલ, બંડી, પુષ્પમાળા થી સ્વાગત કરવામાં આવ્યું હતું 130- ઝાલોદ વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ ભુરીયાએ નવું વર્ષ ફળદાય નીવડે તેવી શુભેચ્છા પાઠવી હતી વધુમાં તેમણે જણાવ્યું હતું કે પાછલી ટર્મમાં કોંગ્રેસનું શાસન હોવાથી અસંખ્ય કામો અટવાય પડ્યા હતા હવે ભાજપનું શાસન આવતા અટવાયેલા અસંખ્ય કામોનો સરળતાથી વિકાસ થશે કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારની વિવિધલક્ષી યોજનાઓનો છેવાડા ના માનવી સુધી તેનો લાભ પહોંચે તે માટે સરકાર કટિબદ્ધ છે તેમ જણાવ્યું હતું રાજ્ય સરકારના કૃષિ અને પંચાયત મંત્રી બચુભાઈ ખાબડ તેમની આગવી શૈલીમાં પ્રવચન કરી દિવાળી અને નવા વર્ષની શુભકામનાઓ પાઠવી હતી પૂર્વ કેન્દ્રિય દાહોદ સાંસદ જશવંતસિંહ ભાભોરે જણાવ્યું હતું કે રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા અનેક પ્રકારની યોજનાઓ અમલ મા મુકવામાં આવી છે ખાસ કરીને આદિવાસી વિસ્તાર માટેની ખાસ યોજનાઓનો લાભ દાહોદ જિલ્લા ને વિશેષ પ્રમાણમાં મળ્યો છે તેમ જણાવ્યું હતું આ પ્રસંગે 130- ઝાલોદ ધારાસભ્ય મહેશભાઈ ભુરીયા, રાજ્ય સરકારના કૃષિ અને પંચાયત મંત્રી બચુભાઈ ખાબડ, શિક્ષણ મંત્રી ડો કુબેરભાઈ ડિંડોર તાલુકા પ્રમુખ , જિલ્લા પ્રમુખ,તાલુકા સભ્યો, જિલ્લા સભ્યો, સરપંચો, પાર્ટીના વરિષ્ઠ કાર્યકર્તાઓ પત્રકાર મિત્રો સંગઠનના હોદ્દેદારો પ્રજાજનો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા

# ચાણસ્મા તાલુકાના સેવાળા ગામના અલખ ઘણી રામદેવપીર ના ચાર સેવકો ધોડેસવારી દ્વારા રામદેવરા દર્શને જઈ અલખ ઘણી ના આશિર્વાદ મેળવ્યા

નિતીન ઠાકર ચાણસ્મા

ચાણસ્મા તાલુકા ના સેવાળા ગામ ના અલખ ઘણી રામદેવ પીર ના ચાર સેવકો ધોડેસવારી દ્વારા. રાજસ્થાન માં આવેલા જૂના રણુજા ધામે દર્શનાર્થે ગયા હતા સેવાળા થી જૂના રણુજા અંદાજે ૫૫૦ થી વધારે કિલોમિટર નું પાંચ દિવસે અંતર કાપી અલખ ઘણી રામદેવ પીર ના મંદિરે પહોંચી સિદ્ધ રામદેવપીર ભગવાન ના આશિર્વાદ મેળવી ધન્યતા અનુભવી હતી ચાણસ્મા ના સેવાળા ગામે રામદેવરા ધોડેસવારી દ્વારા સેવાળા ગામના પૂર્વ સરપંચ એવં હાલના તાલુકા સદસ્ય ગિરીશભાઈ રબારી સહિત ચાર ધોડે સવારો સાથે ના ધોડેસવાર ભકત જનો નું રસ્તા માં લોકો દ્વારા સ્વાગત કરાયું હતું.



# ૭૧ લાખ સરકારી કર્મચારીઓને નવી પેન્શન યોજના મંજૂર નથી

એનપીએસમાં સુધારો કરીને કેન્દ્ર સરકારે 'યુનિફાઈડ પેન્શન સ્કીમ' (યુપીએસ) લાગુ કરી છે. દેશના ૯૧ લાખથી વધુ સરકારી કર્મચારીઓ જૂની પેન્શન સ્કીમ ચાલુ રાખવા માટે હવે રાષ્ટ્રવ્યાપી આંદોલન કરવાના છે. આ માટે ઓલ ઈન્ડિયા એનપીએસ એમ્પ્લોઈડ ફેડરેશન (એઆઈએનપીએસઈએફ)ના બેનર હેઠળ સંગઠનની રચના કરવામાં આવી છે. આંદોલનનું નામ 'નેશનલ મિશન ફોર ઓલ્ડ પેન્શન સ્કીમ ભારત' રાખવામાં આવ્યું છે. દિલ્હીના જંતરમંતર ખાતે આજે મહારેલીનું આયોજન પણ થયું છે. વડાપ્રધાન મોદીના સરકારી કર્મચારીઓને સમજાવવાના પ્રયત્નો નિષ્ફળ ગયા છે. છત્રપતિ શંભાજીનગરની નવ વિધાનસભા બેઠકો પર કાંટાની ટક્કર મહારાષ્ટ્રમાં એક જમાનામા શિવસેનાનો ગઢ ગણાતા ઔરંગાબાદ જિલ્લાની નવ વિધાનસભા બેઠકો પર આ વખતે કાંટાની ટક્કર છે. ઔરંગાબાદનું નામ બદલીને મહાયુતિ સરકારે છત્રપતિ શંભાજીનગર કર્યું છે. મહાયુતિ ગઠબંધન ઔરંગાબાદના નામફેરની ક્રેડીટ લઈને પ્રચાર કરે છે. આ ઉપરાંત આ ૯ બેઠકો પર બટેંગે તો કટેંગેનું સૂત્ર પણ ગાજી રહ્યું છે. બીજી તરફ મહાવિકાસ અઘાડીના પક્ષો મરાઠા અનામતને કેન્દ્રમાં રાખીને ચૂંટણી પ્રચાર કરે છે. છત્રપતિ શિવાજીનગર જિલ્લાને મરાઠાવાડાની રાજનીતીનો ગઢ ગણાય છે. શિવસેના તૂટયા પછી આ વિસ્તારના મોટા ભાગના ધારાસભ્યો એકનાથ શિંદેની સાથે રહ્યા હતા. આ ૯ બેઠકો પર મુખ્યત્વે લડાઈ શિવસેના (એકનાથ શિંદે) અને શિવસેના (ઉદ્ધવ ઠાકરે) વચ્ચે છે.

**૮૩ વર્ષના શરદ પવારે ચાલુ વરસાદે પણ સંબોધન પૂરું કર્યું**

એનસીપીના સ્થાપક શરદ પવાર કોલ્હાપુર જિલ્લાના ઈચલકરંજી ખાતે ચૂંટણી સભા સંબોધી રહ્યા હતા. એ વખતે એકાએક વરસાદ શરૂ થઈ ગયો હતો છતાં ડગ્યા વગર શરદ પવારે પોતાનુ સંબોધન ચાલુ રાખ્યું હતું. પવારનો સ્ટેમિના જોઈને એમને સાંભળવા આવેલા લોકોએ તાળીઓ પાડી હતી. પવારે ૧૫ મીનીટ સુધી ચાલુ વરસાદે રેલીને સંબોધી હતી. પવારે કહ્યું હતું કે, મને વરસાદ સાથે કોઈ સંબંધ નથી આમ છતાં મારા સંબોધન વખતે જ વરસાદ ચાલુ થયો એ સારી નિશાની છે અને ચૂંટણીનું પરિણામ આપણા પક્ષની તરફેણમાં જ આવશે. કોલ્હાપુર જિલ્લામાં શરદ પવારનું વર્ચસ્વ હજી પણ અકબંધ છે.

**શિંદેની ચાલબાજી, ફડણવિસને મુખ્યમંત્રી નહી બનવા દે**

મહારાષ્ટ્ર ભાજપના કેટલાક નેતાઓ ખાનગીમાં દેવેન્દ્ર ફડણવિસને મહારાષ્ટ્રના ભાવિ મુખ્યમંત્રી તરીકે પ્રોજેક્ટ કરી રહ્યા છે. મહારાષ્ટ્રના ચિત્રવિચિત્ર ચૂંટણી જંગમાં સાથી પક્ષના કેટલાક ઉમેદવારો અંદરખાનેથી એકબીજા સામે લડી રહ્યા છે. શિવસેના (એકનાથ શિંદે)ને જો ભાજપ કરતા વધુ બેઠકો મળે તો એકનાથ શિંદે કોઈપણ સંજોગોમાં ફડણવિસને મુખ્ય મંત્રી બનવા દેશે નહીં. આ માટેની તમામ તૈયારીઓ શિવસેના (એકનાથ શિંદે)એ કરી નાખી છે. નરેન્દ્ર મોદી અને અમિત શાહ જ્યારે મહારાષ્ટ્રમાં ચૂંટણી પ્રચાર માટે જાય છે ત્યારે દેવેન્દ્ર ફડણવિસને જીતાડવા માટે ખાસ અપીલ કરે છે. લોકસભાની ચૂંટણીમાં મહારાષ્ટ્ર ભાજપના નબળા દેખાવ પછી એમ મનાતું હતું કે, ફડણવિસના વળતા પાણી થયા છે. જોકે મહાયુતિની સરકાર ફરીથી બને તો ભાજપ અને શિવસેના (એકનાથ શિંદે) વચ્ચે મુખ્યમંત્રી બાબતે હૂંસાતૂંસી શરૂ થઈ જાય તો નવાઈ નહીં.

**ઝાંસી મેડિકલ કોલેજ દુર્ઘટના પછી કેટલાક સળગતા સવાલો**

ઉત્તર પ્રદેશના ઝાંસીમાં મહારાણી લક્ષ્મીબાઈ મેડિકલ કોલેજના બાળ વિભાગમાં આગ લાગવાથી નવજાત બાળકોના મૃત્યુ થયા એ સમાચાર દેશ આખામાં ફરી વળ્યા છે. આવી ઘટના બને છે ત્યારે નાના અધિકારીઓ સામે કાયદાકીય કાર્યવાહી થાય છે અને મોટી માછલીઓ બચી જાય છે. ગુજરાતમાં રાજકોટના ટીઆરપી અગ્નીકાંડ પછી લોકોના દબાણને કારણે કેટલાક ઉચ્ચ અધિકારીઓની ધરપકડ થઈ હતી. આની સામે જ્યારે ખાનગી મિલ્કતોમાં આગ લાગે છે ત્યારે સત્તાધિશો તરત જ સક્રીય થઈને મકાન માલિક કે બિલ્ડર સામે પગલા લે છે. વડોદરામાં રીફાઈનરીમાં આગ લાગી અને કેટલીક વ્યક્તિઓના મૃત્યુ થયા એ બાબતે હજી કોઈ પણ ઉચ્ચ અધિકારી કે મંત્રીની ધરપકડ થઈ નથી. સરકારની કબજા હેઠળની મિલકતોમાં જ્યારે દુર્ઘટના બને છે ત્યારે સૌથી ઉચ્ચ સ્થાને બેઠેલી વ્યક્તિને છોડી દઈને નીચેના સ્તરની વ્યક્તિઓની સામે જ કાયદાકીય પગલા લેવામાં આવે છે.

**આદિવાસી યોજનાઓ મુદ્દે કોંગ્રેસે એનડીએ સરકાર પર પ્રહાર કર્યા**

કોંગ્રેસે બિરસા મુંડાને ભારતના મહાન પુત્ર ગણાવ્યા છે. જયરામ રમેશે કટાક્ષમાં કહ્યું છે કે, 'હવે નોન બાયોલોજીકલ પ્રધાનમંત્રી બિહારના જમુઈમાં આદિવાસીઓના હિતેચ્છુ હોવાનો દેખાવ કરી રહ્યા છે. મોદીએ આજીવન આદિવાસીઓને અન્યાય કર્યો છે. નરેન્દ્ર મોદી દંભી છે. આદિવાસીઓ માટે એમણે બનાવેલી યોજના મજાક જેવી છે. ડો. મનમોહનસિંહની સરકાર હતી ત્યારે ૨૦૦૬ના વર્ષમાં વન અધિકારી અધિનિયમ (એફઆરએ) જેવો ક્રાંતિકારી કાયદો બનાવ્યો હતો. આ કાયદા હેઠળ જંગલોના અધિકાર વન વિભાગ પાસેથી લઈને સ્થાનીક ગ્રામસભાને આપવામાં આવ્યા હતા. આ



એક અગત્યનો સુધારો હતો. હવે નરેન્દ્ર મોદી બીએજેજેયુ કાયદો ભૂલી ગયા છે અને નવો કાયદો બનાવવા માંગે છે.

સિદ્દીકી હત્યા કેસનો માસ્ટર માઈન્ડ શ્રદ્ધા વોલ્કરનો બદલો લેવા માંગતો હતો

મુંબઈના એનસીપી નેતા બાબા સિદ્દીકીની હત્યાના માસ્ટર માઈન્ડ સુભમ લોનકર બાબતે એક નવી વાત બહાર આવી છે. થોડા સમય પહેલા દિલ્હીમાં લવ જેહાદનો ભોગ બનેલી શ્રદ્ધા વોલ્કરની ક્રૂરતાપૂર્વક હત્યા કરનાર આફતાબ પુનાવાલાની હત્યા કરવા માટે સુભમે ૨૦૨૨ના વર્ષમાં શ્રદ્ધા વોકરના હત્યારાને કોર્ટની તારીખે મારવાનું આયોજન કર્યું હતું. તિહાર જેલમાં કેદ આફતાબની હત્યા કરવા માટે સુભમ લોનકરને મુંબઈથી દિલ્હી બોલાવવામાં આવ્યો હતો. સુભમે એક મહિના સુધી રેકી પણ કરી હતી. દિલ્હી પોલીસની કડક સુરક્ષાને કારણે સુભમ આફતાબની હત્યા કરી શક્યો નહોતો.

**યુપીની કરહલ વિધાનસભા બેઠક પર યાદવ પરિવારનો પૂરજોશ પ્રચાર**

અખિલેશ યાદવ વિધાનસભામાં કરહલની બેઠક પરથી ચૂંટાયા હતા. આ બેઠક મુલાયમ સિંહ યાદવ અને તેમના પરિવારનો ગઢ ગણાય છે. અખિલેશ કન્નૌજની બેઠક પરથી લોકસભામાં ચૂંટાયા એટલે તેમણે ધારાસભ્યપદેથી રાજીનામું આપ્યું હતું. આ બેઠક પર અખિલેશના ભત્રીજા તેજ પ્રતાપને પેટા ચૂંટણીમાં ટિકિટ મળી છે. ભાજપે તેજ પ્રતાપને હરાવવાનો પડકાર ફેંક્યો છે અને યાદવ વોટબેંકને ધ્યાનમાં રાખીને અનુજેશ યાદવ નામના યુવા નેતાને ટિકિટ આપી છે. અનુજેશ યાદવ મુલાયમ સિંહ યાદવના નાના ભાઈ અભય રામ યાદવના જમાઈ છે એટલે એક રીતે યાદવ પરિવાર વચ્ચે જ જંગ જામ્યો છે. પરિણામે ડિંપલ યાદવ, શિવપાલ યાદવ સહિત આખોય યાદવ પરિવાર તેજ પ્રતાપને જીતાડવા માટે ધુંવાધાર પ્રચાર કરે છે.

**રાજસ્થાનમાં ચંબલ રિવરફ્રન્ટનો પ્રોજેક્ટ કોંગ્રેસનો, ક્રેડિટ ભાજપને**

રાજસ્થાનના કોટામાં ૧૫૦૦ કરોડના ખર્ચે કોંગ્રેસની સરકારે ચંબલ રિવરફ્રન્ટ બનાવ્યો હતો. અશોક ગેહલોતની સરકારમાં આ પ્રોજેક્ટ ખુલ્લો મૂકાયો હતો. પર્યટન સ્થળ તરીકે તેનો વિકાસ થયો હોવાથી અસંખ્ય પર્યટકો આ સ્થળે આવી રહ્યા છે. હજુય ત્યાં મોલ સહિતના અન્ય ડેવલપમેન્ટ પ્રોજેક્ટનું કામ ચાલી રહ્યું છે. રાજસ્થાન આવતા દેશ-વિદેશના પ્રવાસીઓ ચંબલ રિવરફ્રન્ટ જોવા આવે અને તેનું માર્કેટિંગ થાય તે માટે પ્રયાસો ચાલી રહ્યા છે. એ દરમિયાન હવે એને લઈને ભાજપ-કોંગ્રેસમાં ક્રેડિટ લેવાની હોડ જામી છે. કોંગ્રેસ કહે છે કે આ પ્રોજેક્ટ તેમની સરકારમાં બન્યો હતો, એ પછી વર્તમાન ભજનલાલ શર્માની સરકારે એક વર્ષ થવા આવ્યું છતાં અટકેલા કામો પૂરા કર્યા નથી. બીજી તરફ ભાજપ કહે છે કે ભજનલાલ શર્માની સરકારે જ પર્યટકો માટે અનુકૂળ માહોલ બનાવીને ટિકિટના દર નક્કી કર્યા છે.

બિરસા મૂંડા જન્મજયંતીની ઉજવણી

બિહારમાં, અસર ઝારખંડમાં

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આદિવાસી ક્રાંતિકારી જનનાયક બિરસા મૂંડાના ૧૫૦મા જન્મવર્ષની ઉજવણી કરી હતી અને બિહારના જમુઈમાં બિરસા મૂંડાને અંજલિ આપવાની સાથોસાથ ૬૬૪૦ કરોડના આદિવાસીઓને લગતા મેગા પ્રોજેક્ટની જાહેરાતો કરી. બિહારમાં ઉજવણી અને જાહેરાત કરીને ફાયદો બિહાર ઉપરાંત ઝારખંડમાં બંનેમાં મેળવવાની ભાજપની ગણતરી છે. બિહારમાં આવતા વર્ષે ચૂંટણી થવાની છે, ત્યાં આદિવાસી વોટબેંકને પોતાની તરફ વાળવાની કોશિશ તો ખરી જ, પરંતુ ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણી યોજાઈ રહી છે, બિહાર-ઝારખંડના આદિવાસીઓ સાંસ્કૃતિક રીતે કનેક્ટ છે એટલે ઝારખંડમાં પણ તેની અસર થાય એવી ભાજપની ગણતરી છે.

**નવા વડાના હીઝબુલ્લાહને આધુનિક બનાવવા પ્રયાસો : ડ્રોન હુમલા શરૂ**

હિઝબુલ્લાહના વડા હસન નસરલ્લાહ ઈઝરાયલના હુમલામાં ઠાર થયો તે પછી હિઝબુલ્લાહે કેટલાય સમયથી ગુરપમાં મહત્ત્વના લીડર એવા નઈમ કાસીમને નવા વડા તરીકે પસંદ કર્યો હતો. એ છેક ૧૯૯૨થી ઉપપ્રમુખ હતો. હિઝબુલ્લાહના અગાઉના ચીફ કરતા કાસીમ વધારે ટેકનોસેવી છે. તેણે સંગઠનને આધુનિક બનાવવાનું બીડું ઝડપ્યું છે. એ પ્રમુખ બન્યો તે સાથે જ પહેલી વખત ઈઝરાયલ પર હિઝબુલ્લાહે ડ્રોન હુમલા કર્યા હતા. ઈઝરાયલના વડાપ્રધાન નેતાન્યાહૂના ઘર પર ડ્રોન હુમલા કરીને હિઝબુલ્લાહે નેતાન્યાહૂને બંકરમાં છુપાઈ જવા મજબૂર કરી દીધા એ પાછળ કાસીમનો વ્યૂહ જવાબદાર હતો. હિઝબુલ્લાહને ઓળખનારા કહે છે કે અગાઉના લીડર્સ કરતાં કાસીમ વધારે ખતરનાક છે. આતંકી સંગઠન માટે ફંડ લાવી આપવામાં તે માહેર ગણાય છે.

રશિયામાં કપલની પહેલી ડેટનો ખર્ચ પુતિન ઉઠાવશે


રશિયામાં જન્મદર ખૂબ જ ઓછો થઈ રહ્યો હોવાથી પુતિને રશિયન નાગરિકોને બાળકો પેદા કરવા માટે પ્રોત્સાહન આપ્યું છે. રશિયામાં સેક્સ મંત્રાલય શરૂ કરવાની વાતો ચાલી રહી છે. આ મંત્રાલય રાતે અમુક કલાકો લાઈટ બંધ રાખશે, ટેલિવિઝન પ્રસારણ અને મોબાઈલમાં ઈન્ટરનેટ પણ નહીં આપે, તેનાથી દંપતી વચ્ચે મોબાઈલના કારણે વધી રહેલું શારીરિક અંતર ઘટાડવાનો પુતિનનો ઈરાદો છે. હવે પુતિનની સરકારે એવો સંકેત આપ્યો છે કે જે કપલ એકબીજાને સમજવા માગે છે અને એના માટે ડેટ પર જવાનું પસંદ કરશે, તેમની પહેલી ડેટનો ખર્ચ સરકાર ઉપાડશે. હોટેલમાં રહેવા-જમવાની સુવિધા આપવાની વિચારણા ચાલે છે અને પ્રેગનેન્સીની સ્થિતિમાં બંનેને ઈન્સેન્ટિવ પણ આપવાની યોજના છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# સિનિયરોના રેગિંગે MBBSના વિદ્યાર્થીનો જીવ લીધો?

## પાટણ મેડિકલ કોલેજના છાત્રનું અચાનક બેભાન થયા બાદ મોત; વોટ્સએપ ચેટમાં ખુલાસો

ગઈકાલે રાત્રે પાટણ-ઊંઝા રોડ પર આવેલી ધારપુર મેડિકલ કોલેજમાં એક વિદ્યાર્થી અચાનક બેભાન થયા બાદ મૃત્યુ પામ્યો છે. આ ઘટનાની જાણ થતા જ પોલીસ કોલેજમાં દોડી આવી હતી. હાલમાં યુવકના મૃતદેહને પીએમ અર્થે ખસેડાયો છે. બીજી તરફ એવી પણ ચર્ચા છે કે, કોલેજના જ સિનિયર વિદ્યાર્થીઓ દ્વારા રેગિંગ કરાતા યુવકનું મોત નીપજ્યું છે. જોકે, સાચું કારણ પીએમ રિપોર્ટ આવ્યા બાદ ખબર પડશે. આ ઘટના બાદ વિદ્યાર્થીના વોટ્સએપ ગ્રુપની ચેટ બહાર આવી છે. જેમાં વિસ્તાર વાઇઝ વિદ્યાર્થીઓને બોલાવીને રેગિંગ કર્યું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. પોલીસે હાલ અકસ્માતે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મૃતક અનિલ મેથાણિયા મૂળ સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકાના જેસડા ગામનો વતની છે. અને એક મહિના પહેલાં જ ધાનપુર મેડિકલ કોલેજમાં આવ્યો હતો.




### રેગિંગ પહેલાની ચેટ પણ સામે આવી

આ ઘટનામાં રેગિંગ પહેલાની ચેટ પણ સામે આવી છે. વોટ્સએપ ગ્રુપ થયેલી ચેટમાં વિદ્યાર્થીઓને શહેર અને વિસ્તાર પ્રમાણે બોલાવીને રેગિંગ કરવાની શંકા દર્શાવાઈ રહી છે. જેમાં વિદ્યાર્થીઓ પાસે ગ્રુપમાં કરાયેલ મેસેજ ડીલીટ કરાવવામાં આવ્યા છે અને અન્ય વિદ્યાર્થીઓ પણ રેગિંગનો ભોગ બન્યાની શંકાઓ ઉભી થઇ છે.



**અમને ત્રણ કલાક જેટલા ઉભા રાખ્યા: વિદ્યાર્થી:** આ અંગે એક વિદ્યાર્થીએ જણાવ્યું હતું કે, ગઈકાલે રાત્રે સાડા આઠ વાગ્યે અમને રુમમાં બોલાવવામાં આવ્યા હતા. જેનો મેસેજ વોટ્સએપમાં આવ્યો હતો. અમે ગયા ત્યાં અમને ક્યાંથી છો વગેરે પુછ્યું હતું. આ બાદ અમને બેસાડી દેવામાં આવ્યા હતા. એ બાદ એક અન્ય સિનિયર આવ્યા હતા, જેમણે અમને ત્રણ કલાક જેટલા ઉભા રાખ્યા હતા અને ઘણા સવાલો પુછ્યા હતા. આ દરમિયાન અમને માથુ નીચે રાખીને ઉભા રહેવા કહ્યું હતું અને એકદમ કડકાઈથી અમને બધુ પુછવામાં આવ્યું હતું. આ દરમિયાન અમારો સાથી વિદ્યાર્થી ઢળી પડ્યો હતો. જેને અમે હોસ્પિટલ લઈ આવ્યા હતા.

### એક મહિના પહેલાં ભણવા આવ્યો હતો: વિદ્યાર્થીના સગા

આ બાબત વિદ્યાર્થીના સગા ધર્મેન્દ્રભાઈ મેથાણિયા સાથે વાતચીત થતાં તેઓએ જણાવ્યું કે, એક મહિના પહેલાં જ ધારપુર મેડિકલ કોલેજમાં MBBSના પ્રથમ વર્ષમાં અભ્યાસ માટે અનિલને મૂક્યો હતો. ગઈકાલે કોલેજમાંથી ફોન આવ્યો કે, તમારો છોકરાને ચક્કર આવતાં તે પડી ગયો છે અને તેને એડિમિટ કર્યો છે. ત્યારબાદ અમે હોસ્પિટલ પહોંચ્યા તો ડોક્ટરે જણાવ્યું કે, યુવકનું મોત નીપજ્યું છે. હવે અનિલના મૃતદેહને પીએમ અર્થે ખસેડાયો છે, એટલે રિપોર્ટ બાદ હકીકત ખબર પડશે. પરંતુ કોલેજના જ અન્ય વિદ્યાર્થીઓ પાસેથી એવી વાતો સાંભળી છે કે, કોલેજના જ સિનિયર વિદ્યાર્થીઓ દ્વારા રેગિંગ કરવામાં આવ્યું હતું. અનિલને સતત ઊભો રાખવાના કારણે તે બેભાન થઈ ગયો હતો. અમારી વિનંતી છે કે અમને સરકાર અને કોલેજ તરફથી યોગ્ય ન્યાય મળે.

### જવાબદાર સામે શિક્ષાત્મક પગલાં લેવાશે: કોલેજના ડીન

બીજી તરફ આ મામલે ધારપુર મેડિકલ કોલેજના ડીન હાર્દિક શાહે જણાવ્યું કે, ગઈકાલે રાત્રે અનિલ મેથાણિયા નામનો વિદ્યાર્થી હોસ્ટેલમાં બેભાન થઈને પડી ગયો હતો. જેથી સારવાર અર્થે ખસેડાયો હતો. અમારા ડોક્ટરોએ તેની સારવાર કરવાના પ્રયાસો કર્યા પરંતુ તેનું મૃત્યુ થયું છે.

અમે અન્ય વિદ્યાર્થી સાથે પૂછપરછ કરી તો જાણવા મળ્યું છે કે, સિનિયર વિદ્યાર્થીઓએ અનિલને ત્રણેક કલાક ઊભા રાખીને ઈન્ટ્રોડક્શન આપવાની વાત કરી હતી. જે બાદ આ ઘટના બની છે. જો તપાસમાં રેગિંગની વાત બહાર આવશે તો અમારી કમિટી જવાબદાર સામે શિક્ષાત્મક પગલાં લેશે.

### AMCની નરેન્દ્ર મોદી મેડિકલ કોલેજમાં થયું હતું રેગિંગ

24 મે, 2024ના રોજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના મેડિકલ એજ્યુકેશન ટ્રસ્ટ (AMC MET) દ્વારા સંચાલિત મણિનગરની નરેન્દ્ર મોદી મેડિકલ કોલેજના 4 સિનિયર ડોક્ટરને રેગિંગ મુદ્દે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ચારેય સિનિયર ડોક્ટરો દ્વારા જુનિયર ડોક્ટરો પાસે રેગિંગ કરાવવામાં આવતું હતું. જુનિયર ડોક્ટરને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો.

તેમને સાત દિવસ સુધી જમવાનું નહીં, એક જ પ્રિસ્ક્રિપ્શનને 700 વાર સુધી લખાવતા એવી કનડગત કરવામાં આવતી હતી. આ મામલે નરેન્દ્ર મોદી મેડિકલ કોલેજની કાઉન્સિલને ફરિયાદ કરવામાં આવી હતી. જે તપાસ બાદ બે મહિલા અને બે પુરુષ ડોક્ટર સહિત ચાર ડોક્ટરોને સસ્પેન્ડ કરવાનો હુકમ કરવામાં આવ્યા હતા.

### 5 વર્ષમાં રાજ્યમાં બનેલી રેગિંગની ઘટનાઓ

- ડિસેમ્બર 2021 - જામનગરની સરકારી ફિઝિઓથેરાપી કોલેજમાં રેગિંગ
- ફેબ્રુઆરી 2022 - અમરેલીની નવોદય સ્કૂલમાં વિદ્યાર્થીનું 5 દિવસ રેગિંગ
- માર્ચ 2022 - સુરતની સ્મીમેર હોસ્પિટલમાં નિવાસી તબીબો દ્વારા રેગિંગ
- માર્ચ 2022 - આણંદની કામધેનું યુનિવર્સિટીમાં વિદ્યાર્થીનું રેગિંગ
- એપ્રિલ 2022 - વસ્ત્રાપુરની કેન્દ્રીય વિદ્યાલયમાં વિદ્યાર્થી સાથે રેગિંગ
- એપ્રિલ 2022 - GLS કોલેજમાં વિદ્યાર્થિની સાથે થયેલા રેગિંગ
- ઓક્ટોબર 2022 - મારવાડી યુનિવર્સિટીની હોસ્ટેલમાં વિદ્યાર્થીનું રેગિંગ
- ડિસેમ્બર 2022 - GLS યુનિ.માં ABVPના કાર્યકર્તાઓ દ્વારા રેગિંગ
- ડિસેમ્બર 2022- બી. જે. મેડિકલ કોલેજમાં 7 જુનિયર ડોક્ટરનું સિનિયર્સ દ્વારા રેગિંગ
- 2019 - બી.જે.મેડિકલ કોલેજમાં સિનિયર વિદ્યાર્થીઓ દ્વારા રેગિંગ

### રેગિંગ કરનારાને બે વર્ષની જેલ, 10 હજારનો દંડ

- વર્ગો અને શૈક્ષણિક વિશેષાધિકારોમાં હાજરી આપવાનું સસ્પેન્શન.
- શિષ્યવૃત્તિ-ફેલોશિપ અને અન્ય લાભો રોકવા.
- કોઈપણ કસોટી-પરીક્ષા અથવા અન્ય મૂલ્યાંકન પ્રક્રિયામાં હાજર રહેવા પર પ્રતિબંધ.
- પરિણામો પર રોક અથવા પરિણામો રોકવાં.
- કોઈપણ પ્રાદેશિક, રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય મીટ, ટુર્નામેન્ટ, યુવા ઉત્સવ વગેરેમાં સંસ્થાનું પ્રતિનિધિત્વ કરવા પર પ્રતિબંધ.
- એડમિશન રદ કરવું અથવા 1થી 4 સેમેસ્ટર માટે રસ્ટિકેશન.
- હોસ્ટેલમાંથી સસ્પેન્શન, હાંકી કાઢવા.
- સંસ્થામાંથી હાંકી કાઢવા, ચોક્કસ સમયગાળા માટે અન્ય કોઈપણ સંસ્થામાં પ્રવેશ પર પ્રતિબંધ.
- પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રેગિંગ કરનાર, ભાગ લેનાર, પ્રોત્સાહન આપનારા વિદ્યાર્થીને બે વર્ષની મુદત માટે જેલની સજા કરાશે. 10 હજાર સુધીનો દંડ કરાશે.
- શૈક્ષણિક સંસ્થામાંથી બરતરફ કરાશે. બરતરફીના આદેશની તારીખથી પાંચ વર્ષ સુધી અન્ય કોઈ શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ નહીં અપાય.
- યુનિવર્સિટી પર પણ કડક શિક્ષાત્મક પગલાં લેવાઈ શકે છે.

## વાહન ચલાવવા બાબતે 7 દિવસમાં બીજું મર્ડર:સુરતમાં ગાડી સાઈડમાં કરવા બાબતે માથાકૂટ બાદ BOBના પ્યૂન પર વાન ચડાવી, 150 મીટર ઢસડતાં મોત

(એજન્સી) સુરત | તા. 17

વાહન ચલાવવા મુદ્દે અમદાવાદના બોપલ બાદ સુરતમાં હત્યા કરવામાં આવી છે. સુરતના કતારગામમાં જાહેર રસ્તા પર હત્યાના હચમચાવી નાખતા સીસીટીવી સામે આવ્યા છે. ગાડી સાઈડમાં કરવાની નજીવી બાબતે માથાકૂટ થયા બાદ આધેડ પર પિકઅપ વાન ચડાવી દેવામાં આવી હતી. એટલેથી પણ ન અટકતા યુવકને 150 મીટર જેટલો ઢસડવામાં આવ્યો હતો. જેના પગલે તેનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. હાલ તો આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ જવા પામી છે. આ પહેલાં અમદાવાદના બોપલમાં 10 નવેમ્બરના રોજ કાર ધીમી ચલાવવાની ટકોર કરવા બાબતે બોલાચાલી થતાં MICA કોલેજના વિદ્યાર્થી પ્રિયાંશુ જૈનની હત્યા કરવામાં આવી હતી. આ વિદ્યાર્થીની હત્યા પોલીસ કોન્સ્ટેબલ વીરેન્દ્રસિંહ પઢેરિયા દ્વારા કરવામાં આવી હતી. જેને પોલીસે પંજાબથી ઝડપી લીધો હતો. આમ 7 દિવસમાં વાહન ચલાવવા મુદ્દે 2 હત્યા થઈ છે. વાંચો સંપૂર્ણ અહેવાલ

મળતી માહિતી પ્રમાણે સુરતના કતારગામ વિસ્તારમાં જિતેન્દ્ર કંથારિયા નામના આધેડ કે જેઓ બેંક ઓફ બરોડામાં પ્યૂન તરીકે ફરજ બજાવતા હતા. ગતરોજ કતારગામ વિસ્તારમાં આવેલા રત્નમાલા સર્કલ નજીક ગાડી લઈને ગયા હતો. દરમિયાન મયૂર મેર નામના યુવક સાથે તેની ગાડી સાઈડમાં કરવા બાબતે ઝઘડો થયો હતો. પહેલા બોલાચાલી સાથે શરૂ થયેલો ઝઘડો ઉગ્ર બની ગયો હતો. મયૂર મેર એટલો ઉશ્કેરાઈ ગયો હતો કે તેણે જિતેન્દ્રને મોતને ઘાટ ઉતારી દીધા હતા.

ઉશ્કેરાઈ ગયેલા મયૂરે જિતેન્દ્ર પર પિકઅપ વાન ચડાવી દીધી હતી. જેના કારણે જિતેન્દ્ર કંથારિયા પિકઅપ વાનના આગળના ટાયરની નીચે આવી ગયા હતા. ત્યારબાદ મયૂરે પિકઅપ વાનને ફુલ સ્પીડમાં દોડાવી હતી. જેના

## અમદાવાદ અને મુંબઈ નેશનલ હાઈવે પર લાગ્યા વાહનોના થપ્પા

(એજન્સી) બારડોલી | તા.17

માંગરોળ તાલુકાના મોટી નરોલી ગામ પાસે અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે 48 પર કીમ નદીના ઓવરબ્રિજ પર ડામર પાથરવાની કામગીરીને લઇને હાઈવે પર લાંબો ટ્રાફિક જામ થયો છે. કલાકોથી વાહનો ટ્રાફિકમાં ફસાઈ જતાં વાહનચાલકો હેરાન પરેશાન થઈ ગયા છે. ઝડપથી હાઈવે પર ટ્રાફિક હળવો થાય એ દિશામાં NHAI વિભાગની ટીમે કામગીરી હાથ ધરી છે. ત્યારે 15 કિલોમીટર લાંબા ટ્રાફિકજામનો ડ્રોન નજારો સામે આવ્યો છે.

સુરત જિલ્લામાં પસાર થતા અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે નંબર 48 પર માંગરોળ તાલુકાના મોટી નરોલી ગામ પાસે કીમ નદીના ઓવરબ્રિજ પર NHAI વિભાગની ટીમ દ્વારા મેન્ટેનન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે. બ્રિજની એક લાઈન બ્લોક કરવામાં આવતા ટ્રાફિકની સમસ્યા ઊભી થઇ છે. નેશનલ હાઈવે 48 પર છેલ્લા 10 કલાકથી 15 કિલોમીટર લાંબો ટ્રાફિક જામ થયો છે. જેને લઈને વાહનચાલકો તોબા તોબા પોકારી ઊઠ્યા છે.

ટ્રાફિકથી ત્રાસી જઈને નેશનલ હાઈવે નજીક આવેલાં ગામોમાં હવે વાહનો ઘૂસી રહ્યાં છે અને પોતાનો સમય વેડફાટ ન થાય તે માટે ગ્રામીણ રસ્તાઓ પરથી સુરત બાજુ જઈ રહ્યાં છે. તેમજ કોઈપણ કટમાંથી વાહનો રોંગ સાઈડમાં ન ઘૂસે તે માટે કોસંબા પોલીસના જવાનો દરેક કટ પર ઊભા રહી ગયા છે. જેને લઈને બન્ને બાજુની લાઈન જામ ન થાય. ત્યારે NHAI વિભાગ ઝડપથી કામગીરી પૂર્ણ કરી હાઈવે ખુલ્લો કરાવે એ હાલ જરૂરી બન્યું છે.

સુરત જિલ્લા NHAI વિભાગના સુપર વાઈઝર રિંકુભાઈએ જણાવ્યું હતું કે, નેશનલ હાઈવે પર કીમ નદીના ઓવરબ્રિજ પર મેન્ટેનન્સની કામગીરી ચાલી રહી છે. હાલ ડામર પાથરવામાં આવતો હોવાથી આ ટ્રાફિક જામ થયો છે. થોડાક જ કલાકોમાં રાબેતા મુજબ હાઈવે ખુલ્લો થઈ જશે.

## પોરબંદરથી રાજકોટ જતી ખાનગી ટ્રાવેલ્સમાં આગ લાગતા બળીને ખાખ



(એજન્સી) ગોંડલ | તા.17

રાજકોટ જિલ્લાના ધોરાજીના સુપેડી ગામ નજીક નેશનલ હાઈવે પર ખાનગી ટ્રાવેલ્સમાં આગ લાગવાની ઘટના સામે આવી છે. પોરબંદરથી રાજકોટ જતી ખાનગી ટ્રાવેલ્સમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી. અગમ્ય કારણોસર લાગેલી આગના કારણે શક્તિ ટ્રાવેલ્સ નામની ટ્રાવેલ્સ બસ સંપૂર્ણ બળીને ખાખ થઈ હતી. સદનસીબે કોઈ પણ પ્રકારની જાનહાની થઈ નથી. આગ લાગ્યાની જાણ થતાં જ ધોરાજી નગરપાલિકા ફાયર બ્રિગેડ સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યો હતો અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. જો કે, આગ કાબૂમાં આવે એ પહેલાં જ ટ્રાવેલ્સ સંપૂર્ણ બળીને ખાખ થઈ જવા પામી હતી. સદનસીબે ટ્રાવેલ્સમાં બેઠેલ તમામ પેસેન્જરનો આબાદ બચાવ થયો હતો. સમગ્ર બનાવને લઈને ડ્રાઈવર મનસુખ બારોટે જણાવ્યું કે, પોરબંદરથી રાજકોટ જતો હતો અને રસ્તામાં વાયરિંગ શોર્ટ થતાં આગ લાગી હતી. ત્યારે બસમાં ધુમાડા નીકળતા સમયસૂચકતા દાખવી પેસેન્જર, કન્ડક્ટરને બધાને સામાન સહિત બસમાંથી નીચે ઉતારી લેવાયા હતા. જેથી કોઈ જાનહાનિ થવા પામી નહોતી.

## ગઢડાના ચભાડીયા ગામેથી બોગસ ડૉક્ટર ઝડપાયો

(એજન્સી) બોટાદ | તા.17

ગઢડા તાલુકાના ચભાડીયા ગામે છેલ્લાં પાંચ માસથી ક્લિનિક ચલાવી લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતો બોગસ ડોક્ટરને ગઢડા પોલીસે ઝડપી લીધો છે. પોલીસે ક્લિનિકમાંથી અલગ-અલગ દવાઓ, ઈન્જેક્શનો સહિત 34,189 રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.



ગઢડા પોલીસને માહિતી મળી હતી કે, ગઢડા તાલુકાના ચભાડીયા ગામે ડિગ્રી વગર ક્લિનિક ચલાવી લોકોના આરોગ્ય સાથે ચેડા કરી પ્રૅક્ટિસ કરે છે. જેથી ગઢડા પોલીસે ચભાડીયા ગામે રેડ કરી હતી. પોલીસે ક્લિનિક પર પહોંચી ડૉક્ટર તરીકે પ્રૅક્ટિસ કરતા શખ્સ પાસે ડિગ્રી બાબતે પૂછતાં કોઈ ડિગ્રી ન હોવાનું સામે આવ્યું હતું. જેથી પોલીસે વધુ તપાસ કરતા આ શખ્સ ઉમરાળા તાલુકાના દડવા ગામનો ધાર્મિક પંડ્યા હોવાનું જણાવ્યું હતું. તે ગઢડા તાલુકાના ચભાડીયા ગામે છેલ્લાં પાંચ માસથી ભાડાના મકાનમાં ક્લિનિક ચલાવતો હતો.

ધાર્મિક પંડ્યા ધોરણ નવ સુધીનો અભ્યાસ કરેલો હોવાનું પોલીસની પૂછપરછમાં સામે આવ્યું હતું. જેથી ગઢડા પોલીસે ક્લિનિકમાં તપાસ કરતા અલગ અલગ કંપનીની દવાઓ, ઈન્જેક્શનો મળી આવ્યા હતા. જેથી પોલીસે 34,189 રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરી બોગસ ડૉક્ટર ધાર્મિક પંડ્યાની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હોવાનું બોટાદ ડિવાયેસપીએ એ સૈયદે માહિતી આપી હતી.

## રાજુલામાં લગ્ન પ્રસંગમાં રાસ રમતો રમતો સિવિલ એન્જિનિયર ઢળી પડ્યો

અમરેલી | રાજ્યમાં નાની વયે હાર્ટ એટેક આવવાના બનાવો વધી રહ્યા છે. ત્યારે વધુ એક બનાવ સામે આવ્યો છે અમરેલીના રાજુલાથી..જ્યાં લગ્ન પ્રસંગમાં ગરબે રમતા યુવકનું હૃદય થંભી જતાં મોતને ભેટ્યો છે. એકના એક પુત્રનું મોત થતાં પરિવાર માથે આભ ફાટ્યું છે. આ કરુણ ઘટના અંગે મળતી માહિતી મુજબ રાજુલાના કિશોરભાઈ પટેલ કન્ટ્રક્શનનો વ્યવસાય કરે છે. જેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે.

જેમનો 24 વર્ષી પુત્ર પાવન અમદાવાદ ખાતે સિવિલ એન્જિનિયરિંગનો અભ્યાસ કરતો હતો. જેના એક મિત્રા ઘરે લગ્ન હોવાથી તે અમદાવાદથી રાજુલા આવ્યો હતો. આ દરમિયાન ગતરાત્રે તે મિત્રો સાથે ગરબે રમતો હતો. પોતાના મિત્રો સાથે મનમૂકીને ગરબે રમતા પાવનને અચાનક છાતીમાં દુખાવો ઊપડતાં તે ઢળી પડ્યો હતો. પાવન અચાનક ઢળી પડતાં હાજર લોકોએ પાવનને તાત્કાલિક પ્રથમ ખાનગી હોસ્પિટલ અને બાદમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

જ્યાં ડોક્ટરોએ પાવનને મૃત જાહેર કર્યો હતો. આમ અચાનક એકના એક પુત્રનું મોત થતાં પરિવારમાં શોકનો માહોલ છવાયો છે. જ્યારે મિત્રના લગ્નમાં પાવને વિદાય લેતાં એમનો પ્રસંગ પણ ફીકો પડી ગયો છે. હજી આઠેક દિવસ અગાઉ સુરત શહેરના રાંદેર વિસ્તારમાં ક્રિકેટ રમતી વખતે 51 વર્ષીય આધેડ પાણી પીધા બાદ થોડું ચાલીને દુખાવો થતાં ઘૂંટણિયે બેઠા હતા.

### હૃદયનો ધબકારો ચૂકી જાય એવા CCTV, બાળકની હાલત ગંભીર

## સાઇકલ લઇને ટ્યુશન જતા વિદ્યાર્થીને ડમ્પરચાલકે બુલેટની સ્પીડે અડફેટે લીધો



(એજન્સી) સુરત | તા.17

સુરતમાં અકસ્માતના બનાવો દિવસે ને દિવસે નોંધાતા હોય છે. ત્યારે વધુ એક અકસ્માત અને તેના હચમચાવી નાખતા સીસીટીવી સામે આવ્યા છે. સુરતના પાલ વિસ્તારમાં બેફામ દોડી રહેલા ડમ્પરચાલકે સાઇકલ લઈને ટ્યૂશન જતા વિદ્યાર્થીને બુલેટની સ્પીડે અડફેટે લીધો હતો. ત્યારબાદ ડમ્પરચાલક ફરાર થઈ ગયો હતો. જ્યારે આ વિદ્યાર્થીને ગંભીર હાલતમાં ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

મળતી માહિતી પ્રમાણે, જિગ્નેશભાઈ ઈશ્વરભાઈ માથોળિયા પરિવાર સાથે રહે છે. કન્સ્ટ્રકશન કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે અને સંતાનમાં એક દીકરો નામે વેદાંત ઉ.વ.13 છે. જે ગૌરવપથ રોડ ખાતે આવેલ એલ.પી. સવાણી ઈન્ટરનેશનલ સ્કૂલમાં ધોરણ-8 માં અભ્યાસ કરે છે. વેદાંત ઘરેથી તેની સાઈકલ લઈ ગૌરવપથ રોડ બેલેજિયમ હબ ખાતે પ્રિન્સ એકેડમી ખાતે ટ્યૂશન જવા નીકળ્યો હતો.

વેદાંત બપોરના સવા ત્રણેક વાગ્યાના અરસામાં પાલ ગૌરવપથ રોડ એપેક્ષ હોસ્પિટલ ચાર રસ્તા પાસે પહોંચ્યો હતો. તે વખતે એક ડમ્પર ટ્રક (GJ -21-W-2747)ના ચાલકે પૂરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી હંકારી વેદાંતની સાઈકલ સાથે એક્સિડન્ટ કરી ભાગી ગયો હતો. વેદાંતને જમણા પગની જાંઘના ભાગે ઈજા, કપાળના ભાગે ઘસરકાની ઈજા થતા ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જમણા પગની જાંઘના ભાગે ફ્રેક્ચર થયું હતું. આ અકસ્માત CCTVમાં કેદ થઈ ગયો છે. જેમાં સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે કે, સિગ્નલ બંધ થઈ ગયું હોવા છતાં પણ ડમ્પરચાલક પૂરપાટ ઝડપે આવે છે. આ દરમિયાન વેદાંત જે સિગ્નલ પર ઊભો હોય છે તે ખૂલી ગયું હોવાથી તે સાઇકલ લઈને પસાર થવાનો પ્રયાસ કરે છે ત્યારે ડમ્પરચાલક આવીને તેને ફૂટબોલની જેમ ફગાવી દે છે. આ મામલે હાલ પાલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. ગણતરીના કલાકોમાં જ પાલ પોલીસ દ્વારા ડમ્પરના ચાલકને ઝડપી પાડવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે સુરત શહેરમાં ડમ્પરચાલકો બેફામ બનીને ફરી રહ્યા છે. આગળ પણ ડમ્પરચાલકોએ અકસ્માત કરતા ઘણા લોકોએ ભોગ પણ બનવું પડ્યું છે. ત્યારે પાલ વિસ્તારમાં ડમ્પરચાલકે વિદ્યાર્થીને અડફેટે લીધો હતો. જોકે તેને ગંભીર ઈજા થઈ હતી. પણ રામ રાખે તેને કોણ ચાખે તેઓ આ કિસ્સો બની ગયો છે. એક મહિના પહેલાં જ સુરતના ભેસ્તાનથી ઉન પાટિયા ચાર રસ્તા પર એક વૃદ્ધ સાઇકલ લઈને રસ્તો ક્રોસ કરી રહ્યા હતા ત્યારે પૂરઝડપે આવી રહેલી કાળરૂપી ટ્રકે તેમને અડફેટે લીધા હતા. ત્યારબાદ ટ્રકના આગળના ટાયર સહિત 7 જેટલાં ટાયર તેમના પરથી ફરી વળ્યાં હતાં, જેથી વૃદ્ધના શરીરના ટુકડા થઈ ગયા હતા.

**ટ્રેન પસાર થવાના સમયે** **સમયસૂચકતા સાથે તૂટેલા ટ્રેક અંગે માહિતી આપતા ટ્રેકના ફ્રેક્ચરને સુધારી લેતું રેલવે પ્રશાસન**

# ભાવનગર પરા-ટર્મિનસ વચ્ચે ટ્રેક તૂટેલો જણાયો, તાત્કાલિક રિપેરીંગ

(એજન્સી) ભાવનગર । તા.17

બાન્દ્રા-ભાવનગર અને ભાવનગર-સુરેન્દ્રનગર ટ્રેન પસાર થવાના સમયે જ ભાવનગર પરા અને ભાવનગર ટર્મિનસ વચ્ચે રેલવે ટ્રેક તૂટેલો હોવાની જાણ આરપીએફના જવાને કરતા રેલવે પ્રશાસન દ્વારા કરાતા રેલવે પ્રશાસને ટ્રેકના ફ્રેક્ચરને સુધારી લીધું હતું. આ અંગેની પ્રાપ્ય વિગત અનુસાર આજે સવારે ૭.૫૦ કલાકે, ભાવનગર ટમનસ અને ભાવનગર પરા વચ્ચે સિન્હા કોલોની બેરેક પાસે કિ. મી. ૧૬૮/૦૧ પર એએસઆઈ ભોલાસિંહ તોમર પેસેન્જર સિક્યુરીટી ભાવનગર પરા, રેલ્વે ટ્રેક તૂટેલા હાલતમાં નિહાળ્યો હતો. આથી તેમણે મુખ્ય રેલ્વે ટ્રેક પર ફ્રેકચર અંગે ડિવિઝનલ કંટ્રોલ ઓફિસને તાત્કાલિક જાણ કરી હતી. આ અંગેની માહિતી મળતા ડિવિઝનલ કંટ્રોલે તાત્કાલિક કાર્યવાહી કરી સંબંધિત અધિકારીઓને જાણ કરી હતી. સંબંધિત અધિકારીઓ અને કર્મચારીઓએ આવશ્યક કાર્યવાહી કરી ફ્રેક્ચરને સુધારી લીધો હતો. ઉક્ત ઘટના સમયે પેસેન્જર ટ્રેન નંબર ૧૨૯૭૧ અને ૦૯૫૭૨ ના પસાર થવાનો સમય હતો. ઉલ્લેખનીય છે કે, મુંબઈના બાન્દ્રાથી તા. ૧૫ને ગુરૂવારે સાંજે ૭.૧૦ વાગ્યે પ્રસ્થાન થયેલ બાન્દ્રા-ભાવનગર ટ્રેન (નં. ૧૨૯૭૧)નો નિર્ધારિત શેડયુલ પ્રમાણે ભાવનગર પરા પહોંચવાનો સમય સવારે ૭.૩૩ વાગ્યાનો અને ભાવનગર ટર્મિનસ પહોંચવાનો સમય સવારે ૮.૦૫ વાગ્યાનો છે. એ જ રીતે, ભાવનગર-સુરેન્દ્રનગર ટ્રેન (નં. ૦૯૫૭૨)ના ભાવનગર રેલવે ટર્મિનસથી પ્રસ્થાનનો સમય સવારે ૮.૨૦ વાગ્યાનો છે. આ જોતા આ સમયે બે ટ્રેન પસાર થવાની હતી. એ જ અરસામાં એએસઆઈ ભોલાસિંહ તોમર દ્વારા યોગ્ય સમયે તાત્કાલિક માહિતી આપીને પ્રશંસનીય કામગીરી કરાઈ હતી. આમ, પશ્ચિમ રેલ્વેના ભાવનગર ડિવિઝનના જાગરૂક કર્મચારીઓ રેલ્વે સુરક્ષા અને સંરક્ષા માટે ખુબ જ યોગદાન આપી રહ્યા છે.

## ‘આ ટ્રેક પરથી રાતે ટ્રેન પસાર થઈ હતી એટલે કશું અસલામત નહીં’ : રેલવે પ્રશાસન




આ ટ્રેક પરથી રાતે ટ્રેન પસાર થઈ હતી એટલે કશું અસલામત (અનસેફ) નહોતું તેમ ભાવનગર રેલવેના સિનિયર ડિવિઝનલ એન્જિનીયર (કો-ઓર્ડીનેશન) મનીષ મલિકે જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, રેલવે પ્રશાસન સલામતીને અનુલક્ષીને સતર્કતાથી અને ચુસ્ત રીતે કામ કરે છે. એટલે નિયમિત રીતે પેટ્રોલિંગ થતું હોય છે અને નાની નાની બાબતોનો ખ્યાલ રખાય છે. રૂલ્સને ચુસ્ત રીતે અનુસરવામાં આવે છે.

**દબાણો અંગે વારંવાર રજૂઆત કરાઈ હતી**

# આણંદ જિલ્લાની ગંભીરા ચોકડી ઉપર 23દબાણો દૂર કરાયા

(એજન્સી) આણંદ । તા.17

આણંદ જિલ્લામાં ગેરકાયદે ખડકાયેલા દબાણ હટાવવાની કામગીરી શરૂ થઈ છે. જિલ્લાની ગંભીરા ચોકડી પરથી ૨૩ કાચા-પાકા દબાણો પર તંત્રએ બૂલડોઝર ફેરવી દીધું હતું. આણંદ જિલ્લામાં ટ્રાફિકની સમસ્યા બાબતે જિલ્લા સંકલનની બેઠકમાં પણ રોડ, બજારો સહિત પર આડેધડ દબાણોથી ટ્રાફિક સમસ્યા વકરતી હોવાની રજૂઆતો થઈ હતી. ચા ની કીટલી, પાન-મસાલાના ગલ્લાઓ સહિતના દબાણો હોવાની વારંવાર રજૂઆતો બાદ માર્ગ અને માર્ગ અને મકાન વિભાગ જાગ્યું છે. જિલ્લાના સોજીત્રા, તારાપુર તાલુકામાં દબાણ હટાવવાની ઝૂંબેશ હાથ ધરાઈ છે.



આંકલાવના ગંભીરા ચોકડી ઉપરના સર્વે નં.૩૪૯ સરકારી જમીનમાં બિનઅધિકૃત રીતે ખડકાયેલા દબાણો દૂર કરવામાં આવ્યા હતા. બે જેસીબી, બે ટ્રેક્ટર તથા ૨૦ શ્રમિકોની મદદથી ૨૩ દબાણો હટાવવામાં આવ્યા હતા.જેથી લોકો મોટી સંખ્યામાં એકઠા થયા હતા. અધિકારીઓ સહિતનો સ્ટાફ પણ ઘટના સ્થળે હાજર રહ્યો હતો.

**દેવદિવાળી સુધીમાં ખુલી જતાં હીરાના કારખાનામાં હજુ તાળા**

# “હીરા ઉદ્યોગ ઈતિહાસની ભયંકર મંદીના ચપેટમાં”



(એજન્સી) ભાવનગર । તા.17

ભાવનગરનો હીરા ઉદ્યોગ ઈતિહાસમાં ક્યારેય ન જોઈ એવી ભયંકર મંદીનો સામનો કરી રહ્યો છે. જેના કારણે હીરા ઉદ્યોગમાં પડેલું દિવાળીનું વેકેશન હજુ લાંબુ ચાલશે અને ડિસેમ્બર સુધી માર્કેટ ખુલે તેવા હાલની સ્થિતિમાં કોઈ એંધાણ જોવા મળી રહ્યા નથી. હીરા ઉદ્યોગની મંદીની અસર રત્નકલાકારોની રોજગારીની સાથે તેમના પરિવારના ગુજરાન ઉપર વર્તાઈ રહી છે. એક સમયે દેશ અને વિદેશમાં ભાવનગર જિલ્લાની ઓળખ હીરા ઉદ્યોગથી ઉજળી હતી. પરંતુ પાછલા એક વર્ષથી હીરા ઉદ્યોગ તેની ચમક ગુમાવી બેઠો છે. જેના કારણે રત્નકલાકારો માટે દિવાળીનો સમય હોળી સમાન બની ગયો હતો. દિવાળી વેકેશન બાદ ઘણાં કારખાનેદારો-ઓફિસોમાં બેસતા વર્ષ, લાભ પાંચમના મુહૂર્ત થઈ જતા હોય છે અને સામાન્ય રીતે તુલસી વિવાહથી દેવદિવાળી સુધીમાં તો હીરા બજાર ધમધમવા લાગે છે. પરંતુ આ વર્ષે મહામંદીની લપેટમાં આવેલા હીરા ઉદ્યોગમાં હજુ સુધી દિવાળી વેકેશન ઉઘડવાના કોઈ સંકેત દેખાતા નથી. આ ઉદ્યોગ સાથે શરૂઆતથી જ સંકળાયેલા વ્યવસાયકારોનું કહેવું છે કે, ભાવનગરમાં હીરા ઉદ્યોગ શરૂ થયો ત્યારથી લઈ આજસુધી આવી મંદી જોઈ નથી. ડાયમંડ ઉદ્યોગ મંદીમાંથી ક્યારે ઉગરશે ? તેના ઉપર ઘેરાયેલા અનિશ્ચિતતાના વાદળો ક્યારે હટશે તે પણ હાલના સમયમાં કહેવું ખૂબ જ મુશ્કેલભર્યું છે. આ મંદી પાછળના મુખ્ય કારણમાં યુદ્ધ, સિન્થેટિક ડાયમંડ અને વિદેશોમાં હીરાથી ઘટતી જતી ડિમાન્ડ મુખ્ય કારણ છે. અસલી હીરાની તુલનામાં નકલી હીરા ૩૦થી ૩૫ ટકા કિંમતે મળતા હોવાથી લોકો તેના તરફ વળ્યા છે. વળી, રશિયા ઉપર મુકવામાં આવેલા પ્રતિબંધોને કારણે રફ ડાયમંડનું ઈમ્પોર્ટ થઈ શકતું નથી. આંતરરાષ્ટ્રીય બજારમાં હીરાની માંગ ઓછી હોવાના કારણે માલનો ભરાવો થાય છે. જેની પણ બજાર ઉપર વિપરીત અસર જોવા મળી રહી છે.

# અમૂલની 2020 ની ચૂંટણીમાં ભાજપના નેતાઓએ જ ભાજપના ઉમેદવારોને હરાવ્યાનો આક્ષેપ

(એજન્સી) નડિયાદ । તા.17

અમૂલ ડેરીના પશુપાલકોના પ્રશ્ને માતર ભાજપના પૂર્વ ધારાસભ્ય કેસરીસિંહ સોલંકી અને વર્તમાન ધારાસભ્ય કલ્પેશ પરમાર વચ્ચે વિવાદ સર્જાયો હતો. શુક્રવારે ખેડા જિલ્લા ભાજપ પ્રભારીએ નડિયાદ કમલમ ખાતે બેઠક યોજ્યા બાદ માતર ભાજપના પૂર્વ ધારાસભ્ય કેસરીસિંહ સોલંકીએ વીડિયો વાયરલ કર્યો છે. જેમાં અમૂલ ડેરીની ૨૦૨૦ની ચૂંટણીમાં ભાજપના પ્રદેશ હોદ્દેદારોએ ભાજપના દસ ઉમેદવારોને હરાવ્યા અને વિરોધ પક્ષના ઉમેદવારોને જિતાડયા હોવાનો આક્ષેપ કર્યો હતો. ભાજપના લોકોએ પશુપાલકોની ચિંતા કરવાનું રહેવા દઈ પોતાની આસપાસ શરૂ થયેલા દારૂના સ્ટેન્ડ બંધ કરાવવા કામગીરી કરવા જણાવ્યું હતું. અમૂલ સંલગ્ન દૂધ મંડળીઓ દ્વારા પૂર્વ ધારાસભ્યના સમર્થનમાં અંદાજે ૩૦૦થી વધુ ઠરાવો કરાતા ભાજપ સંગઠન દોડતું થયું હતું. નડિયાદ કમલમ ખાતે ખેડા જિલ્લા ભાજપ પ્રભારીએ આણંદ, ખેડા અને મહીસાગરના ધારાસભ્યો, દૂધ ઉત્પાદક સહકારી સંઘના હોદ્દેદારો સહિતના સાથે બંધ બારણે બેઠક યોજી હતી.


આ બેઠક બાદ પૂર્વ ધારાસભ્ય કેસરીસિંહે પુનઃ વીડિયો વાયરલ કર્યો હતો. જેમાં તેમણે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૦માં તે અમૂલ ડેરીની ચૂંટણી લડયા ત્યારે પ્રદેશ હોદ્દેદારોની સૂચના મુજબ વિરોધ પક્ષના ઉમેદવારોને જીતાડયા હતા અને અમને ભાજપના મેન્ડેટ પર લડનારા ૧૦ લોકોને હરાવ્યા હોવાનો આક્ષેપ કર્યો છે. અમૂલમાં બ્લોક પ્રમાણે ચૂંટણી કરાવાય તો ભાજપના વધુ પૈસાવાળા લોકો જ ચૂંટણી લડી શકે તેવી સ્થિતિ ઉભી કરવામાં આવી રહી હોવાના આક્ષેપ લગાવ્યા હતા. તેમજ ભાજપના લોકોએ પશુપાલકોની ચિંતા કરવાનું રહેવા દઈને પોતાની આસપાસ જે દારૂના સ્ટેન્ડ શરૂ થઈ ગયા છે તે બંધ કરાવવા માટે કામગીરી કરે તેમ ઉમેર્યું હતું. તેમજ પોલીસ બૂટલેગરને બે બોટલ સાથે પકડી લાવે છે અને બે કલાક બાદ છોડી દે છે. તે પછી બૂટલેગર તરત દારૂના ધંધે ફરી વળગી જાય છે. ભાજપના લોકો આ અંગે ચિંતા કરે તેવી જરૂર છે. અમૂલ ડેરીના એમડીના પત્ની પણ અમૂલમાં સારી પોસ્ટ પર નોકરી કરી રહ્યા છે તેવો આક્ષેપ કર્યો છે. જો અમૂલ ડેરી ભાજપ થકી જ ચલાવવી હોય તો અમૂલનું નામ બદલીને ભાજપ ડેરી કરી દો.નોંધનીય છે કે, માતરના વર્તમાન ધારાસભ્ય કલ્પેશ પરમારના ગામ ભલાડામાંથી પણ દૂધ મંડળીના ચેરમેને ઠરાવ કરી પૂર્વ ધારાસભ્ય કેસરીસિંહને સમર્થન આપ્યું છે.

## નડિયાદ ન. પા.ના ભાજપના કાઉન્સિલરે દલાલીનો ધંધો કરવા યુવક પાસે એક લાખ માંગ્યા

નડિયાદ : ભાજપ શાસિત નડિયાદ નગરપાલિકાના ભાજપના કાઉન્સિલર અને પૂર્વ કારોબારી ચેરમેન સહિત ચાર શખ્સોએ વાણિયાવાડમાં દલાલીનો ધંધો કરતા યુવક પાસે રૂ.૧ લાખની માંગણી કરી, યુવકને માર માર્યો હતો. આ અંગે યુવકે નડિયાદ ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જ્યારે સામાપક્ષે કાઉન્સિલરના મિત્રએ દલાલીનો ધંધો કરતા યુવક સહિત ચાર શખ્સો વિરૂદ્ધ માર માર્યો હોવાની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે બંને પક્ષોની ફરિયાદના આધારે કાઉન્સિલર સહિત કુલ ૮ શખ્સો વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.નડિયાદના વાણિયાવાડ વિસ્તારમાં દલાલીનો ધંધો કરતા રાહુલ તળપદાએ નડિયાદ ટાઉન પોલીસ મથકે ભાજપ શાસિત નડિયાદ નગરપાલિકાના ભાજપના કાઉન્સિલર અને પૂર્વ કારોબારી ચેરમેન મનન રાવ સહિત ચાર શખ્સો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આ અંગે રાહુલની ફરિયાદના આધારે પોલીસે ચારેય શખ્સો વિરૂદ્ધ ગુનો નોંધ્યો હતો.

**21 દિવસનું દિવાળી વેકેશન પૂર્ણ થતાં**

# “આજથી શાળા-કોલેજો વિદ્યાર્થીથી ધમધમતી થશે”



(એજન્સી) ભાવનગર । તા.17

શિક્ષણ બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષ દરમિયાન તા.૨૮ ઓક્ટો.થી ૧૭ નવે. સુધી ૨૧ દિવસનું દિવાળી વેકેશન જાહેર કર્યું હતું જે સોમવારે પૂર્ણ થઇ રહ્યું છે જેથી પ્રાથમિક શાળાઓ બાળકોના કલરવથી ગુંજી ઉઠશે. તો હાઈસ્કૂલો અને કોલેજોમાં પણ વિદ્યાર્થીઓની હાજરીથી ચેતનવંતી બનશે. પ્રથમ સત્ર પૂર્ણ થયા બાદ આ દિવસથી દ્વિતીય સત્રનો પ્રારંભ થશે.ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડર જાહેર કરાયું છે. વર્ષ ૨૪-૨૫ અંતર્ગત જૂનથી પ્રથમ શૈક્ષણિક સત્ર શરૂ થયા બાદ પરીક્ષાઓ પૂર્ણ થતા ગઈ તા.૨૮ ઓક્ટોબરથી ૨૧ દિવસનું દિવાળી વેકેશન આપવામાં આવ્યું હતું જે તા.૧૭ નવેમ્બરે આ વેકેશન પૂર્ણ થઇ રહ્યું છે જેથી તા.૧૮ને સોમવારથી પ્રાથમિક શાળાઓમાં પ્રાર્થના તથા બાળગીતોના કલરવથી ગુંજી ઉઠશે. તો માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા તથા કોલેજો પણ વિદ્યાર્થીઓની હાજરીથી ચેતનવંતી બનશે. દિવાળી વેકેશન ૨૧ દિવસનું હોય કેટલાક પરિવારો ફરવા પણ ગયા હતાં જે પરત આવી ગયા છે અને વિદ્યાર્થીઓ ફરી શિક્ષણના પાઠ ભણવામાં ગુથાશે. આ સાથે રસ્તાઓ પર સ્કૂલ વાહનોની અવર-જવર પણ જોવા મળશે. તો વેકેશન પૂર્ણ થતા ફરી વાલીઓ નાસ્તો, પાણીની બોટલ અને વાલી મિટીંગ માટે સજ્જ બનશે. સામાન્ય રીતે વેકેશન સમય દરમિયાન શિક્ષણ કાર્ય પર રોક હોય છે જે સંદર્ભે જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા રહી રહીને છ શાળાને નોટિસ આપી હતી. જો કે, આ સિવાયની પણ ઘણી શાળાઓ સારા દેખાડવાની હોડમાં શરૂ રખાઈ હતી. પરંતુ શીંડે ચડે તે ચોર જેવો ઘાટ ઘડાયો હતો. જો કે, સોમવારથી વિધિવત રીતે શાળા-મહાશાળા ધમધમતી બનશે. જ્યારે દ્વિતિય સત્ર તા.૧૮ નવેમ્બરથી ૪ મે સુધી શરૂ રહેશે અને તા.૫ મેથી ૮ જૂન સુધી ૩૫ દિવસનું લાંબુ ઉનાળુ વેકેશન કેલેન્ડરમાં જાહેર કરાયું છે.

## ધોળાકુવા પાસે પોલીસ જોઈ ખેતરમાં ભાગેલો રાહદારી રીઢો ચોર નીકળ્યો

(એજન્સી) ગાંધીનગર । તા.17

ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચ પોલીસ ધોળાકુવા પાસે વાહન ચેકિંગ કરી રહી હતી. તે દરમિયાન હાથમાં થેલી ઝુલાવતો આવી રહેલો એક શખ્સ અચાનક રોડ પરથી નીચે ઉતરીને ખેતરમાં ભાગવા લાગ્યો હતો. પોલીસે તેને ઝડપી પાડીને પૂછપરછ કરતાં માણસામાં મંદિરમાંથી ઉપરાંત કલોલ, ચિલોડા અને મોડાસામાં હાથફેરો કર્યાનું કબુલ્યુ હતું. પોલીસ તપાસમાં તે અગાઉ પણ ચોરીના ગુનાઓમાં પકડાઈ ચૂક્યો હોવાનું ખુલ્યુ હતું. પોલીસે ચાલુ વર્ષ દરમિયાન જ નોંધાયેલા ચોરીના ચાર ગુના સબબ બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના કુંભારીયા ગામે રહેતા આરોપી અર્જુન ફતીયાભાઈ કાસીયાભાઈ નટ નામના શખ્સને ઝડપી લેવામાં આવ્યો હતો. પૂછપરછ દરમિયાન તેણે ઉપરોક્ત ગુનાઓની કબુલાત કરી હતી. પોલીસે તેની પાસેથી ચાંદીના બે છતર, રૂપિયા ૧૫૦૦ રોકડા તથા મોબાઈલ ફોન જપ્ત કર્યા હતાં. પોલીસે કરેલી તપાસ દરમિયાન જાણવા મળ્યુ હતું, કે આરોપી સામે અગાઉ હિંમતનગર, ચિઢોડા અને અંબાજી પોલીસ મથકમાં પણ ચોરી કરવાના ગુના નોંધાઈ ચૂક્યા છે.

## ઓડ નજીક બાઈકની ટક્કરે ટુવ્હીલર સવાર યુવકનું મોત

(એજન્સી) આણંદ । તા.17

આણંદના ઓડ નજીક રોંગ સાઈડમાં આવેલા બાઈક ચાલકે ટુવ્હીલરને ટક્કર મારતા ટુવ્હીલર પર સવાર ત્રણ મિત્રો અને બાઈક ચાલકને ઈજા પહોંચી હતી. ચારેયને હોસ્પિટલ ખસેડાયા હતા. જ્યાં વડોદરાના હરણીના એક યુવકનું મોત નિપજ્યું હતું. જ્યારે એક યુવકને વડોદરા ખસેડવામાં આવ્યો હતો. આ અંગે ખંભળોજ પોલીસે બાઈક ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વડોદરાના હરણી ગામે રહેતા વનરાજભાઈ લક્ષ્મણભાઈ પરમાર ગત શુક્રવારે પોતાના બે મિત્રો હેમંતભાઈ ઉર્ફે રાહુલ મહેશભાઈ તડવી અને રાકેશભાઈ ઉર્ફે રવિભાઈ કોઝીભાઈ તડવી (બંને રહે. ખોડીયારનગર) સાથે ટુવ્હીલર પર વડોદરાથી ફાગવેલ જઈ રહ્યા હતા. ત્યારે ઓડ ગામના જલારામ મંદિર નજીક સામેથી રોંગ સાઈડમાં પુરઝડપે આવેલા બાઈક ચાલકે ટુવ્હીલર સાથે ધડાકાભેર બાઈક અથડાવી હતી. આ સમયે પાછળ આવી રહેલી ટ્રક તેમના ટુવ્હીલર પર ચડી ગઈ હતી. જેથી ત્રણેય મિત્રો રોડની બાજૂમાં ફેંકાઈ ગયા હતા. જ્યારે બાઈક ચાલકને પણ ઈજાઓ પહોંચી હતી. અકસ્માતને પગલે આસપાસના લોકો એકત્ર થઈ ગયા હતા અને ખાનગી વાહન મારફતે ત્રણેય મિત્રો અને બાઈકચાલકને ઓડની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

## હેડ કોન્સ્ટેબલ સસ્પેન્ડ, 2 ટ્રાફીકબિગેડ ફરજ મુક્ત કરાયા

(એજન્સી) ભાવનગર । તા.17

.શહેરના નિલમબાગ સર્કલ ખાતે આવેલા ટ્રાફિક પોઈન્ટ નજીક ટ્રાફિક પોલીસ દ્વારા એક વાહન ચાલક પાસેથી રૂ.૪૦૦નો તોડ કર્યો હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. જે સંદર્ભે જિલ્લા પોલીસવડા દ્વારા તપાસના આદેશ કરવામાં આવ્યા હતા. જેમાં ગત તા.૧૧ નવેમ્બરના રોજ અનાર્મ હેડકોન્સ્ટેબલ દિલિપભાઈ પરમારની સીટીમાં બાઈક પેટ્રોલિંગની ફરજ હતી અને નિલમબાગ સર્કલ ખાતે આવેલા ટ્રાફિક પોઈન્ટ પર તેઓ બેસેલા હતા અને ટીઆરબી જવાન કિશનભાઈ ગુરૂભાઈ સોલંકીને અન્ય પોઈન્ટ પર ફરજ હોવા છતાં તેમની સાથે રાખી તથા તેમની સાથે રહેલા ટીઆરબી એ વાયરલ વીડિયોમાં પોલીસની છબી ખરડાઈ તેવુ કૃત્ય આચર્યું હોવાનું તપાસમાં સિદ્ધ થતાં જિલ્લા પોલીસવડાએ અનાર્મ હેડકોન્સ્ટેબલ દિલિપભાઈ રામજીભાઈ પરમારને સસ્પેન્ડ તથા બંને ટીઆરબી જવાનને ફરજ મુક્ત કરવાનો આદેશ કર્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ભાવનગર પોલીસમાં બે હેડ કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરવાની કાર્યવાહી પોલીસ બેડામાં ચર્ચાનો વિષય બની હતી.

**સરકારશ્રીની સહાયથી પંચસ્તરીય મોડેલ ફાર્મ ઊભું કરીને બાગાયતી પાકોનું વાવેતર કર્યું**

# છેલ્લા દસ વર્ષથી પ્રાકૃતિક કૃષિને અપનાવીને આર્થિક ઉપાર્જન મેળવતા બનાસકાંઠા જિલ્લાના ખેડૂત કુરશીભાઈ

| પાલનપુર | (માહિતી બ્યુરો,)

ગુજરાતમા દિન-પ્રતિદિન પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધી રહ્યો છે. રાજ્યમાં ૨૦ લાખથી વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ કરતા થાય તે માટે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ પ્રાકૃતિક કૃષિ માટે અનેક પ્રયાસો હાથ ધરાયા છે. બનાસકાંઠા જીલ્લાના ખેડૂતો પણ આ દેશી ગાય આધારિત ખેતીના જીવામૃત, બીજામૃત, વાફસા અને સહજીવી પાક એટલે કે મિશ્ર પાક પધ્ધતિને અપનાવીને એક સ્વસ્થ સમાજની સાથે વધુ આવક મેળવતા થયા છે.



બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના રસાણા મોટા ગામના ખેડૂતશ્રી કુરશીભાઈ હરિભાઈ ખાભલીયા છેલ્લા દસ વર્ષથી દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિને અપનાવીને આર્થિક સમૃદ્ધિના દ્વાર ખોલ્યાં છે. તેઓ જણાવે છે કે, તેઓ સૌપ્રથમ આત્મા યોજનાના ગ્રુપમાં જોડાયા હતા અને આત્મા વિભાગ બનાસકાંઠા દ્વારા લેવામાં આવતી વિવિધ મિટિંગમાં હાજરી આપતા હતા. તેઓ રાજ્ય બહાર પ્રેરણા પ્રવાસમાં પણ ગયા હતા અને સુભાષ પાલેકર પ્રાકૃતિક ખેતીની તાલીમ પણ લીધી હતી. તેમણે પોતાના ખેતરમાં સરકારશ્રીની સહાયથી પંચસ્તરીય મોડેલ ફાર્મ ઊભું કર્યું છે જેમાં તેઓ આંબા,ચીકુ, જામફળ, ખારેક, સંતરા, મોસંબી, લીંબુ, સરગવો, ફાલ સાજેવા જેવા જુદા જુદા બાગાયતી પાકોનું વાવેતર કરીને અઢળક ઉત્પાદન મેળવે છે. સારું બજાર મળતા અને ના બરાબરના ખર્ચે થતી પ્રાકૃતિક કૃષિથી તેઓ આર્થિક સધ્ધર બન્યા છે. તેમણે દેશી ગાય નિભાવ યોજના હેઠળ પણ સહાય મેળવી છે. આ સાથે તેઓ ધાન્ય અને શાકભાજીનું પણ વાવેતર કરે છે. તેઓ પ્રાકૃતિક ખેતીમાં બીજામૃત, જીવામૃત, ઘન જીવામૃત આચ્છાદન, દશપર્ની અર્ક, નિમાસ્ત્ર અને ખાટી છાસના ઉપયોગ થકી ખેતી કરે છે.

**બે વર્ષ સુધી ડાયવર્ઝન**

## ભાટ સર્કલ પર રૂ.120 કરોડના ખર્ચે આઈકોનિક બ્રિજનું કામ શરૂ

ગાંધીનગર: એરપોર્ટ રોડ પર ભાટ સર્કલ પાસે આવતીકાલથી બે વર્ષ સુધીનું વાહનો માટે ડાયવર્ઝન આપવામાં આવશે. અહીં આઈકોનિક કેબલ સ્ટેડ બ્રિજનું કામ આખરે શરૂ થવા જઈ રહ્યું છે. તેના સંબંધે હાલના ભાટ સર્કલને તોડી પાડવામાં આવ્યું છે. રૂપિયા 120 કરોડની યોજના અંતર્ગત કામગીરી દરમિયાન દુર્ઘટના રોકવા મુખ્ય માર્ગ બંધ કરવા સાથે વાહન વ્યવહાર ચાલુ રહે તેના માટે રાતો રાત સર્કલની ફરતે સહિતના સર્વિસ રોડ્સ પણ તૈયાર કરી દેવામાં આવ્યાં છે.કામગીરી દરમિયાન દુર્ઘટના રોકવા મુખ્ય માર્ગ બંધ કરવા રાતો રાત સર્કલની ફરતે સહિતના સર્વિસ રોડ્સ પણ તૈયાર કરી દેવામાં આવ્યાંઅમદાવાદ રીંગ રોડ પર આવેલા ભાટ સર્કલ પરથી દરરોજ 1 લાખ ઉપરાંત વાહનોની અવર જવર રહેતી હોવાથી ટ્રાફિક જામ અને અકસ્માતના બનાવો વ્યાપક બનતાં અહીં વૈષ્ણોદેવી સર્કલની જેમ ઉપર ઓવરબ્રિજ અને તેની નીચેથી અન્ડરપાસ આપવાની યોજના અમલી કરવામાં આવી છે.

**સ્વરાજ્યની ચૂંટણી જાહેર થવાની સંભાવના**

# આણંદની 5 પાલિકા અને 181 ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજવા કવાયત

(એજન્સી) આણંદ । તા.17

આણંદ જિલ્લાની ૧૮૧ ગ્રામ પંચાયતની ચૂંટણીઓ યોજવા અંગે આણંદ જિલ્લા ચૂંટણી શાખા દ્વારા ડિસેમ્બર મહિનાના અંત અથવા જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં જાહેરનામુ બહાર પાડવામાં આવી શકે છે. તેવામાં કરમસદ અને વિદ્યાનગર નગરપાલિકાની ચૂંટણીની સંભાવનાઓના પગલે બંનેનો આણંદ મહાનગરપાલિકામાં સમાવેશનો છેદ ઉડવાની શક્યતાઓ પ્રબળ બની છે. આણંદ મહાનગરપાલિકા બનવાની જાહેરાત સરકારે કરી દીધી છે પરંતુ મહાનગરપાલિકાનો અમલ કરવામાં સરકાર વિલંબ કરી રહી છે. જેને લઈ અવઢવની સ્થિતિ સર્જાઈ છે. આણંદ જિલ્લામાં યોજાનારી ૧૮૧ ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં અંદાજે ૫૭ ગ્રામ પંચાયતોમાં છેલ્લા ઘણા સમયથી વહીવટદારનું શાસન છે. તેમજ બોરસદ નગરપાલિકા વર્ષ ૨૦૨૨થી અને સોજિત્રા નગરપાલિકા છેલ્લા દોઢેક વર્ષથી સુપરસીડ થયેલી છે.


જ્યારે વિદ્યાનગર, કરમસદ અને આંકલાવમાં પણ છેલ્લા ઘણા સમયથી વહીવટદારનું શાસન છે. પરિણામે જિલ્લાની ૧૮૧ ગ્રામ પંચાયતો અને પાંચ નગરપાલિકાઓમાં ચૂંટણી યોજવાની જાહેરાત ડિસેમ્બરના અંત અથવા જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. તાજેતરમાં ચૂંટણી પંચ દ્વારા કરમસદ, વિદ્યાનગર સહિત આણંદ જિલ્લાની પાંચ નગરપાલિકા મળી રાજ્યની ૭૮ નગરપાલિકાની ચૂંટણી અંતર્ગત સ્થાનિક તંત્ર દ્વારા જાતિ આધારિત વોર્ડ સીમાંકન સહિતના રિપોર્ટ રજૂ કરવાની સૂચના આપવામાં આવી હતી.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**

આજે સંતાન સંબંધિત કોઈ સારા સમાચાર મળવાથી ઘરમાં આનંદનું વાતાવરણ રહેશે. મોજમસ્તીમાં ખર્ચ વધુ થશે પરંતુ પરિવારના સભ્યોની ખુશીની સરખામણીમાં તેનું કોઈ મૂલ્ય નહીં હોય. કાર્યો પણ સરળતાથી પૂર્ણ થશે.



**વૃષભ (બ,વ,ઉ)**

તમે સામાજિક અને સમિતિ સંબંધિત કાર્યોમાં સહયોગ કરશો. અંગત કાર્યોને પૂર્ણ કરવામાં કેટલીક મુશ્કેલીઓ આવશે, પરંતુ તમે તમારા આત્મવિશ્વાસ અને નિશ્ચયથી તેનો ઉકેલ સરળતાથી મેળવી શકશો.



**મિથુન (ક,છ,ઘ)**

યોગ્ય સમયના નિયંત્રણો રાખવાથી તમારી દિનચર્યાને વ્યવસ્થિત રાખવામાં મદદ મળશે. કેટલાક લોકો ઈર્ષ્યાથી તમારા માટે મુશ્કેલી ઉભી કરવાનો પ્રયાસ કરશે. પરંતુ ખાતરી રાખો, તેઓ સફળ થશે નહીં.



**કર્ક (ડ,હ)**

દિવસની શરૂઆતમાં કેટલીક ગૂંચવણો આવશે, પરંતુ તમે તેને સરળતાથી સામાન્ય કરી શકશો. ભાવનાઓના પ્રભાવ હેઠળ કોઈ નિર્ણય ન લો. વ્યવહારિક રીતે નિર્ણયો લેવાથી તમને ચોક્કસ સફળતા મળશે.



**સિંહ (મ,ટ)**

તમે ઘરના વરિષ્ઠ સભ્યોના માર્ગદર્શન હેઠળ પારિવારિક જવાબદારીઓને સારી રીતે નિભાવી શકશો. વિદેશ જવાનો પ્રયાસ કરી રહેલા લોકોને આજે આવી રહેલા અવરોધોમાંથી થોડી રાહત મળી શકે છે.




**કન્યા (પ,ઠ,ણ)**

દિનચર્યા રહેશે. તમે તમારી કાર્યક્ષમતા અને ક્ષમતાના આધારે કેટલીક મહત્વપૂર્ણ સિદ્ધિઓ પ્રાપ્ત કરશો. જો ઘરની જાળવણી અને નવીનીકરણની યોજનાઓ ચાલી રહી છે.



**તુલા (ર,ત)**

સ્થિતિ અનુકૂળ છે. લાંબા સમયથી અટકેલા કામને વેગ મળશે. વિદ્યાર્થીઓએ તેમના અભ્યાસમાં કરેલી મહેનતનું સાનુકૂળ પરિણામ મળશે. ધાર્મિક કાર્યો અને આધ્યાત્મિક કાર્યોમાં તમારી રુચિ વધશે.



**વૃશ્ચિક (ન,ય)**

આજે દિવસભર ઘણી વ્યસ્તતા રહેશે, પરંતુ ઈચ્છિત પરિણામ મળવાને કારણે થાકનું વર્ચસ્વ નહીં રહે. કોઈપણ પેન્ડિંગ પેમેન્ટ મળવાથી નાણાકીય સમસ્યા ઘણી હદ સુધી હલ થઈ જશે.




**ધન (ભ,ધ,ફ)**

હૃદયની જગ્યાએ મનના અવાજને પ્રાધાન્ય આપો, આ તમને વધુ સારા નિર્ણયો લેવા સક્ષમ બનાવશે. પેન્ડિંગ પેમેન્ટની અચાનક પ્રાપ્તિ અથવા કોઈ કામ પૂર્ણ થવાથી ઘણી રાહત થશે.



**મકર (ખ,જ)**

તમારા સંતુલિત અને સુમેળભર્યા વર્તનથી ઘર અને વ્યવસાયમાં પણ યોગ્ય વ્યવસ્થા સુનિશ્ચિત થશે. ઘરની જાળવણીની પ્રવૃત્તિઓમાં પણ વધુ સારા પરિણામો પ્રાપ્ત થશે.



**કુંભ (ગ,શ,સ)**

પ્રયત્નો ફળ આપવાના છે. તમને લાંબા સમયથી ચાલી રહેલી કોઈપણ કામની અડચણમાંથી પણ રાહત મળશે. યુવાનો ટીમ વર્કમાં સારું પ્રદર્શન કરશે. અને તેમની કાર્યદક્ષતાની પણ પ્રશંસા કરવામાં આવશે.



**મીન (દ,ચ,ઝ,થ)**

તમે વ્યવસ્થિત રીતે વસ્તુઓ સમજવાનો પ્રયાસ કરશો અને સફળ પણ થશો. સુખ-સુવિધાઓ જેવી જરૂરિયાતો પૂરી કરવા માટે તમે વિશેષ પ્રયત્નો કરશો. યુવાનો પણ તેમના ભવિષ્ય માટે વધુ સક્રિય અને ગંભીર બનશે.

**ડુંગળીનો ભાવ 80 રૂપિયા કિલો સુધી પહોંચી ગયો હતો. જે બાદ લોકોને ડુંગળીનો વપરાશ ઓછો કરી દીધો હતો**

# શિયાળામાં ડુંગળીના ભાવ ઘટશે : બે કિલો ડુંગળી ખરીદનારાઓને પણ રાહત

(એજન્સી) નવી દિલ્હી । તા. 17

દેશમાં દિવાળીના તહેવારો ધામધૂમથી પૂર્ણ થઈ ગયા છે. તેમજ ધીમેધીમે શિયાળીની સિઝન જામતી જાય છે. આ ઉપરાંત લગ્નસરા શરૂ થઈ ચુક્યો છે. જેથી ઘરે મહેમાનો અને લગ્નોમાં જમણવાર થતા રહે છે. જેના લીધે મોટાપાયે શાકભાજી અને દાળમાં ડુંગળીનો ભારે વપરાશ થતો હોય છે. એક સમયે ડુંગળીનો ભાવ 80 રૂપિયા કિલો સુધી પહોંચી ગયો હતો. જે બાદ લોકોને ડુંગળીનો વપરાશ ઓછો કરી દીધો હતો. હવે લોકો માટે સારી ખબર આવી રહી છે. આગામી દિવસોમાં ડુંગળીના ભાવમાં ઘણો ઘટાડો થવાનો છે. જેનાથી લગ્ન અને બીજા પ્રસંગોમાં લોકોને સારી એવી રાહત મળવાની છે. આ ઉપરાંત જે લોકો છૂટક એક કિલો કે બે કિલો ડુંગળી ખરીદતા હોય છે તેને પણ નફો થવાનો છે. હવે લોકો માટે સારા સમાચાર આવી રહ્યા છે.



ડુંગળીના ભાવ આગામી દિવસોમાં નોંધપાત્ર રીતે નીચે આવી શકે છે, જે લગ્ન પરિવારોને રાહત આપશે. બે કિલો ડુંગળી ખરીદનારાઓને પણ રાહત મળશે. અત્યારે દેશની રાજધાની દિલ્હી-એનસીઆરમાં ડુંગળીની કિંમત 60થી 70 રૂપિયાની વચ્ચે છે, પરંતુ થોડા દિવસો પહેલા સુધી આ કિંમત 80 રૂપિયા સુધી હતી. નિષ્ણાતોના મતે આગામી દિવસોમાં ડુંગળીના ભાવમાં 10 થી 15 રૂપિયાનો ઘટાડો થઈ શકે છે. આવી સ્થિતિમાં, જે લોકો દાળ અને શાકભાજીમાં ડુંગળી વધુ પસંદ કરે છે, તો તમારા માટે આ સારા સમાચાર છે. દેશમાં ડુંગળીના બે પાક છે, જેમાં પહેલો પાક નવેમ્બરથી જાન્યુઆરી વચ્ચે અને બીજો પાક જાન્યુઆરીથી મે વચ્ચે લેવામાં આવે છે. હવે દિવાળી અને છઠ પછી મજૂરો ખેતરોમાં પાછા ફરવા લાગ્યા છે. આવી સ્થિતિમાં નવેમ્બર અને જાન્યુઆરી વચ્ચે જે પાક લેવાનો છે તે શરૂ થઈ ગયો છે અને બજારોમાં ડુંગળીનો જથ્થો વધવા લાગ્યો છે. તેથી, તમારે આગામી એક કે બે અઠવાડિયા સુધી જ મોંઘી ડુંગળી ખાવી પડશે. માત્ર ભારતમાં જ નહીં પરંતુ એશિયામાં ડુંગળીનું સૌથી મોટું બજાર મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના લાસલગાંવમાં છે. અહીંથી દેશભરના બજારોમાં મોટા પાયે ડુંગળી સપ્લાય કરવામાં આવે છે. તમને જણાવી દઈએ કે દેશમાં મહારાષ્ટ્ર, કર્ણાટક, ગુજરાત, બિહાર, મધ્યપ્રદેશ અને આંધ્રપ્રદેશમાં ડુંગળીનું સારું ઉત્પાદન થાય છે.

## 20 હજાર કરોડના ખર્ચે ટ્રેનોમાં CCTV કેમેરા લગાવવાની રેલવેની યોજના

(એજન્સી) નવી દિલ્હી । તા. 17


રેલવે મુસાફરીને સુરક્ષાપૂર્ણ બનાવવાના હેતુથી ભારતીય રેલવેએ ટ્રેનના કોચમાં ક્લોઝડ સર્કિટ ટેલિવિઝન (સીસીટીવી) સર્વેલન્સ કેમેરા લગાવવા માટે પ્રસ્તાવ રજૂ કર્યો છે. ઈન્ડસ્ટ્રીઝ સૂત્રોના જણાવ્યા અનુસાર, આ યોજનાનું પ્રારંભિક મૂલ્ય રૂ.15 હજાર કરોડથી રૂ.20 હજાર કરોડ છે. જે હેઠળ 40,000 રેલવે કોચમાં 75 લાખથી વધુ સીસીટીવી કેમેરા ઈન્સ્ટોલ કરવામાં આવશે. બોલી માટે બાનાની રકમ રૂ.8,98,610 નક્કી કરવામાં આવી છે. બીડ પ્રક્રિયામાં ભાગ લેવા માંગતા એક ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોવાઈડરે જણાવ્યું હતું કે, આ એક નોંધપાત્ર પગલું છે. જે માટે વર્ટિકલ ડિવાઈસ, સોફ્ટવેર અને ડેટા ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં બહુવિધ કોગ્સની જરૂર પડશે. ટેન્ડર ડોક્યુમેન્ટ 24મી ઓક્ટોબરના રોજ સાર્વજનિક કરવામાં આવ્યા હતા. બોલી સુપરત કરવા માટેની અંતિમ તારીખ 15 નવેમ્બર નક્કી કરવામાં આવી છે. તદઉપરાંત ઈન્ડસ્ટ્રીના ખેલાડીઓએ જણાવ્યું હતું કે, બીડ સુપરત કરવાની અંતિમ તારીખ લંબાવવામાં આવે તેવી શકયતા છે. અગાઉના ટેન્ડર બે વખત અપડેટ કરવામાં આવ્યા હતા. જેમાં મેક ઈન ઈન્ડિયા જેવા ખાસ ખુલાસા સાથે દિશા-નિર્દેશોમાં સુધારા કરવામાં આવ્યા હતા.

**ભારતમાં ૬૭% કંપનીઓએ પહેલેથી જ જેન એઆઈ માટે સમર્પિત ટીમો બનાવી છે**

# ભારતીય કંપનીઓ GenAIમાં રોકાણ વધારશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 17

ભારતીય કંપનીઓ જનરેટિવ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (જેન એઆઈ)માં રોકાણ વધારવાની યોજના બનાવી રહી છે. જેનો હેતુ વ્યવસાય પ્રદર્શન, અનુપાલન અને સલામતી વધારવાનો છે તેમ એનટીટીના તાજેતરના અભ્યાસમાં જણાવાયું છે. વૈશ્વિક સ્તરે, ડિજિટલ સેવાઓ અને આઈટી ઈન્ટિગ્રેટર ફર્મના અહેવાલ અનુસાર, સર્વેક્ષણ કરાયેલી ૯૯% કંપનીઓએ જેન એઆઈ રોકાણોને વેગ આપવા માટે સમાન યોજનાઓનો સંકેત આપ્યો હતો. આ તારણો ભારત સહિત ૩૪ દેશોમાં ૨,૩૦૦ થી વધુ આઈટી અને બિઝનેસ લીડર્સ સાથેના વ્યાપક સર્વેક્ષણ પર આધારિત છે.ભારતમાં ૬૭% કંપનીઓએ પહેલેથી જ જેન એઆઈ માટે સમર્પિત ટીમો બનાવી છે. આ સૂચવે છે કે જ્યારે ભારત જેન એઆઈને સ્વીકારવામાં નોંધપાત્ર પ્રગતિ કરી રહ્યું છે, ત્યારે વૈશ્વિક સમકક્ષોની તુલનામાં હજુ પણ લાંબું અંતર છે. માઈક્રોસોફ્ટ દ્વારા સમર્થિત




ઓપનએઆઈની ચેટજીપીટી જેવી જનરેટિવ એઆઈ ટેક્નોલોજીને વ્યાપકપણે અપનાવ્યા પછી રોકાણમાં વધારો થયો છે. આ સાધનોએ વિવિધ વ્યવસાય પ્રક્રિયાઓમાં ક્રાંતિ લાવવાની તેમની ક્ષમતા દર્શાવી છે. વૈશ્વિક સ્તરે, ટોચના ઉપયોગના કેસોમાં વ્યક્તિગત સેવા ભલામણો, જ્ઞાન વ્યવસ્થાપન, ગુણવત્તા નિયંત્રણ અને સંશોધન અને વિકાસનો સમાવેશ થાય છે. ભારતમાં, જેન એઆઈ એપ્લીકેશનો માટે ફોકસ વિસ્તારો થોડા અલગ છે, ગુણવત્તા નિયંત્રણ, જોખમ મૂલ્યાંકન અને છેતરપિંડી શોધ, તેમજ વ્યક્તિગત સેવા ભલામણો અને જ્ઞાન વ્યવસ્થાપન પ્રક્રિયા ઓટોમેશનને પ્રાથમિકતા આપે છે. સર્વેક્ષણમાં એ પણ બહાર આવ્યું છે કે ભારતમાં બે તૃતીયાંશ ઉત્તરદાતાઓ માને છે કે જેન એઆઈ નોંધપાત્ર રીતે સ્પર્ધાત્મકતા વધારશે, નવીનતાને વેગ આપશે, પાલન સુનિશ્ચિત કરશે, સુરક્ષામાં સુધારો કરશે તેમજ આવકમાં પણ વધારો કરશે. જો કે જેન એઆઈને વ્યાપકપણે અપનાવવામાં નોંધપાત્ર અવરોધો છે. આમાં વ્યાપક વપરાશકર્તા તાલીમની જરૂરિયાત, સોલ્યુશન્સની સલામતી અને સુરક્ષા અંગેની ચિંતા સામેલ છે.

**સુચિત સમયગાળા દરમિયાન પૂર્ણ થયેલા રોકાણ પ્રોજેક્ટ્સમાં પણ ઘટાડો થયો**

## નાણાકીય વર્ષ 2024માં ભારતીય કંપનીઓના મૂડી ખર્ચમાં થયેલો ઘટાડો

(એજન્સી) નવી દિલ્હી । તા. 17

માર્ચ ૨૦૨૪માં પૂરા થયેલા નાણાકીય વર્ષમાં કુલ ખાનગી મૂડી ખર્ચ નજીવો ઘટીને રૂ. ૯.૪ લાખ કરોડ થયો હતો, જે નાણાકીય વર્ષ ૨૩માં રૂ. ૯.૪ લાખ કરોડ હતો. ૨૦૧૫માં તે રૂ. ૯.૫ લાખ કરોડ હતી. તેમ કેર રેટિંગ્સ દ્વારા લિસ્ટેડ કંપનીઓના પર હાથ ધરવામાં આવેલા અભ્યાસમાં દર્શાવવામાં આવ્યું છે. અભ્યાસ નોંધે છે કે નાણાકીય વર્ષ ૨૪ દરમિયાન ખાનગી મૂડી ખર્ચ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવતા ટોચના પાંચ ક્ષેત્રોનામ તેલ અને પેટ્રોકેમિકલ્સ (કુલ મૂડી ખર્ચમાં ૨૧ ટકા હિસ્સો), પાવર (૧૨.૮ ટકા હિસ્સો), ટેલિકોમ (૧૨.૮ ટકા હિસ્સો), વાહનો અને એસેસરીઝ (૭.૪ ટકા હિસ્સો) અને આયર્ન અને સ્ટીલ



(૭.૧ ટકા હિસ્સો)નો સમાવેશ થાય છે. અભ્યાસમાં આયર્ન અને સ્ટીલ (-૪.૪ ટકા), નોન-ફેરસ મેટલ્સ (-૧૫.૪ ટકા), હેલ્થકેર (-૫૦.૧ ટકા) અને રિટેલ (-૫૫.૩ ટકા) જેવા ક્ષેત્રોમાં ખાનગી મૂડી ખર્ચમાં સતત ઘટાડો જોવા મળ્યો છે. અભ્યાસમાં જણાવ્યું હતું કે ભારતીય કોર્પોરેટ્સ દ્વારા જાહેર કરાયેલા નવા રોકાણ પ્રોજેક્ટ્સની સંખ્યા, જે કંપનીઓના રોકાણના ઈરાદાને દર્શાવે છે, H૧FY૨૫માં વાર્ષિક ધોરણે ૨૯.૫ ટકા ઘટી હતી, જ્યારે સમાન સમયગાળા દરમિયાન પૂર્ણ થયેલા રોકાણ પ્રોજેક્ટ્સમાં ઘટાડો થયો હતો. રોકાણની જાહેરાતો અને પૂર્ણતાઓ એક વર્ષ પહેલા કરતાં ઓછી હતી, પરંતુ તે છેલ્લા દાયકામાં જોવામાં આવેલી પ્રથમ અર્ધની સરેરાશ કરતાં પણ ઓછી હતી.

## તહેવારો ઉપરાંત ચૂંટણીને કારણે ખાંડમાં પીલાણ કામગીરીની ધીમી શરૂઆત



(એજન્સી) નવી દિલ્હી । તા. 17


ઓકટોબરથી શરૂ થયેલી ખાંડ મોસમના પ્રથમ દોઢ મહિનામાં ખાંડનું ઉત્પાદન ગઈ મોસમના પ્રથમ દોઢ મહિનાની સરખામણીએ ૪૪ ટકા નીચુ રહી ૭.૧૦ લાખ ટન રહ્યું છે જે ગઈ મોસમમાં ૧૨.૭૦ લાખ ટન જોવા મળ્યું હતું. વર્તમાન વર્ષમાં ઓકટોબરમાં દશેરા તથા દિવાળીના તહેવાર ઉપરાંત મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીને પરિણામે મિલો ખાતે પીલાણ કામગીરીની ગતિ ધીમી રહી હોવાનું નેશનલ ફેડરેશન ઓફ કોઓપરેટિવ સુગર ફેકટરીસ લિ.ના સુત્રોએ જણાવ્યું હતું. દેશમાં ઉત્તર પ્રદેશ તથા મહારાષ્ટ્ર ખાંડના બે મોટા ઉત્પાદક રાજ્યો છે. ગયા વર્ષે આ સમયગાળા સુધીમાં મહારાષ્ટ્રમાં ૧૦૩ મિલોએ પીલાણ કામગીરી શરૂ કરી દીધી હતી. રાજ્યની ખાંડ મિલો સહકારી ધોરણે ચાલતી હોય તેના પર રાજકીય પક્ષોનું ઘણું પ્રભુત્વ રહેલુ છે. મહારાષ્ટ્ર ઉપરાંત કર્ણાટક તથા ઉત્તર પ્રદેશમાં પણ ધીમી ગતિએ કામગીરી આગળ વધી રહી હોવાનું જોવા મળે છે. ઓકટોબરથી સપ્ટેમ્બર (૨૦૨૪-૨૫)ની ખાંડ મોસમમાં દેશનું ખાંડ ઉત્પાદન ૨૮૦ લાખ ટન રહેવા અંદાજ છે, જે સમાપ્ત થયેલી મોસમમાં ૩૧૯ લાખ ટન રહ્યું હોવાની ધારણાં છે. ઈથેનોલના ઉત્પાદન માટે શેરડીના રસનો વપરાશ વધી રહ્યો હોવાથી ખાંડના ઉત્પાદન પર અસર પડી રહ્યાનું પણ સુત્રોએ જણાવ્યું હતું.

**ચીનને બાદ કરતા દેશના અન્ય ટોચના મથકો ખાતે નિકાસમાં વૃદ્ધિ**

# મંદીને કારણે ઓકટોબરમાં ભારતની ચીન ખાતે નિકાસમાં ઘટાડો પરંતુ આયાત સ્થિર

(એજન્સી) નવી દિલ્હી । તા. 17

ચીન સાથેનો ભારતનો દ્વીપક્ષી વેપાર ઓકટોબરમાં વાર્ષિક ધોરણે ૦.૪૬ ટકા ઘટી ૧૦.૭૦ અબજ ડોલર રહ્યો છે. ચીનમાં વ્યાપક સ્ટીમ્યુલ્સ વચ્ચે પણ મંદી ચાલી રહી હોવાના આના પરથી સંકેત મળી રહ્યા છે. ગયા મહિને દેશની એકંદર નિકાસ ૧૭ ટકા વધી છે પરંતુ ચીન ખાતે ૯.૫૦ ટકા ઘટી ૧.૧૫ અબજ ડોલર રહી છે એમ વાણિજ્ય વિભાગના ડેટા જણાવે છે. ભારતના ટોચના દસ નિકાસ મથકો ખાતે ચીનને બાદ કરતા નિકાસમાં વધારો જોવા મળ્યો છે. ભારતના ટોચના દસ નિકાસ મથકોમાં ચીન ઉપરાંત, અમેરિકા, યુએઈ, ેનેધરલેન્ડસ, યુકે, સિંગાપુર, સાઉદી અરેબિયા, બંગલાદેશ, ઓસ્ટ્રેલિયા તથા જર્મનીનો સમાવેશ થાય છે. ચીન



ભારતનું મોટું વેપાર ભાગીદાર છે અને ભારતની સૌથી વધુ આયાત ચીન ખાતેથી થાય છે. છેલ્લા કેટલાક મહિનાથી ચીન ખાતેની નિકાસમાં ઘટાડો ત્યાં મંદીની અસર હોવાના સંકેત આપે છે એમ વાણિજ્ય વિભાગના સુત્રોએ જણાવ્યું હતું. વર્તમાન વર્ષના જૂનમાં ચીન ભારતનું પાંચમુ મોટુ નિકાસ મથક હતું તે નીચે ઊતરીને છઠ્ઠું નિકાસ મથક બની ગયું છે. નિકાસમાં ઘટાડો થયો હોવા છતાં ભારતની ચીન ખાતેથી આયાત જળવાઈ રહી છે. ગયા મહિને યુએઈ ખાતેથી ભારતની આયાતમાં ૭૦.૪૦ ટકા વધારો થઈને ૭.૧૮ અબજ ડોલર રહી હતી. ચીન તથા રશિયા બાદ યુએઈ ભારતનું ત્રીજુ મોટુ આયાત સ્રોત છે. દરમિયાન ગયા મહિને ભારતની ખોળની નિકાસ પાંચ ટકા વધી ૩.૦૫ લાખ લાખ ટન રહી હતી, જે ગયા વર્ષના ઓકટોબરમાં ૨.૮૯ લાખ ટન જોવા મળી હતી. જો કે વર્તમાન નાણાં વર્ષના એપ્રિલથી ઓકટોબરના ગાળામાં ખોળ નિકાસમાં સાત ટકા ઘટાડો થઈને ૨૩.૮૮ લાખ ટન રહી હતી.

## સોનામાં વધ્યા ભાવથી પીછેહટ: ચાંદી રૂ.1500 તૂટી: ક્રૂડમાં અઢી ટકાનો કડાકો

(એજન્સી) નવી દિલ્હી । તા. 17

મુંબઈ ઝવેરીબજારમાં આજે શનિવારના કારણે બુલીયન બજાર સત્તાવાર બંધ રહીહતી. જોકે બંધ બજારે સોના- ચાંદીના ભાવમાં વિશ્વબજાર પાછળ ઘટાડો જોવા મળ્યો હતો. વિશ્વબજારમાં ભાવમાં પીછેહટના પગલે ઘરઆંગણે ઈમ્પોર્ટ કોસ્ટ ઘટતાં તથા સરકારે ટેરીફ વેલ્યુ પણ ઘટાડતાં ઘરઆંગણાના ઝવેરીબજારોમાં આજે વધ્યા ભાવથી પીછેહટ દેખાઈ હતી. વિશ્વબજારમાં ડોલર ઈન્ડેક્સ ઉંચકાતાં તથા અમેરિકાના બોન્ડની યીલ્ડ વધતાં વિશ્વબજારમાં સોનામાં વધ્યા મથાળે ફંડોની વેચવાલી દેખાઈ હતી. વિશ્વબજારમાં ક્રૂડતેલના ભાવ ઝડપી ગબડતાં તેની અસર પણ વૈશ્વિક સોનાના ભાવ પર દેખાઈ હતી. વિશ્વબજારમાં સોનાના ભાવ ઔંશદીઠ ૨૫૬૯થી ૨૫૭૦ વાળા નીચામાં ૨૫૫૪થી ૨૫૫૫ થઈ છેલ્લે ભાવ સપ્તાહના અંતે ૨૫૬૩થી ૨૫૬૪ ડોલર રહ્યા હતા. સોના પાછળ વૈશ્વિક ચાંદીના ભાવ પણ ઔંશના ૩૦.૬૮થી ૩૦.૬૯ વાળા નીચામાં ભાવ ૩૦.૧૮થી ૩૦.૧૯ થઈ છેલ્લે ૩૦.૨૭થી ૩૦.૨૮ ડોલર રહ્યા હતા. મુંબઈ બુલીયન બજારમાં



આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના જીએસટી વગર ૯૯.૫૦ના રૂ.૭૩૯૦૦ વાળા રૂ.૭૩૭૫૦ તથા ૯૯.૯૦ના ભાવ રૂ.૭૪૨૦૦ વાળા રૂ.૭૪૦૫૦ બોલાઈ રહ્યા હતા જ્યારે મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર કિલોદીઠ રૂ.૮૮૯૦૦ વાળા રૂ.૮૮૫૦૦ બોલાઈ રહ્યા હતા. મુંબઈ સોના- ચાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ત્રણ ટકા ઉંચા રહ્યા હતા. દરમિયાન, અમદાવાદ ઝવેરીબજારમાં આજે સોનાના ભાવ રૂ.૧૦૦ ઘટી ૯૯.૫૦ના રૂ.૭૬૫૦૦ તથા ૯૯.૯૦ના રૂ.૭૬૭૦૦ રહ્યા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ રૂ.૧૫૦૦ તૂટી રૂ.૮૮૫૦૦ બોલાતા થયા હતા. વિશ્વબજારમાં પ્લેટીનમના ભાવ ઔંશના ૯૫૦થી ૯૫૧ વાળા નીચામાં ૯૩૫થી ૯૩૬ થઈ છેલ્લે ભાવ ૯૪૧થી ૯૪૨ ડોલર રહ્યા હતા.

**નવેમ્બર મહિનામાં પણ ઓગણત્રીસ હજાર કરોડ નો માલ વેચ્યો**

## નવા સપ્તાહમાં બજારનું મોમેન્ટમ સેલ ઓન રાઈસ વાળું રહે એવી વકી

(એજન્સી) નવી દિલ્હી । તા. 17

અમરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પની જીત બાદ મહત્વના પદ માટેની પસંદગીએ વિશ્વભરના ફાઈનાન્સ સમીકરણોમાં મોટો બદલાવ તથા ટેરિફ વોર ની શક્યતાઓને પગલે અમેરિકી બજાર સિવાય વિશ્વભરના બજારોમાં ધોવાણ જોવાયું હતું, આમ જોઈએ તો ભારતીય બજારમાં તો છેલ્લા કેટલાક સપ્તાહથી એક તરફ નીચેની ચાલમાં જ છે, શેરોના હાઈ વેલ્યૂએશન તથા વેલ્યૂએશન્સ જસ્ટિફાય ના તેવા ત્રિમાસિક પરિણામો જેના પગલે FII ઓક્ટોબર માસમાં જ એક લાખ કરોડ થી વધુનો માલ વેચ્યો હતો તથા નવેમ્બર મહિનામાં પણ ઓગણત્રીસ હજાર કરોડ નો માલ વેચ્યો છે, વધુમાં ફૂગાવો મોંઘવારીના આંકડા 14 મહિનાની ટોચે આવ્યા આ બધા નકારત્મક પરિબળોને ધ્યાને લઈને આ સપ્તાહમાં પણ બજાર એના બધા જ અગત્યના સપોર્ટ તોડીને નીચે બંધ રહ્યાં હતા, નિફ્ટી50, સેન્સેક્સ તથા નિફ્ટી બેંક આ બધાજ મહત્વના



સૂચકાંકો આશરે અઢી ટકાના ઘટાડા સાથે બંધ રહ્યા હતા, આમ જોઈએ તો ફેરેન ફંડોની વેચવાલી સામે સ્થાનિક ફંડો સતત ખરીદી કરી રહ્યા છે પરંતુ એવી પણ ભીતિ સેવાઈ રહી છે કે મંદીની એંધાણીને પગલે જો રિટેલ ઈન્વેસ્ટરો મ્યુચ્યુલ ફંડ માંથી રિડિમ્પ્સન કરવાનું જો ચાલુ કરે તો બજારની પરિસ્થિતિ વધુ વણસી શકે છે જેની વાચકમિત્રોએ નોંધ લેવી, નવા સપ્તાહમાં નબળું મોમેન્ટમ જારી રહેશે કદાચ ઉછાળો આવે તો પણ વહીના જશો કારણ બજારનું મોમેન્ટમ સેલ ઓન રાઈસ વાળું થયી રહ્યું છે.

## લગ્નસરાની સિઝનમાં સોના-ચાંદી સસ્તા થયાં

(એજન્સી) મુંબઈ । તા. 17

વૈશ્વિક સ્તરે કિંમતી ધાતુમાં મંદીનું જોર વધતાં સ્થાનિક બજારોમાં પણ સોના-ચાંદીના ભાવમાં મોટો ઘટાડો નોંધાયો છે. જે દેશમાં શરૂ થયેલી લગ્નસરાની સિઝન માટે ખુશીના સમાચાર છે. અમદાવાદમાં આ સપ્તાહમાં સોનાનો રિટેલ ભાવ રૂ. 3300 ઘટ્યો છે. જ્યારે ચાંદી પણ રૂ. 3000 પ્રતિ કિગ્રા સસ્તી થઈ છે. અમદાવાદ સોના-ચાંદી બજારમાં ગત શનિવારે સોનું રૂ. 80000 પ્રતિ 10 ગ્રામના સ્તરે બોલાઈ રહ્યું હતું. જેની કિંમત આજે રૂ. 76700 પ્રતિ 10 ગ્રામ થઈ છે. જ્યારે ચાંદી રૂ. 91500 પ્રતિ કિગ્રાથી સસ્તી થઈ રૂ. 88500 પ્રતિ 1 કિગ્રા પર ક્વોટ થઈ રહી છે. એમસીએક્સ સોના-ચાંદીમાં પણ મોટો કડાકો નોંધાયો છે. એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે 10 ગ્રામદીઠ રૂ.77,380ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.77,628 અને નીચામાં રૂ.73,300ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.3,257 ઘટી રૂ.74,154ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની નવેમ્બર કોન્ટ્રેક્ટ 8 ગ્રામદીઠ રૂ.2,231 ઘટી રૂ.60,525 અને ગોલ્ડ-પેટલ નવેમ્બર કોન્ટ્રેક્ટ 1 ગ્રામદીઠ રૂ.217 ઘટી રૂ.7,545ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ડિસેમ્બર વાયદો 10 ગ્રામદીઠ રૂ.3,235 ઘટી રૂ.74,151ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે 1 કિલોદીઠ રૂ.92,224ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.92,476 અને નીચામાં રૂ.86,844ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.3,443 ઘટી રૂ.88,870ના સ્તરે બંધ થયો હતો.

**PM મોદી નાઈજીરિયાની મુલાકાતે**

## Nigeriaનું સૌથી મોટું વેપારી ભાગીદાર ભારત, 135 કંપનીઓનું 27 અબજ ડોલરનું રોકાણ

(એજન્સી) મુંબઈ । તા. 17

17 વર્ષ બાદ કોઈ ભારતીય વડાપ્રધાન પહેલીવાર પશ્ચિમ આફ્રિકાના દેશની મુલાકાતે જઈ રહ્યા છે. PM મોદીની નાઈજીરિયાની મુલાકાતને ઘણી મહત્વપૂર્ણ માનવામાં આવે છે. તેનું કારણ બંને દેશો વચ્ચેના વેપારમાં વધારો કરવાનું છે, જેમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. નાણાકીય વર્ષ 2021-22માં બંને દેશો વચ્ચેનો વેપાર 12 અબજ ડૉલરથી વધુ હતો, જે નાણાકીય વર્ષ 2022-23માં લગભગ 8 અબજ ડૉલર પર આવી ગયો. બીજી તરફ 135 ભારતીય કંપનીઓએ 27 અબજ ડોલરનું રોકાણ કર્યું છે આવી સ્થિતિમાં



પીએમ નરેન્દ્ર મોદીનો નાઈજીરિયા પ્રવાસ વધુ મહત્વનો બની જાય છે. રિપોર્ટ અનુસાર પીએમ મોદી નાઈજીરિયાના માઈનિંગ, ઈન્ફ્રા અને ડિફેન્સ સેક્ટરમાં ભારતીય કંપનીઓ માટે રોકાણના રસ્તા ખોલવાનો પ્રયાસ કરશે. જો કે, દેશના પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહે છેલ્લી વખત ઓક્ટોબર 2007માં નાઈજીરિયાની મુલાકાત લીધી હતી. ચાલો આંકડાઓ પરથી સમજવાનો પ્રયત્ન કરીએ કે નાઈજીરીયા ભારત માટે અને ભારત નાઈજીરીયા માટે આટલું મહત્વનું કેવી રીતે બની ગયું છે?

**તંત્રીની કલમે...**

વિક્રમ સંવત 2081, કારતક વદ-03

# સિંધુ સભ્યતાના જનક આર્યો જ હતા

દેશની ભાવિ પેઢીને ઈતિહાસનું સંતુલિત જ્ઞાન આપવા માટે 'ભારતનો સમગ્ર ઈતિહાસ'ના લગભગ છસો પેજના 'પરિચય'નો પહેલો ખંડ તૈયાર થઈ ગયો છે. તેને એક વિશેષ પ્રોજેક્ટ અંતર્ગત ભારતીય ઈતિહાસ અનુસંધાન પરષદ (આઈઆરસીએચ)એ તૈયાર કર્યો છે. માનવામાં આવે છે કે તેને અનુમોદિત કરવા માટે જલ્દી આ સંબંધે પરિષદની બેઠક થઈ શકે છે. આશા રાખવામાં આવે છે કે આ સંતુલિત ઈતિહાસ જ સ્કૂલો, કોલેજો અને યુનિવર્સિટીઓ તથા એનસીઈઆરટીથી માંડીને રાજ્ય બોર્ડો સુધીના ઈતિહાસના પાઠ્યક્રમનો આધાર બનશે. વસ્તુતઃ આપણે એ સમજવું જોઈએ કે સરસ્વતી સિંધુ નદીના કિનારા પર પલ્લવિત થયેલી ભારતની પ્રાચીનતમ સભ્યતાનો આર્યો સાથે શો સંબંધ હતો? આ એક એવો પ્રશ્ન છે જે છેલ્લા લગભગ સો વર્ષોથી ભારતીય ઈતિહાસમાં સર્વાધિક ચર્ચિત વિષય રહ્યો છે. મૂળ રૂપે તો આ પ્રશ્નનો જવાબ પુરાતાત્વિક ઉત્ખનનો અને તેના અધ્યયનોમાં સમાયેલ છે. છેલ્લા ત્રણ દાયકામાં થયેલ નવીન શોધોએ આ પ્રશ્નના જવાબનો માર્ગ ખોલી આપ્યો છે. માનવ સભ્યતાનો પ્રાચીનતમ ગ્રંથ જે ઋગ્વેદના નામે પ્રસિદ્ધ છે, તે આર્યોનો જ ગ્રંથ છે. ઋગ્વેદના અધ્યયનથી એ સ્પષ્ટ થઈ જાય છે કે આર્યોનો વસવાટ હાલમાં લુપ્ત થઈ ચૂકેલી સરસ્વતી નદી અને સિંધુ નદીના કિનારા પર જ અવસ્થિત હતી. કેટલાય ઈતિહાસકારોનો એવો મત છે કે આર્યોનો સમાજ પૂર્ણ રૂપે ગ્રામીણ સમાજ હતો. પરંતુ તથ્ય એ પણ છે કે ઋગ્વેદમાં ગ્રામ શબ્દથી ક્યાંય વધુ વખત નગર શબ્દનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ઋગ્વેદના જ છઠ્ઠા મંડલના ૪૬મા સૂક્તમાં એક એવા ઘરની કામના કરવામાં આવી છે જે ઈંટોનું બનેલું હોય. આ પ્રકારે ઘર તો એ કાળમાં માત્ર સરસ્વતી અને સંધુ નદીના કિનારે જ હતાં. આર્ય કોઈ ગ્રામીણ સંસ્કૃતિના વાહક ન હતા, તેમની સભ્યતામાં તો નગર અને ગામ બંનેનું અસ્તિત્વ હતું. આપણે બધા જાણીએ છીએ કે યજ્ઞ પૂજા આર્યોના ધર્મનું એક મુખ્ય અંગ હતું. અહીં એ વાત ઉલ્લેખનીય છે કે આ જ સભ્યતાના સૌથી મોટા પુરાસ્થળ રાખીગઢી (હરિયાણા)થી ગત વર્ષો દરમ્યાન ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ વિભાગને કેટલીય યજ્ઞવેદીઓ ઉત્ખનનમાં પ્રાપ્ત થઈ હતી. આ યજ્ઞવેદીઓની તિથિ વર્તમાન સમયથી ૪૫૦૦ વર્ષ પહેલાંની છે. આ અવશેષ એ તથ્યને રેખાંકિત કરે છે કે રાખીગઢી અને આ વિશાળ સભ્યતામાં રહેનારા લોકો વૈદિક પરંપરાના અનુયાયી હતા જેનો સંબંધ આર્યો સાથે છે. એ તો સર્વવિદિત છે કે આર્યોએ દ્રુતગામી વાહન તરીકે અશ્વનો ઉપયોગ કર્યો હતો. સરસ્વતી સંધુ સભ્યતાના કેટલાય પુરાસ્થળો પરથી આપણને ઘોડાનાં હાડકાં અને માટીના પાકી મૂર્તિઓ પ્રાપ્ત થઈ છે. ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણની ઉત્ખનન વર્ણનો અનુસાર સુરકોટડા, લોથલ, રંગપુર, રાણાઘુંડઈ, શિકારપુર, રાખીગઢી, કુણાલ વગેરે પુરાસ્થળોથી ઘોડાના પુરાવા વિભિન્ન સ્વરૂપે પ્રાપ્ત થયા છે. તેથી એ કહેવું કે સરસ્વતી સિંધુ સભ્યતામાં અશ્વ વિદ્યમાન ન હતા તથા એ આધાર પર તેને એ સભ્યતાના આર્યોથી અલગ કરી દેવા તથ્યપરક નથી. આ સભ્યતામાં અશ્વ ઉપલબ્ધ હતા અને તેના પર્યાપ્ત પુરાતાત્વિક પ્રમાણો આપણી પાસે ઉપલબ્ધ છે.

# છેવટે ચાણસ્મા પોલીસે મણિયારીના ખેડૂતોની ફરીયાદ લીધી

## 16 નવેમ્બરે મણીયારી ગામ કેબલ ચોરીની ઘટનાનો ભોગ બનેલા ખેડૂતો ફરીયાદ કરવા ચાણસ્મા પોલીસ મથકે આવ્યા તો પોલીસ અધિકારીએ ખેડૂતોની ફરિયાદ લેવાને બદલે હડધુત કરી અપમાનીત કરી બહાર કાઢ્યા

**નીતિન ઠાકર : ચાણસ્મા**

૧૫ મી નવેમ્બર ની રાત્રી દરમિયાન ચાણસ્મા તાલુકાના મણીયારી ગામના જગદીશભાઈ પ્રભુદાસ પટેલ સહિત. ત્રણ ખેડૂતો ના બોરની ઓરડી ના દરવાજા ના તાળાં તોડી કેબલ ચોરી ની ઘટના બનતાં ખેડૂતો માં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.જેથી ૧૬ મી નવેમ્બર ના રોજ કેબલ ચોરી ની ઘટના નો ભોગ બનેલ મણીયારી ગામના ખેડૂતો ચાણસ્મા પોલિશ મથકે ફરિયાદ નોંધાવવા આવતાં ચાણસ્મા પોલિશ મથક ના પી.આઇ એ ચોર કોટવાળને દંડે તેમ બોરનું પાણી ખેડૂતો, ને વાપવાનું છે અમારે ઓછી ચોકી કરવાની હોય તેમ ઊંચા અવાજે ખેડૂતો ને ધમકાવી સર્ટના કોલર પકડી અપમાનીત કરી બહાર કાઢી મૂકતાં પોલિશ મથકમાં હું તમોને શું મદદ કરી શકું વાક્યના ચાણસ્મા પોલિશ મથકના પીઆઈ લીરેલીરા ઉડાડતા જોવા મળ્યા હતા ચાણસ્મા પી.આઇ દ્વારા મણિયારી ગામના કેબલ ચોરીનો ભોગ બનેલા ખેડૂતો સાથે ગેરવર્તન કરાતાં ખેડૂતો પાટણ એસ પી ને તેમની સાથે પી.આઇ દ્વારા હડધુત કરી અપમાનીત કરી ફરીયાદ નહી લીધા ની લેખિત રજૂઆત કરાતાં એસપી એ ખેડૂતો ની લાગણી ને સમજી કરીયાદ લેવા અને જવાબદાર પોલિશ અધિકારી સામે યોગ્ય કાર્યવાહી કરવા હૈયાધારણ આપી હતી કેબલ ચોરીનો ભોગ બનનાર ખેડૂતોની એસપી ને રજુઆત બાદ ચાણસ્મા પોલિશે કેબલ ચોરી નોં ભોગ બનાર ખેડૂતો ની ફરીયાદ લીધી ચાણસ્મા પી.આઇ એ ૧ માસ પહેલાં પણ મીઠીધારીયાલ ના ખેડૂતો કેબલ ચોરી ની ફરીયાદ કરવા આવ્યા ત્યારે માત્ર અરજી લઈ રવાના કર્યા હતા જેનો અહેવાલ એક અખબાર માં છપાતાં પી આઈ એ પત્રકાર ને હવે પોલિશ મથકે નહી પેશવા દઉ કહી ધમકાવ્યા હતા એક મહિના અગાઉ મીઠી ધારીયાલ ગામે કેબલ ચોરી ની ઘટના બની હતી જેની ફરીયાદ નોંધાવવા ભોગ બનનાર મીંઠી ધારીયાલ ના ખેડૂતો આવ્યા હતા તે સમયે પણ ખેડૂતો ની કેબલ ચોરી ની ફરીયાદ નહી લઈ માત્ર અરજી લઈ ઉલ્ટાનું પી આઈ એ ખેડુતો ને ધમકાવી રવાના કર્યા બાદ માં એક અખબાર માં ચાણસ્મા પીઆઈ ખેડૂતો ની કેબલ ચોરી ની ફરીયાદ નહી લઈ માત્ર અરજી ઓ લેતાં હોવાનો અહેવાલ છપાતાં ચાણસ્મા પી આઇ એ મિડીયા કર્મી ને પોલિશ મથકે પેશવા નહી દઉ બદનક્ષી નો દાવો કરીશ મોબાઈલ ફોન કરી ધમકાવી ખોફનાક વર્તન કરી રહ્યા છે ત્યારે મિડીયા કર્મી તો ઠીક ચોરી લૂંટ કે અન્ય ઘટના ઓનો ભોગ બનનાર લોકો ક્યાં જઈ ન્યાય મેળવશે.

# વૃક્ષ બચાવો પર્યાવરણ બચાવોના ઉદ્દેશ સાથે નર્મદા જિલ્લાના 250 ગામોમાં સ્ટીલની નનામી વિતરણ કરાઈ

## ગ્રામ્ય વિસ્તાર માં લાકડા કાપી મૃતદેહ ને બાળવોના પડે એ માટે સ્ટીલની નનામી ધારાસભ્ય ડો.દર્શનાબેન ના હસ્તે વિતરણ કરાઈ

**ભરત શાહ : રાજપીપળા**



નર્મદા જિલ્લા માં વારંવાર વૃક્ષારોપણ કાર્યક્રમો કરી અનેક સંસ્થાઓ વૃક્ષો ની વાવણી અને ઉછેર કરે છે પરંતુ જ્યાં જ્યાં ત્યાં નવા બાંધકામ ના કારણે વૃક્ષો નું કટિંગ થતું હોય છે તેની સામે વધતા જતા વાહનો ના પ્રદૂષણ ના કારણે પર્યાવરણ પર માઠી અસર થાય છે માટે વૃક્ષો ના કટિંગ ના કરાઈ એ ખાસ અગત્યનું છે ત્યારે ગ્રામ્ય વિસ્તારો માં તો મૃત્યુ પામનારા વ્યક્તિઓ ને લાકડા થી બાળવા માં આવતા હોય માટે વૃક્ષો નું કટિંગ કરવું પડે છે, માટે ONGC ના CSR પ્રોજેક્ટ અંતર્ગત નીડ હોમ ટેકનિકલ એજ્યુકેશન ટ્રસ્ટ, વડોદરા તરફથી નર્મદા જીલ્લાના ૨૫૦ ગામો માટે સ્ટેનલેસ સ્ટીલ ની નનામી નું વિતરણ નાંદોદ ધારાસભ્ય ડો.દર્શનાબેન દેશમુખ ના હસ્તે કરવામાં આવ્યું. ડો. દર્શનાબેન દેશમુખ-ધારાસભ્ય નાંદોદ વિધાનસભા ના હસ્તે ONGC ના CSR પ્રોજેક્ટ અંતર્ગત નીડ હોમ ટેકનિકલ એજ્યુકેશન ટ્રસ્ટ, વડોદરા તરફથી નર્મદા જીલ્લાના ૨૫૦ ગામો માટે સ્ટેનલેસ સ્ટીલ ની નનામી ગ્રામજનો ના ઉપયોગ માટે વિતરણ કરવામાં આવ્યા છે. આ સ્ટેનલેસ સ્ટીલ ની નનામી ના ઉપયોગથી ગ્રામજનો ની અંતિમક્રિયા માટે વૃક્ષ કાપી ને નનામી બનાવવા માટે નું બંધ થશે અને વૃક્ષ બચાવી પર્યાવરણમાં સુધારો થઈ શકશે.




SBI મેનેજિંગ ડિરેક્ટર, શ્રી રાણા અશ્વતોષ કુમાર સિંહ, જગૃતિ યાત્રા 2024 ના ફ્લેગ-ઓફ કાર્યક્રમમાં યુવા ઉદ્યોગપતિઓને સંબોધિત કરે છે. આ 8000 કિલોમીટરની 15 દિવસની ટ્રેન યાત્રા છે, જેનો હેતુ ભારતના ટિયર 2 અને ટિયર 3 જિલ્લામાં ઉદ્યોગપતિતાઓને પ્રોત્સાહન આપવાનો છે.

# આઠમમાં બાધા પૂરી કરી પરત ફરતા પરિવારની બાઈક આગળ કૂતરું આવી જતા ત્રણને ઈજા

**ભરત શાહ : રાજપીપળા**

નર્મદા જિલ્લા ના ગરુડેશ્વર તાલુકાના જુનવદ ગામના બાધા કરી પરત ફરતા પરિવાર ની મોટરસાઈકલ આગળ કૂતરું આવી જતા બાઈક.પર સવાર ત્રણેય ને ઈજાઓ થઈ હતી. પ્રાપ્ત વિગતો અનુસાર કરૂણાબેન સંજયભાઈ તડવી રહે જુનવદ તા.ગરૂડેશ્વર જી નર્મદા નાઓ એ પોલીસ માં જાણ કર્યા મુજબ તેઓ તથા તેમના પતિ સંજયભાઈ ચંપકભાઈ તથા દીકરા પ્રિન્સ આમ ત્રણેય બિલઠાણા ગામ ખાતે આઠમમાં બાધા કરવા માટે ગયેલ અને ત્યાંથી પરત ફરતા હતા તે દરમ્યાન નવાપુરા પેટ્રોલ પંપથી આગળ હાઈવે રોડ ઉપર અચાનક કુતરુ તેમની બાઈક ની આગળ આવી જતા બ્રેક મારતા મો.સા.સાથે તમામ નીચે પડી ગયેલ જેમાં સંજયભાઈ ને કપાળના ભાગે ગંભીર ઈજા થયેલ છે. તથા કરુણા બેન ને માથાના પાછળ ના ભાગે સામાન્ય ઈજા થયેલ છે.તથા દીકરા પ્રિન્સ ને જમણા હાથે કાંડાના ભાગે ઈજા થઈ હતી.

# રસ્તામાં પડેલ ઈલેક્ટ્રિક વાયર જોઈ ગભરાઈ જનાર બાઈક ચાલક પટકાતા ગંભીર ઈજા બાદ મોત

**ભરત શાહ : રાજપીપળા**

**અકસ્માત બાદ પ્રથમ સારવાર સાગબારા ખાતે કરાવી વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલ, રાજપીપલા અને ત્યારબાદ જયાબેન મોદી હોસ્પિટલ, અંકલેશ્વર ખાતે કરાવ્યા બાદ રજા લઈ પોતાના ઘરે લાવ્યા બાદ મોત**

નર્મદા જિલ્લા ના સાગબારા તાલુકા ના સીમનીપાદર ગામ પાસે બનેલ અજ વિચિત્ર ઘટના માં આધેડ વ્યક્તિ નું મોત નીપજ્યું છે.

મળતી માહિતી અનુસાર અરવિંદભાઈ ધારાસિંગભાઈ વસાવા, રહે.સીમનીપાદર નાઓ એ આપેલ ફરિયાદ મુજબ તેમના પિતા ધારાસિંગભાઈ મનજીભાઈ વસાવા ઉં.વ.આ-૫૧ રહે. સીમની પાદર તા.સાગબારા જી.નર્મદા નાઓ પોતાના કબજામાની મો.સા. નંબર GJ-22-R- 6790 ની પુર ઝડપે હંકારી જતા હતા તે વખતે સીમની પાદર ગામની સીમમા સાગબારા-ડેડીયાપાડા હાઈવે નજીક આવતા રસ્તા ઉપર ઈલેક્ટ્રીક વાયર તુટીને નીચે પડેલ હોય અચાનક તે જોઈ જતા તેઓ ગભરાઈ જઈ પોતાના કબ્જાની મો.સા.ના સ્ટેયરીંગ ઉપરનો કાબુ ગુમાવી દેતા મો.સા.ઉપરથી રસ્તાની બાજુમાં પથ્થર વાળા ખાડામાં પડી જતા પોતાને માથામાં ગંભીર ઈજા પહોંચાડી તથા શરીરે નાની મોટી ઈજા પહોચાડતા તેમને પ્રથમ સારવાર સામુહિક આરોગ્ય કેન્દ્ર, સાગબારા ખાતે કરાવી વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલ, રાજપીપલા અને ત્યારબાદ જયાબેન મોદી હોસ્પિટલ, અંકલેશ્વર ખાતે સારવાર કરાવ્યા બાદ તા.૧૫/૧૧/૨૦૨૪ ના રોજ રજા લઈ સીમનીપાદર ગામે પોતાના ઘરે લઈ આવેલ અને પોતાના ઘરે હતા તે દરમ્યાન રાત્રીના સમયે તેમનું મોત થયું હતું.

# પ્રવેગનો નાણાકીય વર્ષ 25ના બીજા ત્રિમાસિકનો સંકલિત EBITDA 138% વધ્યો

**(એજન્સી) અમદાવાદ । તા. 17**

પ્રવેગ લિમિટેડ (બીએસઈ - 531637), ભારતની અગ્રણી પર્યાવરણ પ્રત્યે સભાન લક્ઝરી રિસોર્ટ કંપનીએ નાણાકીય વર્ષના બીજા ત્રિમાસિક અને પ્રથમ અર્ધવાર્ષિક માટેના તેના અનઓડિટેડ નાણાકીય પરિણામોની જાણ કરી છે. ના.વ. 25 માટેની મુખ્ય વિશેષતાઓ : હોસ્પિટાલિટી સેગમેન્ટની આવકે 23.67 કરોડનું યોગદાન આપ્યું છે. ઈવેન્ટ અને એક્ઝિબિશનના રેવન્યુ સેગમેન્ટે 2.39 કરોડનું યોગદાન આપ્યું છે. જાહેરાત સેગમેન્ટે 7.75 કરોડનું યોગદાન આપ્યું. કંપની પાસે 12 સંચાલિત રિસોર્ટ અને એક હોટેલમાં કુલ 619 રૂમ છે. પરિણામો પર ટિપ્પણી કરતા પ્રવેગ લિમિટેડના ચેરમેન શ્રી વિષ્ણુ પટેલે જણાવ્યું, "અમે અમારા વ્યૂહાત્મક વિસ્તરણ અને પર્યાવરણ-જવાબદાર લક્ઝરી હોસ્પિટાલિટી પ્રત્યેની પ્રતિબદ્ધતા દ્વારા સંચાલિત અમારી મજબૂત આવક અને કાર્યકારી નફાની વૃદ્ધિથી ખુશ છીએ. અમારા નિરંતર વિસ્તરણના પ્રયાસોથી વધુ અવમૂલ્યન અને નાણાંકીય ખર્ચ થયો છે, જેણે ટૂંકા ગાળામાં અમારી નફાકારકતાને અસર કરી છે. જો કે, જેમ જેમ અમારી કામગીરી સ્થિર થશે તેમ, અમે આગામી ત્રિમાસિકમાં સુધારેલા માર્જિનની અપેક્ષા ધરાવીએ છીએ. અમે 65થી વધુ લોકેશન પર 2,500થી વધુ રૂમના અમારા વિઝન 2028 લક્ષ્યને હાંસલ કરવા ટ્રેક પર છીએ, જેથી પ્રવેગને પર્યાવરણ પ્રત્યે સભાન લક્ઝરી હોસ્પિટાલિટીમાં પ્રતિષ્ઠિત આગેવાન તરીકે સ્થાન મળશે."

# રૉક્સ હાઇ-ટેકે નાણાકીય વર્ષ 25ના પ્રથમ અર્ધવાર્ષિક EBITDAમાં 19%ની વૃદ્ધિ નોંધાવી

**(એજન્સી) મુંબઈ । તા. 17**

રૉક્સ હાઈ-ટેક લિમિટેડ (NSE - ROXHITECH), એક ગ્રાહક-કેન્દ્રિત આઈટી સોલ્યુશન્સ પ્રદાતાએ નાણાકીય વર્ષ 25ના પ્રથમ ત્રિમાસિક માટેના તેના અનઓડિટેડ નાણાકીય પરિણામોની જાહેરાત કરી છે.

નાણાકીય પ્રદર્શન પર ટિપ્પણી કરતાં, રૉક્સ હાઈ ટેક લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી જીમ રાકેશ જણાવ્યું, 'નાણાકીય વર્ષ 25ના પ્રથમ અર્ધવાર્ષિકમાં અમારી સિદ્ધિઓને પ્રતિબિંબિત કરીને, મને એવા લક્ષ્યોને પ્રકાશિત કરવામાં આનંદ થઈ રહ્યો છે જે વૃદ્ધિ, નવીનતા અને ટકાઉપણા માટે રૉક્સ હાઈ-ટેકના સમર્પણને રેખાંકિત કરે છે. અમારા EBITDAએ EBITDA માર્જિનમાં 169 બીપીએસ સુધારા સાથે, વર્ષ-દર-વર્ષે મજબૂત 19%નો વધારો જોયો છે, જે અમારી મજબૂત નફાકારકતા દર્શાવે છે - એક વલણ જેને અમે આગામી વર્ષોમાં મજબૂત કરવા માટે પ્રતિબદ્ધ છીએ. આ સમયગાળાની મુખ્ય વિશેષતા એવરરીન્યુ માટે અમારી 'ગ્રો વિથ એસએપી' પહેલનો સફળ શુભારંભ છે, જે રિન્યુએબલ એનર્જી પ્રયત્નોને ડિજીટલાઈઝ કરવા અને સેક્ટરની અંદર ટેક-આધારિત પરિવર્તન માટેની અમારી પ્રતિબદ્ધતાને સમર્થન આપવા માટે એક મહત્વપૂર્ણ પગલું દર્શાવે છે. આ ઉપરાંત, અમે સિંગાપોરમાં રૉક્સ હાઈ-ટેક પીટીઇ લિમિટેડની રચના સાથે અમારી વૈશ્વિક હાજરીનો વિસ્તાર કર્યો, તેમજ અમારા આંતરરાષ્ટ્રીય ગ્રાહકોને વધુ સારી રીતે સેવા આપવા માટે જથ્થાબંધ કમ્પ્યુટર હાર્ડવેર સોલ્યુશન્સ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ઈન્ડિયન ગ્રીન બિલ્ડીંગ કાઉન્સિલના ફાઉન્ડિંગ મેમ્બર તરીકે અમારૂં સામેલ થવું એ ટકાઉ પ્રથાઓ પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને વધુ દર્શાવે છે, જેનું પ્રતિષ્ઠિત આઈડીબીસી ફાઉન્ડિંગ મેમ્બરશીપ પ્રમાણપત્ર દ્વારા પ્રતિકિત છે. તદુપરાંત, વ્યાપક માળખાકીય સેવાઓમાં અમારા સર્ટિફિકેશન્સ - એન્ટરપ્રાઈઝ નેટવર્કિંગ, પ્રોડક્ટ સોલ્યુશન્સ, કન્સલ્ટિંગ અને પ્રશિક્ષણમાં ફેલાયેલા - અમારા ગ્રાહકોની વિકસતી જરૂરિયાતોને કુશળતા અને વિશ્વાસપાત્રતા સાથે સંબોધવામાં વિશ્વસનીય ભાગીદાર તરીકે અમારી સ્થિતિને મજબૂત બનાવે છે. આ સિદ્ધિઓ અમારી વ્યૂહાત્મક દિશાની તાકાત અને ભવિષ્યની તકો મેળવવાની તૈયારીને પ્રતિબિંબિત કરે છે, તો બીજી તરફ અમારા હિતધારકો માટે સતત ટકાઉ મૂલ્યનું નિર્માણ કરે છે.

# પાવરપટ્ટી વિસ્તાર નીરોણામાં દારૂબંદી કરાવવા માટે PSI સમક્ષ રજૂઆતો કરાઈ



**એમ.એલ. સોની । નખત્રાણા**

નખત્રાણા તાલુકાના નીરોણામાં કેટલાક સમયથી દારૂનું દુષણ વધી રહ્યો છે.ગુજરાતમાં દારૂ બંદી હોવા છતા કચ્છના અનેક વિસ્તારોમાં દારૂનું સેવન વધ્યો છે. ત્યારે આજે રપાવરપટ્ટી વિસ્તારના મુખ્ય મથક નીરોણા ખાતે બહુજન આર્મીના લખનભાઈ ધુવા અને સ્થાનિક લોકોએ આ બાબતે નીરોણા પોલીસ સ્ટેશનમાં જઈ પી.એસ.આઈ સમક્ષ રજૂઆત કરી હતી કે હાલ નીરોણામાં દેશી તેમજ વિદેશી દારૂનો દુષણ દિવસે દિવસ વધી રહ્યો છે. નાની નાની વયના યુવાનો દારૂના દુષણથી જીવ ગુમાવી રહ્યા છે. જે સમાજ અને દેશ માટે અંતી ચિંતા જનક બાબત છે. વળી બીજી તરફ બૂટલેગરો ખુલ્લે આમ દારૂની હાટડીઓ ચલાવી રહ્યા છે. ગુજરાતમાં દારૂ બંદી હોવા છતા પણ તેની ખાસ કોઈ અશર જોવા મળતી નથી પોલીસની નજર સામે દારૂના કારોબાર ચલાવી રહ્યો છે.જેને રોકવા અને દારૂ બંદીના કાયદોનો કડક માં કડક અમલવારી કરાવવાની માંગ સાથે અનેકો રજૂઆતો લખનભાઈ ધુવા તેમજ લોકો દ્વારા કરવામાં આવી હતી તેવું જણાવાયું છે.

# રાજપીપળા માછી સમાજ વાડી પર રાખેલા નવચંડી યજ્ઞમાં ધારાસભ્ય ડો. દર્શનાબેનની ખાસ ઉપસ્થિતિ

**ભરત શાહ : રાજપીપળા**



રાજપીપળા લીમડા ચોક માછી સમાજ દ્વારા સમાજના સહયોગથી વાડી નું નિર્માણ કાર્ય પૂર્ણ થતા શિવરામ મહારાજ ની અધ્યક્ષતામાં વાડીને સમાજના ઉપયોગ માટે ખુલ્લી મુકવા ભક્તિ ભાવ ભર્યા વાતાવરણમાં નવચંડી યજ્ઞનું આયોજન કરી પૂજા વિધિ દ્વારા નવનિર્મિત વાડીને ખુલ્લી મુકાઈ, જેમાં માછી સમાજના શ્રેષ્ઠિઓ દાતાઓ મહિલાઓ યુવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ શુભ અવસરે આહિના વતની અને વર્ષોથી આ વિસ્તારમાં રહી ધારાસભ્ય સુધી પહોંચનાર નાંદોદના લોકપ્રિય ધારાસભ્ય ડોક્ટર દર્શનાબેન દેશમુખ હાજર રહ્યા, જેમણે આ વાડીમાં યોગદાન આપનાર તમામ દાતાઓ તથા વાડી માટે પોતાના સમયનું શ્રમદાન આપનાર માછી સમાજના યુવાનો તથા તમામ કાર્યકરોને તેમની ઉત્તમ કામગીરી બદલ શુભકામનાઓ પાઠવી હતી સાથે સમાજના આવા કામો સતત ચાલતા રહે અને સમાજ સતત પ્રગતિ કરે તેવી શુભકામનાઓ પાઠવી સમાજે તેમના કરેલા બહુમાન બદલ આયોજકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# રાજપીપળા નવાપરા ભટ્ટ શેરી પાસે આવેલા મકાનમાંથી રૂપિયા 63 હજારના મુદ્દામાલની ચોરી

## કોઈ અજાણ્યો ચોર ઘર ની છતના દરવાજા ને ખોલી મકાનમાં ઘૂસી તિજોરી નથી સોનાની માળા સહિત અન્ય વસ્તુઓ ચોરી લઈ ગયો

**ભરત શાહ : રાજપીપળા**

રાજપીપળા શહેર ના નવાપરા વિસ્તાર ના એક રહેણાંક મકાન માંથી ચોરી થતાં મકાન માલિકે અજાણ્યા ચોર વિરૂદ્ધ ફરિયાદ આપી છે. પ્રાપ્ત વિગતો અનુસાર જયકુમાર અતુલકુમાર શાહ રહે.નવાપરા ખેડાવાળની ખડકી વૈધનાથ મહાદેવ મંદીર પાસે, રાજપીપલા એ આપેલ ફરિયાદ માં જણાવ્યા મુજબ તેમના નાની અનિલાબેનના મકાનમા તા.૧૬/૧૧/ ૨૦૨૪ ના રોજ આશરે બે થી સવા ત્રણ વાગ્યાના અરસા માં કોઈ અજાણ્યા ચોર ઈસમે ઘરની ઉપર છતના દરવાજાને ખોલી મકાનમા અપ પ્રવેશ કરી તેમના નાનીએ તિજોરીમાં મુકેલ તુલસીના પારાવાળી સોનાની માળા કિ. રૂ.૫૦,૦૦૦/- તથા તિજોરીમાં મુકેલ રોકડા રૂ.૨૪૫૦/- તથા ખાટલા ઉપર મુકેલ એક રિયલમી કંપનીનો મોબાઈલ જેની આશરે કિ.રૂ.૧૦,૦૦૦/- તથા એક નોકીયા કંપનીનો સાદો મોબાઈલ જેની કિ.રૂ. ૧૦૦૦/- મળી કુલ કિ. રૂ.૬૩,૪૫૦/-ની ચોરી કરી લઈ જતા રાજપીપળા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# શ્રી કેશવ સિમેન્ટ એન્ડ ઈન્ફ્રાએ નાણાકીય વર્ષ 25 પ્રથમ અર્ધવાર્ષિકમાં ₹ 56.60 કરોડની કુલ આવક હાંસલ કરી

**(એજન્સી) મુંબઈ । તા. 17**

શ્રી કેશવ સિમેન્ટ એન્ડ ઈન્ફ્રા લિમિટેડ (BSE - 530977), કર્ણાટક રાજ્યમાં સિમેન્ટ અને સોલાર પાવર જનરેશન અને ડિસ્ટ્રિબ્યુશનના ઉત્પાદનમાં રોકાયેલ છે, તેણે નાણાકીય વર્ષ 25ના બીજા ત્રિમાસિક અને પ્રથમ અર્ધવાર્ષિક માટેના તેના અનઓડિટેડ નાણાકીય પરિણામો જાહેર કર્યા છે. નાણાકીય પ્રદર્શન અંગે ટિપ્પણી કરતા, શ્રી કેશવ સિમેન્ટ એન્ડ ઈન્ફ્રા લિમિટેડના ચેરમેન શ્રી વેંકટેશ કટવાએ જણાવ્યું, 'અમે અમારા નાણાકીય વર્ષ 25ના બીજા ત્રિમાસિકના પરિણામો જાહેર કરીને અમે શ્રી કેશવ સિમેન્ટ્સ એન્ડ ઈન્ફ્રા માટે આ ત્રિમાસિક ગાળાને આકાર આપનાર મહત્વપૂર્ણ પ્રગતિ અને પડકારો બંનેને સ્વીકારીએ છીએ. 25.36 કરોડની કુલ આવક અને 12.44%નું EBITDA માર્જિન હાંસલ કરવું એ ગતિશીલ બજાર વાતાવરણમાં કાર્યકારી કાર્યક્ષમતા અને સ્થિતિસ્થાપકતા પર અમારા ધ્યાનને પ્રતિબિંબિત કરે છે. જ્યારે અમારૂં કર બાદ નફાનું પરિણામ કેટલાક ટૂંકા ગાળાના નાણાકીય દબાણને રેખાંકિત કરે છે, ત્યારે અમે અમારા ખર્ચ માળખાને મજબૂત બનાવવા અને અમારા બજારના પદચિહ્નને વિસ્તૃત કરવાના હેતુથી મુખ્ય વ્યૂહાત્મક પહેલોનો લાભ લઈ રહ્યા છીએ. ટકાઉ ઉર્જા વિસ્તરણ માટેની અમારી પ્રતિબદ્ધતા કર્ણાટકમાં બિસેરાહલ્લી ખાતે વધારાના 3 મેગાવોટના સોલાર પ્લાન્ટની શરૂઆત સાથે જળવાઈ રહી છે, જેનાથી અમારી કુલ સૌર ક્ષમતા વધીને 40 મેગાવોટ થઈ જશે. આ સિદ્ધિ સ્વચ્છ ઉર્જા ઉકેલો પ્રત્યેના અમારા સમર્પણને વધુ મજબૂત બનાવે છે, પર્યાવરણની રીતે જવાબદાર ભાવિ માટેના અમારા વિઝન સાથે સંરેખિત થાય છે. આ સિદ્ધિઓ ટકાઉ વૃદ્ધિ અને નાણાકીય તાકાત પર અમારા વ્યૂહાત્મક ધ્યાનને રેખાંકિત કરે છે, કારણ કે અમે અમારા હિતધારકોને મૂલ્ય પહોંચાડવા અને અમારા લાંબા ગાળાના ઉદ્દેશ્યોને સમર્થન આપવા માટે પ્રતિબદ્ધ છીએ.

## કંકોત્રીનું ત્રીજું પાનું ખોલતા સુધીમાં તો તેમના વાઈરસ ડિજીટલ ઈન્સટ્રૂમેન્ટમાં પ્રવેશી જાય છે

# ઈ કંકોત્રી મારફતે હેકર્સ વાઈરસ મોકલીને સિસ્ટમ હેક કરી શકે છે

તુલસી વિવાહ સંપન્ન થયા બાદ હવે મેરેજની સિઝન પુરબહારમાં ખીલી ઉઠશે. દેશમાં આગામી ૨૩ દિવસોમાં ૩૮ લાખ લગ્નો યોજાશે. ગયા વર્ષે આ સમય ગાળામાં ૩૨ લાખ લગ્નો યોજાયા હતા. કરોડો રૂપિયા ખર્ચાશે અને પોતાના સંબંધીઓને ત્યાં લગ્નોમાં લોકો મહાલશે. જોકે લગ્નોની સિઝનની ખરીદી તેમજ આયોજનમાં વ્યસ્ત લોકો પર ઈન્ટરનેટ હેકર્સ વોચ રાખીને બેઠા છે. લોકોને કેવી રીતે ફસાવવા તેની વિવિધ ટ્રીક્સ હેકર્સ અપાનવતા હોય છે. લોકો કંઈ સમજે તે પહેલાં તો તેનું બેંક બેલેન્સ ખાલી થઈ જતું હોય છે. લગ્નોની મોસમમાં હવે ઈ-કંકોત્રીની સિસ્ટમ (ડિજીટલ વેડીંગ આમંત્રણ)શરૂ થઈ છે. જે લોકોને રૂબરૂ મળવા નથી જઈ શકાતું તેમને ઈ કંકોત્રી મોકલવામાં આવે છે. આ કંકોત્રીની પીડીએફ સામાન્ય રીતે કંકોત્રી પ્રિન્ટ કરનારાજ તૈયાર કરી આપતા હોય છે. લોકો પણ કંકોત્રી સાચવવાના બદલે મોબાઈલમાંજ તારીખો જોતા થઈ ગયા છે. મોબાઈલમાં ગુગલ મેપ સાથેના એડ્રેસની સવલતો આપેલી હોય છે. જેના કારણે કંકોત્રી સાચવી રાખવાની બહુ જરૂર નથી પડતી. હેકર્સની નજરમાં ઈ કંકોત્રી આસાન ટાર્ગેટ બની ગઈ છે. હેકર્સ બોગસ ઈ કંકોત્રી બનાવીને લોકોને મોકલી રહ્યા છે. લોકો




લગ્નનું આમંત્રણ સમજીને તે હોંશે હોંશે ખોલીને એ જોવોનો પ્રયાસ કરે છે કે કોને ત્યાં લગ્ન છે અને કઈ તારીખે છે. પરંતુ આવી ઈ કંકોત્રી ખોલનારા હેકર્સના ટ્રેપમાં ફસાઈ જાય છે. કંકોત્રીનું ત્રીજું પાનું ખોલતા સુધીમાં તો તેમના વાઈરસ ડિજીટલ ઈન્સટ્રૂમેન્ટમાં પ્રવેશી જાય છે અને તેમાં પ્રસરી જાય છે.

વોટ્સ એપ પર શરૂ થયેલું આ ઈ કંકોત્રી કૌભાંડ અનેકને ફસાવી ચૂક્યું છે. ડિજીટલ વેડીંગ આમંત્રણની બોલબાલા તેમજ નવા ટ્રેન્ડને હેકર્સે ટાર્ગેટ કર્યો હતો. ડિજીટલ આમંત્રણ હવે ફેશનની સાથે ટ્રેન્ડ પણ બની ગયો છે. ડિજીટલ ક્ષેત્રે પોતાની ઓળખ માટે લોકો એટલા હરખપદૂડા બની ગયા છે કે તેમને સાયબર ગુનેગારો તમે ત્યારે ત્રાટકી શકતે છે તે બાબતની લગ્ગીરેય પડી નથી. સાયબર ક્રિમિનલોની દુનિયા સાવજ અલગ પ્રકારની છે. લોકોના મનમાં શું રમે છે તે જાણવાની આ ગેંગ સતત પ્રયાસ કરતી હોય છે. ડિજીટલ ઈન્વીટેશન પર સાયબર ફ્રોડ કરનારા ત્રાટકી શકે તે તો સાયબર પોલીસે પણ વિચાર્યું નહોતું. સાયબર ક્રિમિનલ્સ બહુ સ્માર્ટ સાબિત થઈ રહ્યા છે. સાયબર ક્રિમિનલ્સ જાણતા હતાકે ડિજીટલ આમંત્રણ ત્વરીત ખોલવા માટે સૌ ઉતાવળા હોય છે. અજાણ્યા નંબર પરથી ઈ કંકોત્રી આવી હોવા છતાં લોકો તેને ખોલતાં અચકાતાં નથી. સાયબર ક્રિમિનલ સાથે સંકળાયેલી ગેંગ વિવિધ રાજ્યોમાં પથરાયેલી છે અને ઈન્ટરનેટ જાણતા યુવાનો હેકર્સના સ્લીપર સેલ તરીકે કામ કરતા હોય છે. સાયબર ફ્રોડ કરનારા જ્યારે ડિજીટલ સિસ્ટમ પર કાબુ મેળવે છે ત્યારે તેની પાસે સિસ્ટમ રહેલી બેંકની વિગતો, પાસવર્ડ તેમજ પર્સનલ ઈન્ફોર્મેશન વગેરે આસાનીથી આવી જાય છે. તે કોઈને ધમકાવીને પૈસા પડાવવાનું કામ પણ હેક કરેલી સિસ્ટમ પરથી કરી શકે છે. તે કોઈને ધમકી પણ હેક કરેલી ડિજીટલ સિસ્ટમ પરથી આપી શકે છે. ટૂંકમાં સિસ્ટમ પર હેકર્સનો કાબુ આવી જાય છે. બેકો સાથે થતા બિઝનેસ કોમ્યુનિકેશન તે જાણી શકે છે. આવા કેસમાં મોટી કંપનીઓ વાળા વધુ ફસાતા હોય છે કેમકે તેમના કુટુંબમાં થતા લગ્નોમાં આધુનિક સિસ્ટમ જોવા મળે છે. સાયબર પોલીસ લોકોને ચેતવે છે કે જેમ તમે અજાણ્યા ઈમેલ પર ક્લીક નથી કરતા એમ કોઈ પણ ડિજીટલ આમંત્રણ પર ક્લીક કરીને તેને ડાઉનલોડ કરવાથી દુર રહેવું. સાયબર ક્રિમિનલ કંકોત્રીના ટ્રેપમાં લોકોને ફસાવવા જાન ઉપડવાનો સમય અલગથી લખીને મોકલે છે. આ મેસેજ જોવા તે ખોલનાર પણ ટ્રેપમાં ફસાઈ જાય છે. એટલેજ જ્યારે અજાણ્યા નંબર પરથી કોઈ ઓનલાઈન આમંત્રણ આવે ત્યારે તેને ડાઉનલોડ કરતાં સો વાર વિચારજો. ઈન્ટરનેટના ઉપયોગ સાથે સંકળાયેલા દરેકે એ ડર રાખવાની જરૂર છે કે હેકર્સના ટ્રેપમાં ફસાવવાથી ઘણું ગુમાવવાનો વારો આવી શકે છે. ડિજીટલ કંકોત્રી તમારા સોશ્યલ નેટવર્ક પર આવે ત્યારે તે મોકલનાર કોઈ અજાણ્યો હોય તો તે મસેજની ડીલીટ કરવામાંજ શાણપણ છે.

**શિયાળામાં તાપમાન ઓછું થવાને કારણે શરદી, તાવ અને ઉધરસ જેવી સમસ્યાઓ થવા લાગે છે, આ સિવાય ઘણા લોકોના સાંધામાં દુખાવો વધી જાય છે અને માંસપેશીઓ પણ જકડાઈ જાય છે. ખાસ કરીને વૃદ્ધોને ખૂબ તકલીફ થાય છે અને જે લોકો આર્થરાઈટિસથી પીડાય છે, તેમના સાંધાનો દુખાવો પણ શિયાળામાં વધી જાય છે. શિયાળા દરમિયાન સ્નાયુઓની જકડાઈ અને સાંધાના દુખાવાથી રાહત મેળવવા માટે કેટલીક સરળ ટિપ્સ અપનાવી શકાય છે.**

**શિયાળામાં તાપમાન ઓછું થવાને કારણે શરદી, તાવ અને ઉધરસ જેવી સમસ્યાઓ થવા લાગે છે, આ સિવાય ઘણા લોકોના સાંધામાં દુખાવો વધી જાય છે અને માંસપેશીઓ પણ જકડાઈ જાય છે. ખાસ કરીને વૃદ્ધોને ખૂબ તકલીફ થાય છે અને જે લોકો આર્થરાઈટિસથી પીડાય છે, તેમના સાંધાનો દુખાવો પણ શિયાળામાં વધી જાય છે. શિયાળા દરમિયાન સ્નાયુઓની જકડાઈ અને સાંધાના દુખાવાથી રાહત મેળવવા માટે કેટલીક સરળ ટિપ્સ અપનાવી શકાય છે.**

# શિયાળામાં સાંધાનો દુખાવો કરી રહ્યો છે પરેશાન? આ ઘરેલુ ઉપચારથી મેળવો રાહત



**આ તેલી માલિશ કરો** | જો તમને સંધિવાની સમસ્યા હોય તો સાંધા અને સ્નાયુઓમાં દુખાવો અને જકડાઈથી રાહત મેળવવા માટે તેલ તૈયાર કરો અને તેનો સંગ્રહ કરો અને તે તમને આખી ઋતુમાં ઉપયોગી થશે. આ માટે, સરસવના તેલમાં થોડી લવિંગ, અજમો, લસણની કડી, આદુ બધું સારી રીતે મિક્સ કી ગરમ કરી લો પછી તે ઠંડુ થાય તે બાદ રોજ સુતી વખતે માલિશ કરો

**દરરોજ થોડું સ્ટ્રેચિંગ કરો** | શિયાળામાં સાંધાના દુખાવા અને સ્નાયુઓની જકડાઈથી બચવા માટે દરરોજ હળવી સ્ટ્રેચિંગ એક્સરસાઈઝ કરવી જોઈએ. આનાથી માંસપેશીઓ ખુલ્લી રહે છે અને વધારે દુખાવો થતો નથી, આ ઉપરાંત સાંધાઓની મુવમેન્ટ પણ યોગ્ય રહે છે અને વજન પણ જળવાઈ રહે છે, જે સાંધાના દુખાવાથી બચવા માટે જરૂરી છે. આ વસ્તુઓ ખાવાનું ટાળો છ શિયાળામાં આર્થરાઈટિસની સમસ્યા ઉદભવે છે, તેથી જે લોકોને આ સમસ્યા હોય તેમણે પોતાના આહારનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. જો તમને સંધિવા હોય તો તમારે પ્યુરિન યુક્ત ખોરાક, મીઠો ખોરાક, ગ્લુટેન યુક્ત ખોરાક, તળેલા ખોરાક વગેરે ટાળવા જોઈએ અને પુષ્કળ પાણી પીવું જોઈએ.

**હીટિંગ પેડ રાહત આપશે** | જો શિયાળામાં સાંધા અને સ્નાયુઓમાં દુખાવો થાય છે, તો તમારા ઘરમાં હીટિંગ પેડ હોવું જરૂરી છે. જરૂર જણાય તો તેને ગરમ કરીને અસરગ્રસ્ત જગ્યા પર લગાવવાથી ઘણી રાહત મળે છે. જો હીટિંગ પેડ ન હોય તો, એર-ટાઈટ કાચની બોટલમાં ગરમ પાણી ભરો અને તેના પર કપડું લપેટો. આના દ્વારા તાલીમ પણ આપી શકાય છે. આ સિવાય ગરમ પાણીનું કોમ્પ્રેસ પણ ઘણી રાહત આપે છે.

**કપડાંની સંભાળ રાખો** | શિયાળા દરમિયાન, લોકો એવા કપડા પહેરવા માંગે છે જે તેમને ચુસ્ત લાગે, પરંતુ જો તમે સ્નાયુઓની જકડાઈ અને સાંધાના દુખાવાથી બચવા માંગતા હો, તો એવા કપડાં પહેરો જે ગરમ હોય પરંતુ વધુ ચુસ્ત ન હોય. ઉદાહરણ તરીકે, સંપૂર્ણ ફીટ જીન્સ પહેરો છો ત્યારે ચાલતી વખતે ઘૂંટણના સાંધા યોગ્ય રીતે હલનચલન કરી શકતા નથી અને તેના કારણે પીડા થઈ શકે છે.


# અકર્મણ્યતા એટલે જીવતું મડદું

એક ચિંતકે લખ્યું છે,

" ज़िदगी की कीमत साँसों की गिनती से नहीं होती बल्कि साँस थमाने वाली क्षणों से होती है।"

આનો આશય એ છે 'કે આપણે કેટલું જીવ્યા એ અગત્યનું નથી પણ કેવી રીતે જીવીએ છે એ મહત્વનું છે. ભગવાને આપેલી આ સ્વર્ણ સમ જિંદગીને જેમ તેમ વેડફી નાંખીએ તે જીવનનો દુરુપયોગ કહેવાય ! શું ફક્ત 75 કિલોનું વજન ઊંચકીને ૭૫ વર્ષ પૂર્ણ કરવા એજ જીવન છે?શું આપળે એટલે જીવીએ છે કે મરી નથી ગયા ! ના, આ જીવન નથી પણ મૃત્યુનો આરંભ કહેવાય. મોતનો ખેલ શરૂ થાય છે ને માણસનું જીવન ખતમ થાય છે. પછી સગાંઓને એક સર્ટિફિકેટ આપવામાં આવે છે : 'ડેથ સર્ટિફિકેટ XYZ માણસ મર્યાનું પ્રમાણપત્ર ! હા, જીવતા હોવાનું કોઈ સર્ટિફિકેટ મળે છે ખરું?







પડેલા કૂતરાને લાત કે પથરો વાગ્યા પછી પણ સફાળું ઊઠતું નથી, છોડોને ખેડ, ખાતર ને પાણી આપવા છતાં પણ તે ફળતો નથી, પિતાની છાતી પર માથા પછાડતાં બાળકની આંખો લૂછવા પિતાના હાથ ઊઠતા નથી, અને જોનારને સમજાઈ જાય છે કે જીવન ઓલવાઈ ચુકયું છે, રોશની ઠરી ચૂકી છે !

જીવતરનું પ્રમાણપત્ર છે, બહ્ય-ઉદ્દીપનોનો ત્વરિત પ્રતિભાવ ! ક્રિયા અને પ્રતિક્રિયા એ 'જીવન' નું ચિહ્ન છે. પણ રાત-દિવસ ક્રિયા કે કામકાજમાં વિતાવનારાં હરતાં ફરતાં મડદાંઓને તમે જોયા છે ?

એક એમ.બી.એ.નો ડિગ્રીધારી યુવાન. ચશ્માં પાછળની તગતગતી આંખોમાં હતાશા.... રૂ.4,000નો પગાર અને મોંમાં વારંવાર એક શબ્દ: 'કંટાળો' આવે છે...શું કરવું તે સમજાતું નથી. આ તે કાંઈ જિંદગી છે ?' અને ધોરણ-12માં વિજ્ઞાનના વિષયમાં ભણતા એક સદા તરવરિયા કિશોરમાં અચાનક પરિવર્તનનો લાગેલો લૂણો....એક સાથે 50 સ્લીપીંગ પીલ્સ ગળીને સ્કુટી સાથે એ ભરબપોરે બજાર વચ્ચે પછડાઈ ગયો.... કિડની ખલાસ થઈ છે, ને ડાયાલિસીસ પર જીવતાં ધીરે ધીરે દમ તોડી રહ્યો છે. અકર્મણ્યતાનું કેવું પરિણામ !

હવે એક બીજી બાજુ જુઓ ! ઝેન ફકીર બોકાઝુની એક જાણીતી વાત છે. તેમને પૂછ્યુ: 'તમારી સાધના શું ?' તેમણે કહ્યું કે 'હું ભોજન કરતી વખતે ભોજન જ કરું છું...પાણી ભરતી વખતે માત્ર પાણી જ ભરું છું... સુતી વખતે શાંતિ સિવાય મનમાં... કાંઈ જ ઘુંટતો નથી...

પ્રશ્નકર્તાએ નવાઈથી પૂછ્યું... ' આ કાંઈ સાધના છે?' અને ફકીર કહે છે: 'હા ' જો આમ જ સૌ કોઈ સાધના કરતા રહે, ને દરેક કામમાં દિલ રેડતા રહે, તો પૃથ્વી પર બધા જ તથાગત બુદ્ધ હોય !

એટલે જ મહંતસ્વામી મહારાજ સમજાવે છે "પ્રવૃત્તિની ગુણવત્તા સમજનારાઓ, મન-બુદ્ધિ અને શરીરનો પૂરો ઉપયોગ કરીને કામ કરનારાઓ મજૂરીની કેટેગરીથી આગળ છે. એને ' કાર્યકર કહેવામાં આવે છે. એ લોકો કોઈક આદર્શને સમર્પિત હોય છે. અને એવું દરેક કામ કાર્યકર મહત્તા આપતું રહે છે."

તમે કયારેય એવું સાંભળ્યું કે આ રાજકીય મજૂર છે... આ ધાર્મિક મજૂર છે... આ સામાજીક મજૂર છે ? કદાપિ નહીં ! કારણ છે, એ કાર્યકરનાં ધ્યેયમાં રહેલી આદર્શની ભાવના ! સમાજમાં પરિવર્તન કરવાની એમની અદમ્ય ઈચ્છા ! અને એ ધ્યેય પાર પાળવાનો નિઃસ્વાર્થ અને સખત પરિશ્રમ જ એમને 'કર્યકર' બનાવે છે.

ખલિલ જિબ્રાને સાચું કહ્યું છે: 'જે માણસ એક બી વાવતો નથી, એક પણ ઈંટ મૂકતો નથી કે એક પણ વસ્ત્ર વણતો નથી, પણ રાજકારણને પોતાનો ધંધો બનાવે છે. એ જરૂર પોતાના દેશ પર આફત વરસાવે છે ! હા, "લોકોના સંતાપ ઉપર સ્વાર્થની ભાખરી શેકનારાઓના ધમપછાળાને કોઈ 'રચનાત્મક પ્રવૃત્તિ' નથી કહેતું ! વાસ્તવમાં જીવતર એનું નામ છે, જિવાઈ રહ્યા પછી મરનાર પૂરો સંતોષ સાથે મર્યો હોય, અને પોતાની પાછળ જીવનાર માટે કંઈક પ્રેરક અને કાંઈક અમર સ્મૃતિ સમું અર્પણ કરીને ગયો હોય..."

જૂ-માંકડની જેમ ક્ષુદ્ર જીવન જીવી જાનારાઓને પૃથ્વી પોતાના ખોળામાં જરૂર સંઘરે છે. પણ ઈતિહાસ તો એવા લોકોની જ યશગાથા ગાય છે : જે કામ કરતાં કરતાં ,નથી ઘડિયાળ સામે જોતા, નથી પોતાના ખિસ્સાની સાઈઝ વધરવા સામે જોતા ! ઝાડુ મારવાથી માંડી મેનેજમેન્ટ સુધીના ફલકને સ્વાર્થ વગરની બાથ જે ઉત્સાહ-પૂર્વક ભરી શકે છે...અને શરીર-મન અને હૃદયનો ઉપયોગ લોક-કલ્યાણ અને આત્મકલ્યાણના એક માત્ર ધ્યેય સાથે કરતા રહે છે, આવા લોકો મજૂર અને કાર્યકર કરતાં આગળ સિદ્ધની કક્ષામાં હોય છે.

- રાધિકા શુક્લા

# સૂચિ એ અનુ ની સાથે વાતચીત કરવાનું બિલકુલ બંધ કરી દીધી હતું છતાંય અનુ ના હાર્ટ મેસેજ આવ્યા કરતા હતા પરંતુ....

## સૂચિ ના પગ પાસે બેસીને અનુરાગે હીરાની વીંટી દ્વારા પ્રપોઝ કરતા પૂછ્યું વિલ યું મેરી મી.પ્લીઝ!!સૂચિ,ત્રણ દિવસ સુધી પરેશાન કરવા બદલ માફ કરી દઈશ...સૂચિ એ શરમાઈ ને "યેસ" બોલતાં જ ભેગા પરિવારના સભ્યોએ આનંદ થી તાળીઓ પાડી...

અનુરાગ...અનુરાગ...તમે ક્યાં છો? કેમ જવાબ નથી આપતા? પ્લીઝ!!જવાબ આપ,તારે કઈક તો જવાબ આપવો જ પડશે... ઓહ!!!કાશ,મારી ખામી વિશે તને જાણકારી આપી ના હોત સારું હોત,મારાથી મોટામાં મોટી ભૂલ થઈ ગઈ. અનુરાગ!!યાર,તે જ કીધું હતું કે પ્રેમમાં એકબીજા ની બધી વાત શેર કરવી જોઈએ નાની વાત એકબીજા થી છુપાવી જોઈએ નહિ. પ્રથમ વખત મળીયા ત્યારે તે તારા બ્રેક અપ ની વાત કરી હતી.તે તારી એક્સ ગર્લ ફ્રેન્ડ સાથેના ખાસ રિલેશન વિશે કીધું ત્યારે મને એ વાત નું દર્દ મનમાં હતું. તે પ્રેમથી મને પ્રોમિસ આપતા સમજાવ્યું હતું કે દિયા મારો ભૂતકાળ હતો ને તું મારું વર્તમાન છો.

વર્ષ દરમિયાન ચાલતા સબંધો અવિરત પ્રેમભર્યા રહે એટલે સેકડો હિંમત એકઠી કરીને કીધું હતું કે સ્કૂલ કાળ દરમ્યાન થયેલ એક્ટિવા નું કાર સાથે એક્સિડન્ટ થતાં ગર્ભાશયમાં ઈજ્જા ને લીધે ગર્ભાશય કઢાવવું પડ્યું હતું તુ મારું એક માત્ર વર્તમાન છો એટલે લગ્ન પહેલા આટલી મોટી વાત છુપાવવા માંગતી નહોતી.. મારા જીવન નું સત્ય સાંભળી ને તારું રીએકશન આ પ્રકાર નું આવશે એ નહતી ખબર...ઓકે!!! ફાઈન,તુ મને બ્લોક કરી શકે છે,પ્લીઝ ઓનલાઈન રહીને વાત કરવાના બદલે હાર્ટ ના મેસેજ મોકલવાનું નાટક બંધ કરી દે.હવે મારામાં તને વધારે સફાઈ આપવાની તાકાત બચી નથી..બાય બાય tc.

સૂચિ એ અનુ ની સાથે વાતચીત કરવાનું બિલકુલ બંધ કરી દીધી હતું છતાંય અનુ ના હાર્ટ મેસેજ આવ્યા કરતા હતા પરંતુ સૂચિ ની વાત નો આન્સર નહતો આપતો કંટાળી ને બેત્રણ દિવસ સૂચિ એ અનું ને મેસેજ કર્યો જ નહીં છતાંય અનુરાગ ને ખાસ ફર્ક પડતો ના હોય એવું લાગતુ હતું. અચાનક અનુરાગ ના હાર્ટ મેસેજ આવતા પણ બંધ થઈ ગયા.સૂચિ ગભરાઈ ને વિચારવા લાગી કે શું થયું હશે? બીમાર તો નહી પડી ગયો હોઈ ને નક્કી મારી હકીકત જાણી ને મેદાન છોડી ભાગી ગયો..પુરુષો કાયર જ હોય છે,સારું થયું ને થયું..



મોર્ડન લવ સ્ટોરી

- રુપાલી દવે

ધીમે ધીમે અનુરાગ ની એના પ્રત્યે ની ઉદાસીનતા ને લીધે સૂચિ ઉદાસ રહેવા લાગી ને રૂમમાં દરવાજા બંધ કરીને વધારે સમય વિતાવવા લાગી. એની ભૂખ તરસ પણ ખત્મ થઈ ગઈ હતી.ભૂખ્યા રહેવાના લીધે ચહરો બીમાર જેવો દેખાવવા લાગ્યો ને અનુરાગ એ બ્રેક અપ કર્યું એનું દર્દ રહી રહીને એની બન્ને આંખને ખૂણા માંથી વહિયા કરતું હતું. સૂચિ ની રૂમ પાર્ટનર સ્નેહા એને સમજાવ્યું કે સૂચિ, બસ કર આ બધું શું છે? અરીસા માં ચહેરો જોયો તારી હેલ્થ બગડી રહી છે..અનુરાગ મેસેજ વાંચી લે છે એનો અર્થ એ છે કે એ તને પ્રેમ કરે છે, એ તારા મેસેજ ના વાંચતો હોત તો કદાચ સમજી શકાય. અનુરાગ ને તારી સમસ્યા વિશે જાણ થતાં એ અપસેટ હશે.યાર!!!! સૂચિ,દરેક સ્ત્રી ની જેમજ પુરુષ ને પણ એનું પોતાનું બાળક હોય એ સ્વપ્નું હોઈ છે...તું માં જ બની શકવા ની નથી એ જાણી એને કદાચ આંચકો લાગ્યો હોય શકે.તુ એને વિચારવાનો સમય તો આપ.જો અનુરાગ ખરેખર સાચા હદય થી તને પ્રેમ કરતો હશે તો એ તારી ખામી ને નજર અંદાજ કરશે.. સૂચિ એ સ્નેહા ની વાત સાંભળીને રડતા રડતા કહ્યું કે સ્નેહા,તારી બધી વાત સાચી પરંતુ દિલ ને માત્ર ને માત્ર અનુરાગ જ સમજાવી શકશે મે ખૂબ પ્રયત્ન કર્યા સમજાવવા ના પણ એ માત્ર ને માત્ર અનું ને માટે ધડકે છે..

દુબઈ માં સેટ થયેલ અનુરાગ સાથે ઓનલાઈન પ્રેમ સબંધ ને બે વર્ષ ઉપર થઈ ગયા છે એની સાથે મારું માત્ર બે દિવસ ની ઓનલાઈન cheting નથી થયું એમાં મન હદય ઉદાસ છે મને કશુંય ગમતું નથી.સ્નેહા એ મારા તન,મન,હદય માં એવો ઘૂસી ચૂક્યો છે ને મન માંથી બહાર નીકળવો મુશ્કેલ છે. શું કરું સ્નેહા? મને તો હવે મારી લાઈફ પણ બોરિંગ લાગવા માંડી છે.સૂચિ અને સ્નેહા વાતચીત માં વ્યસ્ત હતા ત્યાં અચાનક સૂચિ ના ફોન ની રીંગ વાગી 'પપ્પા મેરે પપ્પા..' અનુરાગ ના ગમ માં ડૂબેલ સૂચિ નેપપ્પા નો ફોન માં અવાજ સાંભળી ને ખુશ ખુશાલ થઈ ગઈ. આનંદભાઈ એ દીકરીને કહ્યું કે બેટા, આજની ફ્લાઈટ પકડીને બેંગલોર આવવા રવાના થઈ જા.સૂચિ પૂછ્યું કે કેમ પપ્પા? આનંદભાઈ એ ગંભીર અવવાજ માં ધીમેથી કીધું કે બાં ની તબિયત સારી નથી એટલે. પપ્પાની વાત સાંભળીને ચિંતિત સૂચિ એબોસને વર્ક એટ હોમ નો મેસેજ મૂકી દીધો ને ફટાફટ સમાન પેક કરીને એર પોર્ટ સ્નેહા ને બાય બોલીને એરપોર્ટ તરફ જવા નીકળી ગઈ....

......ટેક્સી બંગલા ન:78 બંગ્લોર ની ન્યુ ક્લબ સોસાયટી આગળ ઊભી રહી,ટેક્સી ઘર ના ગેટ આગળ ઊભી રહી. બંગલા ને લગ્ન પ્રસંગ નિમિતે શણગારેલ નિહાળીને સૂચિ ને આશ્ચર્ય થયું કે બાં ની બીમારીમાં બંગલો કેમ શણગાર્યો હશે? બા બીમાર છે છતાંય પ્રસંગ કેમ?કોનો પ્રસંગ હશે ઘરમાં? ભાઈના લગ્ન થયાને 5વર્ષ થઈ ગયાં..હવે તો મારા સિવાઈ પરિવારમાં લગ્ન માટે બાકી નથી..ખોટા એડ્રેસ પર તો ભૂલથી નથી આવી ગઈ ને.એ બંગલા ના ગેટ આગળ ઊભી ઉભી વિચારતી હતી ત્યાંજ ભાઈ એ આવીને વિચારો ની તંદ્રા માંથી ખોવાઈ ગયેલ સૂચિ ને જગાડી એની બેગ લેતા કહ્યું કે કેમ બહાર ઉભી છો? ચાલ જલદી ઘરની અંદર બધા તારી રાહ જુવે છે બોલીને ભાઈ બહેન નો હાથ પકડી ને ખેંચી ઘરની અંદર લઈ ગયો..

ઘરના મેઈન ડોર અંદર નું ઘર નું દ્રશ્ય જોતાજ સૂચિ આશ્ચર્ય સાથે બેઠક ખંડ મા અનુરાગ ની ઉપસ્થિતિ નિહાળી ને હર્ષભેર રડતા રડતા બોલી કે અનુ તું ? અત્યારે મારા ઘરે કેમ? તને તો મારા ઘરના એડ્રેસ ની જાણ પણ નથી.તને મારા ઘરનું એડ્રેસ મળ્યું ક્યાંથી? અનુરાગ એ સૂચિ ના કાન માં 'સરપ્રાઈઝ' બોલતાં કીધું કે સોરી સૂચિ તારા સાથે ખુશખુશાલ લાઈફ વિતાવવી હતી પરંતુ તારા મોમ ડેડ ની સહમતી લઈને.. પ્લીઝ!!પ્લીઝ!!પ્લીઝ!!સૂચિ,બેત્રણ દિવસ તને પરેશાન કરવા બદલ માફ કરજે,પણ તને પરેશાન કરવાનો આઈડિયા મારો નહતો સ્નેહા અને બા નો હતો.બા સામુ જોઈને સૂચિ બોલી really.. બા એ પૌત્રીને પ્રેમથી ભેટતા કીધું કે મારો જમાનો ભલે જૂનો હતો પણ મારી પૌત્રી ની લવ સ્ટોરી મોર્ડન છે. હું મોર્ડન જમાનાની સ્માર્ટ ફોન વાપરતી દાદી છું,સોશિયલ મીડિયામાં ખૂબ એક્ટિવ છું.બાની વાત સાંભળીને પરિવારના બધા સદસ્યોની સાથે અનુરાગ હસવા લાગ્યો ને સૂચિ શરમાઈને બા ના ખોળા માં માથું નાખી દીધું.સૂચિ ના પગ પાસે બેસીને અનુરાગે હીરાની વીંટી દ્વારા પ્રપોઝ કરતા પૂછ્યું વિલ યું મેરી મી. પ્લીઝ!!સૂચિ,ત્રણ દિવસ સુધી પરેશાન કરવા બદલ માફ કરી દઈશ...સૂચિ એ શરમાઈ ને 'યેસ' બોલતાં જ ભેગા પરિવારના સભ્યોએ આનંદ થી તાળીઓ પાડી..

# 'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શર્મા' શો સ્ક્રિપ્ટેડ છે..?

## 'બ્રહ્માસ્ત્ર' ફેમ એક્ટરનો દાવો- કોમેડીના નામે લોકોને મૂર્ખ બનાવે છે'; સતત વિવાદોમાં ઘેરાયો કપિલ પાજીનો શો

(એજન્સી) મુંબઈ | તા.17

તાજેતરમાં કોમેડિયન કપિલ શર્માના શો ગ્રેટ ઈન્ડિયન કપિલ શોના મેકર્સ સામે ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ શો પર રવીન્દ્રનાથ ટાગોરનું અપમાન કરવાનો આરોપ છે.
દરમિયાન હવે બ્રહ્માસ્ત્ર એક્ટર સૌરવ ગુર્જરે આ શોને ફેક ગણાવ્યો છે. થોડા સમય પહેલા શોમાં સૌરવ ગુર્જર સાથે જોડાયેલી કેટલીક કોમેન્ટ્સ વાંચવામાં આવી હતી જેનાથી તેને દુઃખ થયું હતું. તેણે કહ્યું છે કે શોમાં વાંચવામાં આવેલી તમામ કોમેન્ટ ફેક છે, જે ટીમ પોતે લોકોને હસાવવા માટે કરે છે.
રણબીર કપૂર થોડા મહિના પહેલા ફિલ્મ 'તુ જૂઠી મૈં મક્કાર'ના પ્રમોશન માટે કપિલ શર્માના શોમાં પહોંચ્યો હતો. શોના એક સેગમેન્ટમાં સેલેબ્સની સોશિયલ મીડિયા પોસ્ટ પર રમુજી કોમેન્ટ્સ વાંચવામાં આવે છે. આ સેગમેન્ટ માટે કપિલે રણબીરના ફોટોની કોમેન્ટ વાંચી હતી, જેમાં એક્ટર સૌરવ ગુર્જર તેને પકડી રહ્યો હતો. કપિલે તે પોસ્ટ પર એક કોમેન્ટ વાંચી, જેમાં લખ્યું હતું કે, લાગે છે કે રણબીરે નવી કાર BMW ખરીદી છે. આ સાંભળીને તે સમયે બધા હસી પડ્યા હતા, પરંતુ સૌરવ ગુર્જરને આ કમેન્ટથી દુઃખ થયું હતું.
તાજેતરમાં ધ રશ પોડકાસ્ટમાં સૌરવ ગુર્જરે કહ્યું હતું કે, મને લાગતું હતું કે શોમાં દેખાડવામાં આવેલા ફોટા અને ટિપ્પણીઓ વાસ્તવિક છે. એક ફોટો મારો હતો અને રણબીરનો ફોટો બતાવવામાં આવ્યો હતો. ત્યાં કેટલીક કોમેન્ટ હતી જે મને પસંદ ન હતી. મારા વ્યક્તિત્વ વિશે કોમેન્ટ કરવામાં આવી હતી. જ્યારે મને આ વિશે ખબર પડી ત્યારે મેં ફોટાની કોમેન્ટ જોઈ. ક્યાંય કોઈ કોમેન્ટ ન હતી. ટીમને ફરિયાદ કરી, પછી ટીમે જ કોમેન્ટ કરવાનું શરૂ કર્યું - સૌરવ
સૌરવે આગળ કહ્યું કે, જ્યારે મેં તેની ટીમને આ વાત કહી તો તેની ટીમે જ કોમેન્ટ કરવાનું શરૂ કર્યું. તમે પહેલા જઈને કોમેન્ટ કરી શકતા નથી. તમે જે પણ કોમેન્ટ કરશો તે પછીથી આવશે. મારા માટે આવી કોમેન્ટ કરવામાં આવી તે મને ગમ્યું નહીં. તે પણ નકલી.

**જાણો બીજો વિવાદ કૃષ્ણા અભિષેક** 'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો'ના એક એપિસોડમાં રવીન્દ્રનાથ ટાગોર પર ટિપ્પણી કરવાને કારણે વિવાદમાં આવ્યો છે. બંગાળી લેખક શ્રીજાતો બંદ્યોપાધ્યાયે કૃષ્ણા પર ટાગોરની મજાક ઉડાવવાનો આરોપ મૂક્યો હતો.
સોશિયલ મીડિયા પર એક પોસ્ટ લખીને તેણે કૃષ્ણા પાસે માફીની માગી કરી છે. એપિસોડમાં કોમેડી કરતી વખતે, કૃષ્ણા અભિષેકે 'એકલા ચલો રે'ની જગ્યાએ 'પચલા ચલો રે' કહ્યું હતું, જેના પછી બંગાળી સમાજના લોકો શોના મેકર્સથી ખૂબ નારાજ છે.

**બંગાળી લેખકે પોસ્ટ કરી** માફીની માગી કરી બંગાળી લેખક શ્રીજાતો બંદ્યોપાધ્યાયે તેમના ફેસબુક હેન્ડલ પર કૃષ્ણા અભિષેકની ટીકા કરતી એક લાંબી નોંધ લખી છે. તેણે લખ્યું, કોમેડી અને મજાક વચ્ચેનો તફાવત એક પાતળી રેખા છે, જેને પાર કરવી ક્યારેક ખતરનાક સાબિત થઈ શકે છે.
ઘણીવાર, લોકો કોની મજાક કરી રહ્યા છે તેના પર ધ્યાન આપતા નથી. ઉચ્ચ રેટિંગ્સ મેળવવા અને લોકોને હસાવવાની તેમની શોધમાં, તેઓ ભૂલી જાય છે.

**શ્રીજાતો બંદ્યોપાધ્યાયે વધુમાં** જણાવ્યું હતું કે, મારી દ્રષ્ટિએ કૃષ્ણ અભિષેક દ્વારા 'એકલા ચોલો રે' ગીત સાથે કરવામાં આવેલ અભિનય આદર અને નમ્રતાના સ્તરથી ઘણો નીચે ગયો છે. મને ખાતરી છે કે તેઓ ગાલિબ, કબીર કે પ્રેમચંદ પર આવા ક્રૂર જોક્સ બનાવવાની હિંમત નહીં કરે, કારણ કે જો તેઓ આમ કરશે તો બીજા દિવસે શો બંધ કરવાની ફરજ પડશે. લેખકે આગળ લખ્યું, બંગાળી લોકો આવા જોક્સ માટે ટેવાયેલા છે, તેથી તેઓ આવા જોક્સ કહી શકે છે.

### મેકર્સે લીગલ નોટિસનો જવાબ આપ્યો છે

'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો'ના નિર્માતાઓએ પણ કાનૂની નોટિસનો જવાબ આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે ટાગોરને ખોટી રીતે રજૂ કરવાનો તેમનો કોઈ ઈરાદો નથી. તેના બદલે, 'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો' એક કોમેડી શો છે જે સંપૂર્ણ રીતે મનોરંજન માટે બનાવેલ છે. આ શો પેરોડી અને કાલ્પનિક છે, જેનો હેતુ કોઈ વ્યક્તિ અથવા સમુદાયની લાગણીઓને ઠેસ પહોંચાડવાનો નથી.
શું છે સમગ્ર મામલો? તાજેતરમાં જ કાજોલ અને કૃતિ સેનન તેમની ફિલ્મ 'દો પત્તી'ના પ્રમોશન માટે 'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો'નો ભાગ બન્યા હતા. આ સમય દરમિયાન કૃષ્ણ અભિષેકે રવીન્દ્રનાથ ટાગોરનો ગેટઅપ અપનાવ્યો હતો. પ્રવેશ સમયે, તેઓ રવીન્દ્રનાથ ટાગોરની નકલ કરતા અને 'એકલા ચલો રે'ને બદલે તેમનું ગીત 'પચલા ચલો રે' ગાતા જોવા મળ્યા હતા. તેણે ગીતમાં એકલા (એકલા) શબ્દને પચાલા (5 લોકો સાથે) સાથે બદલ્યો.
સિદ્ધુ ઘણા સમય સુધી કપિલના શોમાં જજ તરીકે જોવા મળ્યો 'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો'ના નવા પ્રોમોમાં નવજોત સિંહ સિદ્ધુ ફરીથી જોવા મળ્યા. પ્રોમોની શરૂઆતમાં તે અર્ચના પુરણ સિંહની ખુરશી પર બેઠેલો જોવા મળે છે. પહેલા તો શોના હોસ્ટ કપિલ શર્માને પણ વિશ્વાસ ન થયો કે તે અસલી નવજોત સિંહ સિદ્ધુ છે. જ્યારે કપિલ શર્મા સાથે 'કોમેડી નાઈટ્સ વિથ કપિલ શર્મા શો' શરૂ થયો હતો, ત્યારે નવજોત સિંહ સિદ્ધુ આ શોમાં જજ તરીકે જોવા મળ્યા હતા.



# ગોવિંદાને છાતીમાં દુઃખાવો ઉપડતા હોસ્પિટલમાં દાખલ

## એક્ટર ચૂંટણી પ્રચાર માટે રેલીનો ભાગ બન્યા હતા, તબિયત ખરાબ હોવાને કારણે રોડ શો અધૂરો છોડી દીધો

(એજન્સી) મુંબઈ | તા.17

પગમાં ગોળી વાગી હોવાના કારણે છેલ્લા કેટલાક દિવસોથી સમાચારમાં રહેલા ગોવિંદાની તબિયત અચાનક બગડી ગઈ હતી. હાલમાં જ ગોવિંદા શિવસેના શિંદે જૂથના ઉમેદવારોના પ્રચાર માટે એક રોડ શોમાં સામેલ થયા હતા, જો કે આ દરમિયાન તેમને છાતીમાં દુખાવો ઉપડ્યો હતો, જેના પછી તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.
તાજેતરના ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના અહેવાલ મુજબ, ગોવિંદા શિવસેના (શિંદે જૂથ)ના શિવસેના (શિંદે જૂથ) ઉમેદવારોના સમર્થનમાં પચોરામાં રોડ શોનો ભાગ હતો. રેલી જલગાંવ પહોંચી ત્યારે જ તેને છાતીમાં તીવ્ર દુખાવો થયો. જ્યારે તેમની તબિયત બગડી તો ગોવિંદા અધવચ્ચે રેલી છોડીને હોસ્પિટલ પહોંચ્યા. હાલમાં તેમના સ્વાસ્થ્ય સંબંધિત કોઈ અપડેટ જાહેર કરવામાં આવ્યું નથી. કેટલાક અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો છે કે ગોવિંદા મોડી રાત્રે ઘરે પહોંચ્યો છે. ગોવિંદા પોતે કોંગ્રેસના પૂર્વ લોકસભા સાંસદ રહી ચૂક્યા છે. થોડા દિવસ પહેલા જ પગમાં ગોળી વાગી હતી 1 ઓક્ટોબરની સવારે ગોવિંદાને પગમાં ગોળી વાગી હતી. ગોવિંદા ઘરે એકલો હતો અને એક કાર્યક્રમ માટે કોલકાતા જવા નીકળ્યો હતો. દરમિયાન ઘરમાં રાખેલી રિવોલ્વર સાફ કરતી વખતે અકસ્માત સર્જાયો હતો. ગોવિંદાએ બંદૂક સાફ કરી અલમારીમાં રાખી, પછી બંદૂક પડી અને મિસફાયરિંગને કારણે ગોળી તેના પગમાં વાગી. તેમને મુંબઈની ક્રિટી કેર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેને 3 દિવસ બાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.
ડિસ્ચાર્જ થયા બાદ ગોવિંદાએ મીડિયા સાથે વાત કરતા કહ્યું કે, જે થયું તે હું માની શકતો નથી. હું એક શો માટે કોલકાતા જઈ રહ્યો હતો. સમય સવારના 5 નો હતો. હું રિવોલ્વર સાફ કરવા લાગ્યો. ભૂલથી ટ્રિગર નીકળી ગયું.
હું એવી હાલતમાં હતો કે ગોળી સીધી મારા પગમાં વાગી હતી. પગમાંથી લોહીનો ફુવારો વહેવા લાગ્યો. મેં જાતે વિડિયો રેકોર્ડ કર્યો અને મારા ડૉક્ટરને મોકલ્યો. હવે હું કહીશ કે આવી બાબતમાં સાવધાની રાખવી જોઈએ. હું ખાતરી કરીશ કે આવું કોઈની સાથે ન થાય.



### નયનથારાના સમર્થનમાં આવી શ્રુતિ હાસન, 8 વધુ એક્ટ્રેસે પણ આપી પ્રતિક્રિયા

# ધનુષ Vs નયનથારા વચ્ચે ફિલ્મ ફૂટેજનો વિવાદ...


(એજન્સી) મુંબઈ | તા.17

ધનુષ સાથે કામ કરી ચૂકેલી શ્રુતિ હાસન અને ઐશ્વર્યા રાજેશ જેવી ઘણી તમિલ અભિનેત્રીઓએ નયનથારાના ખુલ્લા પત્ર પર પ્રતિક્રિયા આપી છે. શનિવારે નયનથારાએ ધનુષને ખરું-ખોટું સંભળાવને તમિલ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં હલચલ મચાવી દીધી હતી. તેણે કહ્યું કે, ધનુષે તેની આગામી ડોક્યુમેન્ટ્રી 'નયનથારાઃ બિયોન્ડ ધ ફેરી ટેલ'માં 2015ની ફિલ્મ 'નાનુમ રાઉડી ધાન'નાa BTS વીડિયોનો ઉપયોગ કરવા બદલ તેમની સામે 10 કરોડનો દાવો દાખલ કર્યો છે. નયનથારાનું નિવેદન દર્શાવે છે કે ધનુષ પાસેથી પરવાનગી મેળવવા માટે તેને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.
નયનથારાએ પણ ધનુષ પર કટાક્ષ કર્યો અને તેને ઢોંગી ગણાવ્યો. નયનથારાએ ખુલ્લા પત્રમાં લખેલું નિવેદન વાયરલ થયું છે અને ધનુષ સાથે કામ કરી ચૂકેલી ઘણી અભિનેત્રીઓએ તેના પર પોતાની પ્રતિક્રિયા આપી છે. શ્રુતિ હાસને ધનુષ સાથે 3 (મૂનુ) માં કામ કર્યું છે, તેણે નયનથારાની પોસ્ટને 'લાઈક' કરીને નયનથારાના સમર્થનમાં હોવાનો સંકેત આપ્યો હતો.
આટલું જ નહીં, ધનુષની ઘણી કો-એક્ટ્રેસ જેવી કે ઐશ્વર્યા રાજેશ (વડા ચેન્નાઈ), ઐશ્વર્યા લક્ષ્મી (જગમે થંડીરામ), નાઝરિયા ફહદ (નૈયંડી), અનુપમા પરમેશ્વરન (કોડી), પાર્વતી થિરુવોથુ (મરિયન), મંજીમા મોહન (નિલાવુકુ એન્મેલ એન્નાડી કોબમ) ), અને ગૌરી જી કિશન (કર્ણન) એ પણ નયનથારાની પોસ્ટને 'લાઈક' કરીને તેમનો ટેકો આપ્યો છે. પાર્વતીએ તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીઝ પર પોસ્ટ પણ શેર કરી અને નયનથારાને હેટ્સ ઑફ કહ્યું છે.
નયનથારાની ડોક્યુમેન્ટરી નેટફ્લિક્સ પર રિલીઝ થશે નયનથારાની ડોક્યુમેન્ટ્રી 'નયનથારાઃ બિયોન્ડ ધ ફેરી ટેલ' નેટફ્લિક્સ પર 18 નવેમ્બરે રિલીઝ થશે. તાજેતરમાં તેનું ટ્રેલર લોન્ચ કરવામાં આવ્યું હતું. ડોક્યુમેન્ટ્રીમાં નયનથારાના જીવનના ઉતાર-ચઢાવ બતાવવામાં આવશે. ડોક્યુમેન્ટ્રીમાં, વિગ્નેશ શિવન સાથેની તેની લવ સ્ટોરી પણ જોવા મળશે, જે 'નાનુમ રાઉડી ધાન'ના સેટ પર શરૂ થઈ હતી. નયનથારા સામે કેસ દાખલ કર્યો તેના ખુલ્લા પત્રમાં નયનથારાએ ધનુષ પર ફિલ્મના ફૂટેજનો ડોક્યુમેન્ટરીમાં ઉપયોગ કરવાની તેની NOC વિનંતીનો જવાબ ન આપવાનો આરોપ મૂક્યો હતો. તેણે કહ્યું કે ત્યારે ટીમે ફિલ્મના ફૂટેજનો ઉપયોગ છોડી દેવાનો અને પડદા પાછળના વીડિયોનો ઉપયોગ કરવાનો નિર્ણય કર્યો, જે ઓનલાઈન ઉપલબ્ધ છે, ત્યારે ધનુષે તેની પરવાનગી વિના ફૂટેજનો ઉપયોગ કરવા બદલ તેમની સામે કેસ કર્યો.

# 'અનુપમા'ના સેટ પર વીજ કરંટથી ક્રૂ મેમ્બરનું મોત, છતાં ચાલતું રહ્યું શૂટિંગ


(એજન્સી) મુંબઈ | તા.17

અનુપમાના શોના મેકર્સ ફરી એકવાર મુશ્કેલીમાં મુકાયા છે. ટેલિવિઝન પરની સફળ અને લોકપ્રિય સીરિયલ અનુપમાના સેટ પર શૂટિંગ દરમિયાન ક્રૂના એક મેમ્બરનો જીવ ગયો. ક્રૂ મેમ્બર વિનીત કુમાર મંડલનું 14 નવેમ્બરે વીજ કરંટ લાગવાથી મોત થયું. 32 વર્ષના વિનીત શોમાં કેમેરા એટેન્ડન્ટ તરીકે કામ કરતા હતા. જ્યારે આ દુર્ઘટના બની ત્યારે તે ડ્યૂટી પર જ હતા.
પરંતુ ત્યારબાદ શોના મેનેજમેન્ટને લઈને પ્રોડ્યૂસર અને ટીમ પર આરોપ લાગ્યા છે. માનવામાં આવી રહ્યું છે કે, સેટ પર જરૂરી સુવિધા ન હોવાના કારણે વિનીતનો જીવ ગયો. આ બેદરકારી માટે પ્રોડ્યૂસર રાજન શાહી પર અનેક સવાલો ઉઠી રહ્યા છે. તો બીજી તરફ મૃતકના પરિવારે વળતર તરીકે 1 કરોડ રૂપિયા આપવા અને પોલીસ તપાસની માગ કરી છે. જ્યારે વિનીતનું મોત થયું છતા શૂટિંગ રોકવામાં આવી ન હતી અને ફિલ્મ સિટીમાં તે અડધી રાત સુધી ચાલતું રહ્યું.
મીડિયા રિપોર્ટસના અનુસાર, અનુપમા સીરિયલના શૂટિંગ દરમિયાન ક્રુ મેમ્બર્સ ટેકનિકલ ચીજોને સંભાળી રહ્યા હતા ત્યારે એક વિનીત ભૂલથી વીજળીના ખુલ્લા તારના સંપર્કમાં આવી જતાં કરંટ લાગવાથી મૃત્યુ થયું હતું. ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા સિને એમ્પોલઈઝે આ ઘટનાની તપાસ શરૂ કરી દીધી છે. ફેડરેશનના અધ્યક્ષએ જણાવ્યું હતું કે, 'વિનીત સેટ પર કામ કરી રહી રહ્યો હતો ત્યારે શોર્ટ સર્કટના કારણે તેનું નિધન થઈ ગયું હતું. ભૂલથી તેનાથી તારનો સ્પર્શ થઈ ગયો હતો જેનાથી તે મૃત્યુ પામ્યો હતો.



# માધુરીએ 'ઘાઘરા' ગીતના શૂટિંગ સાથે જોડાયેલો કિસ્સો શેર કર્યો

## એક્ટ્રેસે કહ્યું, 'રણબીર કપૂર ખૂબ જ તોફાની છે, તેની સાથે કામ કરવામાં મજા આવી હતી'



(એજન્સી) મુંબઈ | તા.17

માધુરી દીક્ષિતે તાજેતરમાં જ ફિલ્મ 'યે જવાની હૈ દીવાની' વિશે વાત કરી હતી. એક ઈન્ટરવ્યુ દરમિયાન અભિનેત્રીએ રણબીર કપૂરને તોફાની કહ્યો અને કહ્યું કે તે ખૂબ જ રમતિયાળ અને મસ્તી-પ્રેમી છે. પરંતુ તે ખૂબ જ શાંત સ્વભાવ ધરાવે છે. આ સિવાય માધુરીએ 'ઘાઘરા સોંગ' વિશે પણ વાત કરી હતી.
પિંકવિલા સાથેની વાતચીતમાં માધુરી દીક્ષિતે કહ્યું, 'મેં યે જવાની હૈ દીવાની ફિલ્મના 'ઘાઘરા ગીત' પર ડાન્સ કર્યો હતો. મને આ ગીત કરવામાં ખૂબ જ મજા આવી, કારણ કે સૌ પ્રથમ તો આ ગીત શાનદાર હતું. પરંતુ જે રીતે તેનું ફિલ્માંકન કરવામાં આવ્યું હતું. તે વધુ સારું હતું. આ ફિલ્મના એવા તબક્કે આવે છે જ્યાં તે દરેકને આશ્ચર્યચકિત કરે છે.
માધુરી દીક્ષિતે વધુમાં કહ્યું, 'આ ગીતમાં મારી સાથે રણબીર કપૂર પણ હતો. તેની સાથે કામ કરવાની ઘણી મજા આવી. તે ખૂબ જ તોફાની છે, પરંતુ તમને ખબર નહીં હોય, તે ખૂબ જ શાંત પણ છે.
માધુરી દીક્ષિતે તેના આઈકોનિક ગીતોની પસંદગી વિશે કહ્યું, 'મને લાગ્યું કે આપણે ચોલી પાછળ ગીતો કર્યા છે, ચાલો ઘાઘરા પર ડાન્સ કરીએ. આટલું જ નહીં, મેં ધ ફેમ ગેમ માટે દુપટ્ટા મેરા પણ બનાવી છે, તેથી હવે દુપટ્ટા પણ થઈ ગયા છે.
વર્ષ 2013માં રિલીઝ થયેલી ફિલ્મ 'યે જવાની હૈ દીવાની' ઘણી હિટ રહી હતી. 320 કરોડનું બોક્સ ઓફિસ કલેક્શન કરનારી આ ફિલ્મ અયાન મુખર્જીએ ડિરેક્ટ કરી છે. માધુરી દીક્ષિત હાલમાં જ ફિલ્મ 'ભૂલ ભુલૈયા 3'માં જોવા મળી હતી.



# PM ના Ex બોડીગાર્ડે 'BB18'ની ઓફર ફગાવી

## લકી બિષ્ટે કહ્યું, 'કરોડો રૂપિયા ઓફર કરવામાં આવ્યા, પરંતુ અમારું જીવન અંગત અને રહસ્યોથી ઘેરાયેલું હોય છે'

(એજન્સી) મુંબઈ | તા.17

આ દિવસોમાં ઉત્તરાખંડનો લકી બિષ્ટ સોશિયલ મીડિયા પર છવાયેલો છે. લકી બિષ્ટે હાલમાં જ એક મોટો નિર્ણય લીધો છે. જે બાદ તે ફરી એકવાર ચર્ચામાં આવી ગયો છે. એક RAW એજન્ટ અને ભૂતપૂર્વ NSG કમાન્ડો લક્ષ્મણ બિષ્ટ, જે 'લકી બિષ્ટ' તરીકે પ્રખ્યાત છે. તેણે લોકપ્રિય ટેલિવિઝન રિયાલિટી શો બિગ બોસની ઓફર ફગાવી દીધી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, તેને બિગ બોસ દ્વારા શોમાં સામેલ થવા માટે કરોડો રૂપિયાની ઓફર કરવામાં આવી હતી. જે બોલિવૂડની મોટી હસ્તીઓ પણ મેળવી શકતી નથી. RAW એજન્ટનું જીવન ઘણીવાર ગુપ્ત અને રહસ્યમય હોય છે અને તેમના વિશે બહુ ઓછા લોકો જાણે છે. એવું પણ કહેવાય છે કે RAW એજન્ટ તેની વાસ્તવિક ઓળખ અને જીવન વિશે કોઈને કહેતો નથી. તેમના આ નિર્ણયથી તેમની છબી વધુ મજબૂત થઈ છે અને લોકો તેમના નિર્ણયની પ્રશંસા કરી રહ્યા છે. લકી બિષ્ટે જણાવ્યું કે તેણે બિગ બોસની ટીમ સાથે વિગતવાર મીટિંગ કરી હતી, ત્યારબાદ તેની ટીમ સાથે વાત કર્યા બાદ તેણે બિગ બોસની ઓફરને ફગાવી દીધી હતી.
બિગ બોસની ઓફરને ફગાવવા પાછળનું કારણ જણાવ્યું બિષ્ટે 'બિગ બોસ 18'માં ભાગ લેવાનો ઈનકાર કર્યો હતો. તેમનું માનવું છે કે તેઓ રાષ્ટ્રીય ટેલિવિઝન પર તેમના જીવન સાથે જોડાયેલા ઘણા પાસાઓ જાહેર કરી શકતા નથી. તેમના પ્રવક્તા દ્વારા સત્તાવાર નિવેદનમાં તેમણે કહ્યું, 'RAW એજન્ટ તરીકે, અમારું જીવન ઘણીવાર ગુપ્તતા અને રહસ્યોથી ઘેરાયેલું હોય છે અને બહુ ઓછા લોકો જાણે છે કે અમે કોણ છીએ. અમારે ક્યારેય અમારી ઓળખ જાહેર કરવાની નથી. તે કરવા માટે પ્રશિક્ષિત છે.' આ કારણોસર મેં બહાર જવાનું પસંદ કર્યું. મને આનંદ છે કે લોકો તેને સમજી રહ્યા છે અને સમર્થન આપી રહ્યા છે.'
કોણ છે લકી બિષ્ટ? લકી એક પ્રખ્યાત ભારતીય સ્નાઈપર અને RAW એજન્ટ છે. તેમને વર્ષ 2009માં ભારતના શ્રેષ્ઠ રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડ કમાન્ડોનો ખિતાબ મળ્યો હતો. નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે નરેન્દ્ર મોદી માટે સુરક્ષા અધિકારી તરીકે કામ કર્યું હતું. યુએસ પ્રમુખ બરાક ઓબામા જ્યારે 2010માં ભારતની મુલાકાતે આવ્યા હતા ત્યારે બિષ્ટ પણ તેમની સુરક્ષા ટુકડીનો એક ભાગ હતા. પીએમ મોદી ઉપરાંત લકી બિષ્ટ રાજનાથ સિંહ, તરુણ ગોગોઈ, લાલ કૃષ્ણ અડવાણી અને ચંદ્રબાબુ નાયડુના અંગત ગાર્ડ પણ રહી ચૂક્યા છે. ગયા વર્ષે ક્રાઈમ રાઈટર અને ભૂતપૂર્વ પત્રકાર એસ હુસૈન ઝૈદીએ તેમના પર R.A.W. હિટમેનઃ ધ રિયલ સ્ટોરી ઑફ એજન્ટ લિમા નામની બાયોગ્રાફી લખી. તે સિમોન અને શુસ્ટર દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું હતું. તેના પર બાયોપિક પણ બની રહી છે.



# 19 વર્ષ પછી રિંગમાં પ્રવેશ કર્યો, 31 વર્ષ નાના ખેલાડી સામે હાર્યો


## મેચને કારણે નેટફ્લિક્સ 6 કલાક માટે ઠપ

(એજન્સી) અમેરિકા તા 17

વિશ્વના ઓલટાઇમ ગ્રેટ બોક્સર માઈક ટાયસને 19 વર્ષ બાદ રિંગમાં પ્રવેશ કર્યો છે. તેની મેચ ટેક્સાસના AT&T સ્ટેડિયમમાં થઈ હતી. ટાયસને 27 વર્ષીય અમેરિકન બોક્સર જેક પોલનો સામનો કર્યો હતો, જે તેના 31 વર્ષ જુનિયર હતો. જેકે મેચ 78-74 થી જીતી લીધી હતી. આ મેચનું લાઈવ સ્ટ્રીમિંગ નેટફ્લિક્સ પર થયું હતું, પરંતુ એટલા બધા યુઝર્સ સ્ટ્રીમિંગમાં જોડાયા હતા કે સર્વિસ 6 કલાક માટે બંધ થઈ ગઈ હતી. userdowndetector.com મુજબ, અમેરિકા અને ભારતમાં 1 લાખથી વધુ વપરાશકર્તાઓને Netflix ચલાવવામાં સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો. મેચની ઈનામી રકમ રૂ. 506 કરોડ ન્યૂઝ એજન્સી AFP અનુસાર, આ મેચની કુલ ઈનામી રકમ 60 મિલિયન ડોલર એટલે કે 506 કરોડ રૂપિયા હતી. મેચ જીતનાર જેક પોલને 40 મિલિયન ડોલર એટલે કે લગભગ 338 કરોડ રૂપિયા અને માઈક ટાયસનને 20 મિલિયન ડોલર એટલે કે લગભગ 169 કરોડ રૂપિયા મળશે.

ટાયસન પહેલા બે રાઉન્ડમાં આગળ હતો 2005 પછી પ્રથમ વખત પ્રોફેશનલ બાઉટ રમી રહેલા ટાયસને જેક સામે પ્રથમ બે રાઉન્ડમાં લીડ મેળવી હતી. આ પછી તેઓ આગામી ચાર રાઉન્ડમાં પાછળ પડી ગયો. જેકે મુકાબલો 78-74 થી જીત્યો. બંને હરીફોની ઉંમરમાં 31 વર્ષનો તફાવત છે.

ટાયસને 2005માં મેકબ્રાઇડનો સામનો કર્યો હતો જેક પોલ સાથેના મુકાબલો પહેલા, ટાયસનનો છેલ્લો પ્રોફેશનલ મુકાબલો 2005માં આયર્લેન્ડના કેવિન મેકબ્રાઈડ સામે હતો. તેણે હાર સાથે 20 વર્ષની કારકિર્દીનો અંત કરવો પડ્યો હતો.



### આ રેકોર્ડ આજે પણ અકબંધ છે

ટાયસને પોલને થપ્પડ મારી હતી આ મેચના એક દિવસ પહેલા બંને ખેલાડીઓ વચ્ચે સામ-સામે આવી હતી. જ્યાં ટાયસને જેક પોલને થપ્પડ મારી હતી. ટાયસનની આ થપ્પડથી મેચનો ઉત્સાહ ચરમસીમાએ પહોંચી ગયો હતો. કેવિન મેકબ્રાઈડ (ડાબે) અને ટાયસનનો આ ફોટો 2005ના મુકાબલોનો છે. કેવિન મેકબ્રાઈડ (ડાબે) અને ટાયસનનો આ ફોટો 2005ના મુકાબલોનો છે. 1986માં, 20 વર્ષની ઉંમરે, ટાયસને ટ્રેવર બર્બરનો વિશ્વનો સૌથી યુવા હેવીવેઈટ ચેમ્પિયન બનવાનો રેકોર્ડ તોડ્યો.

### Netflixના 27 કરોડથી વધુ યુઝર્સ

userdowndetector.com અનુસાર, ભારતમાં યુઝર્સને સવારે 6 વાગ્યાથી બપોરે 12 વાગ્યા સુધી નેટફ્લિક્સ રમવામાં સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો. સવારે 9.15 વાગ્યાની આસપાસ 1,296 લોકોને Netflix ચલાવવામાં તકલીફ પડી હતી. અમેરિકામાં ભારતીય સમય અનુસાર સવારે 9.15 વાગ્યે સ્ટ્રીમિંગમાં 95,324 લોકોને સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો. Netflix પાસે ભારતમાં લગભગ 10 મિલિયન એટલે કે 1 કરોડથી વધુ સબ્સ્ક્રાઈબર્સ છે. Netflixના વિશ્વના 190 દેશોમાં 27 કરોડથી વધુ ગ્રાહકો છે.

### 'બોક્સિંગના બ્રેડમેન' માઈક ટાયસન ઘાયલ

16 નવેમ્બરના રોજ માઈક ટાયસન અને જેક પોલ વચ્ચે જોરદાર લડાઈ રમાઈ હતી. ટાયસન લગભગ 20 વર્ષ પછી વ્યાવસાયિક બોક્સિંગમાં પાછા ફર્યા છે. આ મેચ પહેલા 58 વર્ષીય ટાયસને પ્રોફેશનલ બોક્સર તરીકે 50 મેચ જીતી હતી. હવે તેને તેની કારકિર્દીની સાતમી હાર મળી છે. અમેરિકાના દિગ્ગજ બોક્સર માઈક ટાયસન લગભગ 20 વર્ષ બાદ પ્રોફેશનલ બોક્સિંગમાં પરત ફર્યા છે. જો કે, તેની વાપસી યાદગાર રહી ન હતી. જેક પોલ સામેની શાનદાર મેચમાં તેને 74-78થી હારનો સામનો કરવો પડ્યો હતો. નિર્ણાયકોએ સર્વસંમતિથી જેકને વિજેતા જાહેર કર્યા. ટાયસન પ્રથમ બે રાઉન્ડમાં આગળ હતા, પરંતુ બાકીના છ રાઉન્ડમાં તે પાછળ રહી ગયા હતા.

# રોહિત શર્મા બીજી વખત પિતા બન્યો

(એજન્સી) મુંબઈ તા 17

ટીમ ઈન્ડિયાનો ટેસ્ટ અને વન-ડે કેપ્ટન રોહિત શર્મા બીજી વખત પિતા બન્યો છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, તેની પત્ની રિતિકા સજદેહે 15 નવેમ્બરે મોડી રાત્રે પુત્રને જન્મ આપ્યો હતો. જો કે રોહિત કે રિતિકાએ હજુ સુધી આ વાતની પુષ્ટિ કરી નથી. રોહિતે પોતાના બાળકના જન્મ માટે ટીમ ઈન્ડિયામાંથી બ્રેક લીધો હતો. તે ટીમ સાથે ઓસ્ટ્રેલિયા પણ પહોંચી શક્યો ન હતો. જોકે, પુત્રના જન્મ બાદ માનવામાં આવી રહ્યું છે કે તે 22 નવેમ્બરથી શરૂ થનારી પર્થ ટેસ્ટમાં રમી શકે છે. 2015માં લગ્ન કર્યા હતા રોહિતે 13 ડિસેમ્બર 2015ના રોજ રિતિકા સજદેહ સાથે લગ્ન કર્યા હતા. 30 ડિસેમ્બર 2018ના રોજ રિતિકાએ દીકરી સમાયરાને જન્મ આપ્યો હતો. સમાયરા હવે 5 વર્ષની છે. મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે આ રોહિત, રિતિકા અને તેમના પુત્રનો ફોટો છે. ટીમ ઈન્ડિયાનો બેટર કેએલ રાહુલ પણ ટૂંક સમયમાં પિતા બનવા જઈ રહ્યો છે. તેણે ગયા વર્ષે જાન્યુઆરીમાં બોલિવૂડ અભિનેત્રી આથિયા શેટ્ટી સાથે લગ્ન કર્યા હતા. રિપોર્ટ્સ અનુસાર રાહુલ જાન્યુઆરી 2025માં પિતા બની શકે છે. આ વર્ષે જાન્યુઆરીમાં વિરાટ કોહલી પણ બીજી વખત પિતા બન્યો હતો. તેની પત્ની અનુષ્કા શર્માએ પુત્ર અકાયને જન્મ આપ્યો.ઓસ્ટ્રેલિયામાં ટેસ્ટ રમવા ગયેલી 18 સભ્યોની ટીમમાં ફાસ્ટ બોલર મોહમ્મદ શમીનું નામ નથી. જ્યાં સુધી ટીમની જાહેરાત ન થાય ત્યાં સુધી તે પોતાની ફિટનેસ સાબિત કરી શક્યો ન હતો. જો કે, તેણે 13 નવેમ્બરથી મધ્યપ્રદેશ સામે રણજી ટ્રોફી મેચ રમી હતી અને બંને ઈનિંગ્સમાં 5 વિકેટ પણ લીધી હતી. તેની ફિટનેસમાં સુધારો થયો છે, જેના કારણે તે ઓસ્ટ્રેલિયા પણ જઈ શકે છે. ટીમ ઈન્ડિયા 32 વર્ષ બાદ 5 ટેસ્ટ મેચની સિરીઝ રમવા ઓસ્ટ્રેલિયા ગઈ છે. સિરીઝની પ્રથમ મેચ 22 નવેમ્બરથી પર્થમાં રમાશે, ત્યારબાદ ટીમ 6 ડિસેમ્બરથી એડિલેડમાં ડે-નાઈટ ટેસ્ટ રમશે. સિરીઝની પાંચમી અને છેલ્લી ટેસ્ટ 3 જાન્યુઆરીથી સિડનીમાં રમાશે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC)ની ફાઈનલમાં પહોંચવા માટે ભારતે ઓસ્ટ્રેલિયામાં 4 ટેસ્ટ જીતવી પડશે.રોહિતે તેના બીજા બાળકના જન્મ માટે જ ક્રિકેટમાંથી બ્રેક લીધો હતો. તેણે સિરીઝની શરૂઆત પહેલા જ કહ્યું હતું કે તેના બાળકના જન્મને કારણે તે પહેલી કે બીજી ટેસ્ટ ચૂકી શકે છે. હવે પુત્રના જન્મ બાદ માનવામાં આવી રહ્યું છે કે રોહિત થોડા દિવસો બાદ ઓસ્ટ્રેલિયા પહોંચી જશે. ટીમ ઈન્ડિયાનો બેટર કેએલ રાહુલ પણ ટૂંક સમયમાં પિતા બનવા જઈ રહ્યો છે. તેણે ગયા વર્ષે જાન્યુઆરીમાં લગ્ન કર્યા હતા. રિપોર્ટ્સ અનુસાર રાહુલ જાન્યુઆરી 2025માં પિતા બની શકે છે.



# IPL 2025 મેગા ઓક્શનમાં વિદેશી ખેલાડી તરીકે ઉતરશે આ ભારતીય

(એજન્સી) નવી દિલ્હી તા 17

IPL ગવર્નિંગ કાઉન્સિલ દ્વારા IPL 2025ની મેગા ઓક્શન માટે કુલ 574 ખેલાડીઓને શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા છે. તેમાં એક એવા ખેલાડીનું નામ પણ સામેલ છે જે ભારતીય અંડર-19 ટીમના કેપ્ટન રહી ચૂક્યા છે અને હવે વિદેશી ખેલાડી તરીકે હરાજીમાં ઉતરશે. IPL 2025 મેગા ઓક્શનમાં વિદેશી ખેલાડી તરીકે ઉતરશે આ ભારતીય, ટીમ ઈન્ડિયાને બનાવી હતી વર્લ્ડ ચેમ્પિયન IPL 2025 પહેલા એક મેગા ઓક્શન થશે, જેની તૈયારીઓ તેજ થઈ ગઈ છે. જેનું આયોજન 24 અને 25 નવેમ્બરે સાઉદી અરેબિયાના જેદ્દાહમાં થવાનું છે. આ હરાજી માટે કુલ 1,574 ખેલાડીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. તેમાંથી 574 ખેલાડીઓને IPL ગવર્નિંગ કાઉન્સિલ દ્વારા શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા છે. એટલે કે હરાજીમાં માત્ર 574 ખેલાડીઓની બોલી લગાવવામાં આવશે, જેમાંથી 366 ભારતીય અને 208 વિદેશી ખેલાડીઓ છે. વિદેશી ખેલાડીઓની યાદીમાં એક ભારતીય ખેલાડીનું નામ પણ સામેલ છે, જેણે બધાને ચોંકાવી દીધા છે.IPL 2025ની મેગા ઓક્શન માટે પસંદ કરાયેલા 208 વિદેશી ખેલાડીઓમાંથી



ઉન્મુક્ત ચંદ પણ એક છે. ઉન્મુક્ત ચંદે આ વખતની હરાજીમાં યુએસએના ખેલાડી તરીકે પોતાનું નામ નોંધાવ્યું છે. તમને જણાવી દઈએ કે, ઉન્મુક્ત ચંદનો જન્મ ભારતમાં થયો હતો અને તે ભારતીય અંડર-19 ટીમના કેપ્ટન પણ રહી ચૂક્યા છે. કેપ્ટન ઉન્મુક્ત ચંદે વર્ષ 2012માં ભારત માટે અંડર-19 વર્લ્ડ કપનો ખિતાબ જીત્યો હતો. જે બાદ તે રાતોરાત સ્ટાર બની ગયો હતો. લોકો તેમને ભારતના ભવિષ્ય તરીકે જોઈ રહ્યા હતા. જો કે, અંડર-19 વર્લ્ડ કપ બાદ તેનું પ્રદર્શન લોકો તેની પાસેથી અપેક્ષા મુજબનું નહોતું. જેના કારણે તે ક્યારેય સિનિયર ભારતીય ટીમમાં જગ્યા બનાવી શક્યો નહોતો.

# 6 દિવસમાં બદલાઈ ગયું પાકિસ્તાનનું નસીબ

(એજન્સી) સિડની તા 17

ઓસ્ટ્રેલિયા અને પાકિસ્તાનની ટીમો વચ્ચે 3 મેચની T20 શ્રેણીની બીજી મેચ સિડનીમાં રમાઈ હતી. આ મેચમાં પાકિસ્તાનની ટીમને 13 રને હારનો સામનો કરવો પડ્યો હતો. મોહમ્મદ રિઝવાન અને બાબર આઝમ આ મેચમાં ટીમની હારનું મુખ્ય કારણ હતા. આ બંને ખેલાડીઓ સંપૂર્ણ ફ્લોપ રહ્યા હતા. પાકિસ્તાન ક્રિકેટ ટીમ હાલ ઓસ્ટ્રેલિયાના પ્રવાસે છે. આ પ્રવાસની શરૂઆત ODI શ્રેણીથી થઈ હતી. પાકિસ્તાને આ શ્રેણી 2-1થી જીતી હતી. પરંતુ પાકિસ્તાની ટીમ ત્રણ મેચની T20 શ્રેણીમાં પોતાના પ્રદર્શનનું પુનરાવર્તન કરી શકી નથી. સિરીઝની પ્રથમ બે મેચ હાર્યા બાદ પાકિસ્તાનની ટીમ આ સિરીઝ હારી ગઈ છે. સિરીઝની બીજી મેચ સિડનીમાં રમાઈ હતી. આ મેચમાં પાકિસ્તાનની ટીમ સંપૂર્ણપણે ફ્લોપ રહી હતી. મેચની શરૂઆતમાં બોલરોના સારા પ્રદર્શન બાદ બેટ્સમેનોએ ઘણા નિરાશ કર્યા હતા. ઓસ્ટ્રેલિયાની ટીમે આ મેચમાં ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ઓપનરોએ પણ કેપ્ટનના આ નિર્ણયને સાચો સાબિત કર્યો. મેથ્યુ શોર્ટ અને જેક ફ્રેઝર-મેકગર્કે પ્રથમ 19 બોલમાં 50 રન ઉમેરતા ટીમે શાનદાર શરૂઆત કરી હતી.

# પાકિસ્તાનની નાપાક હરકત બાદ ICCની મોટી જાહેરાત

(એજન્સી) પેશાવર તા 17

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલે ICC ચેમ્પિયન્સ ટ્રોફી ટૂરનું નવું શેડ્યૂલ જાહેર કર્યું છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે તાજેતરમાં જાહેરાત કરી હતી કે ટ્રોફીને POK પણ લઈ જવામાં આવશે. પરંતુ BCCIએ તેની સામે અવાજ ઉઠાવ્યો હતો. આવી સ્થિતિમાં ICCએ હવે મોટો નિર્ણય લીધો છે. ICC ચેમ્પિયન્સ ટ્રોફી 2025ના સમયપત્રકની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છીએ. આ ટૂર્નામેન્ટ પાકિસ્તાનની




યજમાનીમાં રમાવાની છે, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ આ માટે જોરશોરથી તૈયારી કરી રહ્યું છે. આ બધા વચ્ચે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે હાલમાં જ કંઈક એવું કર્યું હતું જેના કારણે ભારે હોબાળો મચી ગયો હતો.વાસ્તવમાં, PCBએ ટૂર્નામેન્ટની ટ્રોફી ટૂરની જાહેરાત કરી હતી. એટલે કે આ ટ્રોફીને ચાહકો વચ્ચે અલગ-અલગ જગ્યાએ લઈ જવામાં આવશે. PCBના શેડ્યૂલ મુજબ, ટ્રોફી સ્કર્દુ, મુરી, હુન્ઝા અને મુઝફ્ફરાબાદ જેવા સ્થળોએ જવાની હતી. તેમાંથી સ્કર્દુ, હુન્ઝા અને મુઝફ્ફરાબાદ PoK (પાકિસ્તાન અધિકૃત કાશ્મીર)માં આવે છે. આવી સ્થિતિમાં ICCએ હવે મોટો નિર્ણય લીધો છે.

# હું કોહલીને મારીશ..! ઓસ્ટ્રેલિયન ખેલાડીએ આપી ધમકી

(એજન્સી) પર્થ તા 17

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પાંચ મેચની ટેસ્ટ સિરીઝની પ્રથમ મેચ 22 નવેમ્બરે પર્થમાં રમાશે. ટીમ ઈન્ડિયા હાલ આ સિરીઝ માટે પર્થમાં જોરશોરથી તૈયારી કરી રહી છે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના દૃષ્ટિકોણથી આ સિરીઝ ખૂબ જ મહત્વપૂર્ણ છે. ત્યાં પોતે. વિરાટ કોહલીનું ફોર્મ ટીમ ઈન્ડિયા માટે ચિંતાનો વિષય છે. વિરાટ કોહલીએ તેની છેલ્લી 10 ઈનિંગ્સમાં માત્ર 20ની એવરેજથી રન બનાવ્યા છે. આ પછી પણ ઓસ્ટ્રેલિયન ખેલાડીઓ તેને હળવાશથી લઈ રહ્યા નથી. આ દરમિયાન મિશેલ માર્શે વિરાટ કોહલીને લઈને મોટું નિવેદન આપ્યું છે. વિરાટ કોહલી અત્યારે ભલે ફોર્મમાં નથી, પરંતુ ઓસ્ટ્રેલિયા સામે તેનો રેકોર્ડ શાનદાર રહ્યો છે તેણે ઓસ્ટ્રેલિયા સામે 13 મેચમાં 54.08ની એવરેજથી 1353 રન બનાવ્યા છે. આ સમયગાળા દરમિયાન તેણે 6 સદી અને 4 અર્ધસદી પણ ફટકારી છે. તેનો શાનદાર રેકોર્ડ જોઈને મિશેલ માર્શે તેને આઉટ કરવા માટે નવો પ્લાન બનાવ્યો છે. તેણે કહ્યું, "જો વિરાટ કોહલી પર્થ ટેસ્ટ મેચ દરમિયાન 30 રનની અંદર અણનમ રહે છે, તો તે તેને ખભા પર ફટકારીને તેને ઉશ્કેરવાનો પ્રયાસ કરશે જેથી તે વિચલિત થઈ જાય અને તે આઉટ થઈ જાય.



# પોલેન્ડને 5-1થી હરાવીને પોર્ટુગલ ક્વાર્ટર ફાઈનલમાં

(એજન્સી) પોર્ટુગલ તા 17

સ્ટાર સ્ટ્રાઈકર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોના બે ગોલની મદદથી પોર્ટુગલે પોલેન્ડને 5-1થી હરાવીને નેશન્સ લીગ ફૂટબોલ ટૂર્નામેન્ટની ક્વાર્ટર ફાઈનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું હતું. સ્કોટલેન્ડે ક્રોએશિયાને 1-0થી હરાવીને નવ મેચમાં પોતાનો પ્રથમ વિજય હાંસલ કરીને ટૂર્નામેન્ટના ટોચના સ્તરે સ્થાન જાળવી રાખવાની આશા જીવંત રાખી હતી.1 Sandesh New 7th Nov 241 Sandesh New 7th Nov 24



બુચારેસ્ટ ખાતે રોમાનિયા અને કોસોવો વચ્ચેની મેચ ઈન્જરી ટાઈમ બાદ રોકવામાં આવી હતી અને ત્યારબાદ તેને ગોલરહિત ડ્રો જાહેર કરીને રદ કરવામાં આવી હતી. બંને ટીમના ખેલાડીઓએ એકબીજા સાથે મારામારી કરી હતી અને કોસોવોના ખેલાડીઓ મેદાન છોડીને જતા રહ્યા હતા. ગ્રૂપ-એ 4મા પોતાનું સ્થાન નિશ્ચિત કરી ચૂકેલા સ્પેન કોપેનહેગાનમાં ડેનમાર્કને 2-1થી હરાવ્યું હતું. ફ્રાન્સ, ઈટાલી, જર્મની, સ્પેન તથા પોર્ટુગલ ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ્યા છે. પોર્ટુગલ માટે રોનાલ્ડોએ પેનલ્ટી કિક ઉપર પોતાનો 134મો ઈન્ટરનેશનલ ગોલ નોંધાવ્યો હતો અને ત્યારબાદ ઓવરહેડ કિક ઉપર સાઈક્લિંગ કિક દ્વારા ગોલ કરીને પોર્ટુગલ માટે પોતાના ગોલનો આંકડો 135 સુધી પહોંચાડી દીધો હતો. પોલેન્ડ આ પરાજય સાથે ક્વાર્ટર ફાઈનલની રેસમાંથી બહાર થઈ ગયું છે.

# બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં નંબર 1 બની શકે છે કોહલી

(એજન્સી) પર્થ તા 17

ભારતીય ક્રિકેટ ટીમ ઓસ્ટ્રેલિયામાં છે અને ત્યાં બંને ટીમો વચ્ચે 5 ટેસ્ટ મેચોની સિરીઝ રમવાની છે. 22 નવેમ્બરથી બોર્ડર-ગાવસ્કર ટ્રોફી શરૂ થશે. આ સિરીઝ ભારતીય ટીમ માટે અગ્નિપરિક્ષાથી ઓછી નથી. ન્યુઝીલેન્ડ સામે ઘરઆંગણે સતત ત્રણ ટેસ્ટ મેચ હાર્યા બાદ ટીમ ઈન્ડિયા ભારે દબાણમાં છે. તેના પર પુનરાગમન કરવાનું દબાણ છે. ભારત-ઓસ્ટ્રેલિયા મેચ દરમિયાન ઘણા રેકોર્ડ બનવા જઈ રહ્યા છે. અનુભવી બેટ્સમેન વિરાટ કોહલી એકલો જ આમાંથી કેટલીક બનાવી શકે છે.ન્યુઝીલેન્ડ સામેની સિરીઝમાં ખરાબ પ્રદર્શન કરનાર કોહલી પાસેથી મોટી ઈનિંગ્સની અપેક્ષા છે. હોમ ગ્રાઉન્ડ પર છેલ્લી 5 ટેસ્ટ મેચ વિરાટ માટે દુઃસ્વપ્નથી ઓછી નહોતી. તે 5 મેચમાં માત્ર 192 રન જ બનાવી શક્યો હતો. તેણે ઓસ્ટ્રેલિયામાં હંમેશા સારું પ્રદર્શન કર્યું છે. આવી સ્થિતિમાં તેની પાસેથી અપેક્ષાઓ ઘણી વધી ગઈ છે. વિરાટ પાસે આ સીરીઝ દરમિયાન બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં નંબર-1 બનવાની પણ તક હશે. વાસ્તવમાં, તે બંને દેશો વચ્ચેની ટેસ્ટ મેચમાં સૌથી વધુ સદી ફટકારનાર ક્રિકેટર બની શકે છે. વિરાટે 25 મેચની 44 ઈનિંગ્સમાં 2042 રન બનાવ્યા છે. કોહલીએ ઓસ્ટ્રેલિયા સામે 8 સદી અને 5 અડધી સદી ફટકારી છે. સક્રિય ક્રિકેટરોમાં માત્ર સ્ટીવ સ્મિથ જ તેનાથી આગળ છે. સ્મિથે 19 મેચની 37 ઈનિંગ્સમાં 2042 રન બનાવ્યા છે.

# પ્રેક્ટિસ દરમિયાન ગિલની આંગળીમાં ઈજા થઈ:કેએલ રાહુલ એક દિવસ પહેલા ઘાયલ થયો

(એજન્સી) સિડન તા 17

બોર્ડર ગાવસ્કર ટ્રોફી પહેલા ટીમ ઈન્ડિયાને વધુ એક ઝટકો લાગ્યો છે. બેટર શુભમન ગિલ પણ ઈજાગ્રસ્ત છે. અહેવાલો અનુસાર, શનિવારે પર્થમાં મેચ સિમ્યુલેશન દરમિયાન સ્લિપમાં ફિલ્ડિંગ કરતી વખતે ગિલને આંગળીમાં ઈજા થઈ હતી. એક સૂત્રએ TOIને જણાવ્યું કે, ગિલને તેની આંગળીમાં ઈજા થઈ છે પરંતુ તે પર્થમાં રમશે કે કેમ તે કહેવું વહેલું છે. મેડિકલ ટીમ તેના પર નજર રાખી રહી છે, 2-3 દિવસ પછી નિર્ણય લેવામાં આવશે. આના એક દિવસ પહેલાં કેએલ રાહુલને પણ બોલ વાગ્યો હતો અને તે પ્રેક્ટિસ ચાલુ રાખી શક્યો ન હતો. વિરાટ કોહલીનું પણ સ્કેનિંગ કરવામાં આવ્યું હતું. જોકે, બાદમાં ખબર પડી કે કોહલી એકદમ ઠીક છે.

ભારતીય ટીમ 22 નવેમ્બરથી પર્થમાં પ્રથમ ટેસ્ટથી ઓસ્ટ્રેલિયા પ્રવાસની શરૂઆત કરશે. ભારતીય ટીમે ત્યાં 5 ટેસ્ટ મેચની સિરીઝ રમવાની છે. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના દૃષ્ટિકોણથી




ભારતીય ટીમ માટે આ સિરીઝ મહત્વપૂર્ણ છે.આ પહેલા કેએલ રાહુલ ઈજાગ્રસ્ત થયો હતો. શુક્રવારે પ્રેક્ટિસ મેચ દરમિયાન પ્રસિદ્ધ ક્રિષ્નાના બોલથી રાહુલને કોણીમાં વાગ્યો હતો અને તે સ્કેન માટે મેદાનની બહાર ગયો હતો. દરમિયાન, ઓસ્ટ્રેલિયન મીડિયાએ દાવો કર્યો હતો કે કોહલીએ અજાણી ઈજા માટે સ્કેન પણ કરાવ્યું છે. બેંગલુરુના ખેલાડીએ તેની છેલ્લી ટેસ્ટ સદી ડિસેમ્બર 2023માં સેન્ચુરિયનમાં સાઉથ આફ્રિકા સામે ફટકારી હતી અને ત્યારથી તેણે નવ ઈનિંગ્સમાં માત્ર 2 અડધી સદી ફટકારી છે. આ અંગે એક સૂત્રએ પીટીઆઈને કહ્યું, 'વિરાટ કોહલીને લઈને અત્યારે કોઈ ચિંતા નથી.' તે મોટા રન બનાવવા માટે સંઘર્ષ કરી રહ્યો છે અને તેની છેલ્લી ટેસ્ટ સદી જુલાઈ 2023માં પોર્ટ ઓફ સ્પેનમાં વેસ્ટ ઈન્ડિઝ સામે હતી. ત્યારથી, 36 વર્ષીય ખેલાડીએ 14 ટેસ્ટ ઈનિંગ્સમાં માત્ર બે ફિફ્ટી ફટકારી છે. છેલ્લી 60 ઈનિંગ્સમાં કોહલીએ માત્ર બે સદી સાથે 31.68ની એવરેજ બનાવી છે. 2024માં તેની એવરેજ છ ટેસ્ટમાં માત્ર 22.72ની છે.ઓસ્ટ્રેલિયાના અખબાર સિડની મોર્નિંગ હેરાલ્ડે દાવો કર્યો હતો કે સ્ટાર બેટર વિરાટ કોહલીનું ગુરુવારે અજાણી ઈજા માટે સ્કેન કરવામાં આવ્યું હતું. જો કે, તેને પ્રેક્ટિસ મેચમાં રમવાથી રોકવામાં આવ્યો ન હતો.

# સૂર્યકુમારને મિસ કરશે ફેન્સ

(એજન્સી)ડરબન તા 17

સૂર્યકુમાર યાદવની કપ્તાનીમાં ટીમ ઈન્ડિયાનો દક્ષિણ આફ્રિકાનો પ્રવાસ ઘણો શાનદાર રહ્યો હતો. ભારતીય ટીમે 4 મેચની આ T20 સિરીઝમાં 3-1થી જીત મેળવી હતી. સિરીઝની છેલ્લી મેચ જોહાનિસબર્ગના વોન્ડરર્સ સ્ટેડિયમમાં રમાઈ હતી. આ મેચમાં ભારતીય ટીમ તરફથી ઐતિહાસિક પ્રદર્શન જોવા મળ્યું હતું. ભારતીય ટીમે 20 ઓવરમાં 1 વિકેટના નુકસાને 283 રન બનાવ્યા હતા. જેના જવાબમાં દક્ષિણ આફ્રિકા માત્ર 18.2 ઓવરમાં 148 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. સૂર્યકુમાર યાદવે આ સિરીઝમાં શાનદાર કેપ્ટનશિપ કરી અને બોલરોની સાથે સાથે બેટ્સમેનોનો પણ સારો ઉપયોગ કર્યો. પરંતુ હવે ભારતીય ચાહકો સ્કાયને મિસ કરશે.

## 17 લોકો ઘાયલ, આરોપીની ધરપકડ; પરીક્ષામાં નાપાસ થવાથી ગુસ્સામાં હતો

# ચીનમાં વિદ્યાર્થીનો ભીડ પર હુમલો, 8ના મોત

**▪ ઈન્સ્ટિટ્યૂટ ઓફ આર્ટસ એન્ડ ટેક્નોલોજીમાં સાંજે સાડા છ વાગ્યે બની હતી**

(એજન્સી) ચિક્સિંગ તા 17

ચીનના પૂર્વીય શહેર ચિક્સિંગમાં શનિવારે એક કોલેજ કેમ્પસમાં એક વિદ્યાર્થીએ ભીડ પર ચાકુ વડે હુમલો કર્યો હતો. જેમાં 8 લોકોના મોત થયા હતા અને 17 લોકો ઘાયલ થયા હતા. આ ઘટના વુઝી વોકેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ આર્ટસ એન્ડ ટેક્નોલોજીમાં સાંજે સાડા છ વાગ્યે બની હતી. પોલીસે જણાવ્યું કે હુમલાખોરની ધરપકડ કરવામાં આવી છે. પરીક્ષામાં નાપાસ થવાનો ગુસ્સો હતો પોલીસના જણાવ્યા અનુસાર આરોપી તાજેતરમાં જ ગ્રેજ્યુએટ થયો હતો. હુમલાનું કારણ એ છે કે તે પરીક્ષામાં નાપાસ થવાથી, ડિગ્રી ન મળવાથી અને ઈન્ટર્નશિપ માટે ઓછો પગાર મળવાથી નાખુશ હતો. મામલાની તપાસ ચાલુ છે. ઘટનાની જાણ થતા પોલીસ અને અન્ય ટીમ આવી જતા આરોપીની શાળામાંથી અટકાયત કરી લેવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, આ સમગ્ર મામલો પૂર્વ ચીનના જિયાંગસુ પ્રાંતનો હોવાનું જાણવા એક કોમર્શિયલ શાળામાં ઘુસી ગયો અને આડેધડ છરીઓ મારવા લાગ્યો.



### ચીનમાં આવી ઘણી હિંસક ઘટનાઓ પ્રકાશમાં આવી છે

▪ ગયા સોમવારે, દક્ષિણના શહેર ઝુહાઈમાં એક કાર રાહદારીઓ પર ચડી ગઈ હતી, જેમાં 35 લોકો માર્યા ગયા હતા અને 40થી વધુ ઘાયલ થયા હતા. ▪ઑક્ટોબરમાં બેઈજિંગમાં એક સ્કૂલ પાસે છરી વડે હુમલામાં ત્રણ બાળકો સહિત પાંચ લોકો ઘાયલ થયા હતા. ▪સપ્ટેમ્બરમાં, શાંઘાઈમાં એક સુપરમાર્કેટમાં છરીથી હુમલો થયો હતો, જેમાં ત્રણ માર્યા ગયા હતા અને 15 ઘાયલ થયા હતા.

▪આ મહિને, શેનડોંગ પ્રાંતના તાઈઆન શહેરમાં એક શાળાની બહાર બસે વિદ્યાર્થીઓ અને તેમના માતા-પિતાને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં 11 લોકોના મોત થયા છે અને 13 લોકો ઘાયલ થયા છે.

### આ હુમલાનો આરોપી માનસિક અસ્થિર હતો.

જ્યારે અન્ય 17 લોકો ઘાયલ થયા હતા. ઘટનાની જાણ થતા પોલીસ અને અન્ય ટીમ આવી જતા આરોપીની શાળામાંથી અટકાયત કરી લેવામાં આવી હતી. આરોપી સકંજામાં આવી જતા ગુનો સ્વીકારી લીધો હતો. આ અગાઉ તાજેતરમાં એક શખ્સે પોતાની કારથી સેંકડો લોકોને કચડી નાખ્યા હતા. આ ઘટનામાં 35 લોકોનાં મોત થયા હતા. જ્યારે 43 લોકો ઈજાગ્રસ્ત થયા હતા. તપાસ બાદ જાણવા મળ્યું પાડોશી દેશ એવા ચીનમાં એક શાળામાં ચપ્પુ લઈને ઘુસેલા શખ્સે અંધાધૂંધ હુમલા શરુ કર્યા હતા. જેમાં આઠ લોકોનાં ઘટનાસ્થળે જ મોત થયા હતા.

**મળતી માહિતી અનુસાર, 21 વર્ષીય શંકાસ્પદ આરોપી :** મળતી માહિતી અનુસાર, 21 વર્ષીય શંકાસ્પદ આરોપી જુને ઘટનાસ્થળેથી પકડવામાં આવ્યો હતો અને તેણે પોતાનો ગુનો સ્વીકારી લીધો છે. પોલીસે જણાવ્યું કે આરોપી એક પરીક્ષામાં નાપાસ થયો હતો અને તેના કારણે તેને ગ્રેજ્યુએશન સર્ટિફિકેટ મળ્યું ન હતું. વધુમાં તે ઈન્ટર્નશીપના પગારથી અસંતુષ્ટ હતો. આવી સ્થિતિમાં પોતાનો ગુસ્સો વ્યક્ત કરવા માટે તે સ્કૂલમાં ઘુસી ગયો અને માર મારવા લાગ્યો.

**35 મૃત્યુ પામ્યા, 43 ઘાયલ થયા**

### વૃદ્ધ વ્યક્તિએ લોકો પર કાર ચલાવી

ચીનની સરકારે આ સમાચારને સેન્સર કર્યા છે. ત્યાંના મીડિયા પ્લેટફોર્મ પરથી આ સમાચાર હટાવી દેવામાં આવ્યા છે. ચીનના ઝુહાઈ શહેરમાં 11 નવેમ્બરે 62 વર્ષના એક વ્યક્તિએ કાર વડે અનેક લોકોને કચડી નાખ્યા હતા. આ અકસ્માતમાં 35 લોકોના મોત થયા હતા, જ્યારે 43 લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. પોલીસે આરોપીની ધરપકડ કરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, ફેન નામનો આરોપી છૂટાછેડા પછી મિલકતની વહેંચણીને લઈને તેની પત્નીથી નારાજ હતો. પાડોશી દેશ એવા ચીનમાં એક શાળામાં ચપ્પુ લઈને ઘુસેલા શખ્સે અંધાધૂંધ હુમલા શરુ કર્યા હતા. જેમાં આઠ લોકોનાં ઘટનાસ્થળે જ મોત થયા હતા. જ્યારે અન્ય 17 લોકો ઘાયલ થયા હતા.

### જ્યાં લોકો કસરત કરવા માટે આવ્યા હતા

કારમાં ચાકુ સાથે ફેન ઝડપાયો હતો. તેના ગળા પર આત્મવિલોપનના નિશાન હતા. જ્યારે તેને પકડવામાં આવ્યો ત્યારે તે બેભાન હતો, હાલ તેની સારવાર ચાલી રહી છે. તાજેતરના દિવસોમાં ચીનમાં આવી ઘણી હિંસક ઘટનાઓ પ્રકાશમાં આવી છે ગયા સોમવારે, દક્ષિણના શહેર ઝુહાઈમાં એક કાર રાહદારીઓ પર ચડી ગઈ હતી, જેમાં 35 લોકો માર્યા ગયા હતા અને 40થી વધુ ઘાયલ થયા હતા. ઑક્ટોબરમાં બેઈજિંગમાં એક સ્કૂલ પાસે છરી વડે હુમલામાં ત્રણ બાળકો સહિત પાંચ લોકો ઘાયલ થયા હતા. સપ્ટેમ્બરમાં, શાંઘાઈમાં એક સુપરમાર્કેટમાં છરીથી હુમલો થયો હતો, જેમાં ત્રણ માર્યા ગયા હતા અને 15 ઘાયલ થયા હતા. આ મહિને, શેનડોંગ પ્રાંતના તાઈઆન શહેરમાં એક શાળાની બહાર બસે વિદ્યાર્થીઓ અને તેમના માતા-પિતાને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં 11 લોકોના મોત થયા છે અને 13 લોકો ઘાયલ થયા છે.



## આ વિશે કશું જાણતા નથી; હું ભારતીય રાજદ્વારીઓ સાથે વાત કરીશ

# ખાલિસ્તાની આતંકવાદી ડલ્લાના પ્રત્યાર્પણ પર કેનેડાના વિદેશ મંત્રી બોલ્યા

(એજન્સી) ઓટાવા તા 17

કેનેડાના વિદેશમંત્રી મેલાની જોલીએ ખાલિસ્તાની આતંકવાદી અર્શ દલ્લાના પ્રત્યાર્પણ કેસ પર ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો. 15 નવેમ્બરે પેરુમાં એક મીટિંગ દરમિયાન પત્રકારો સાથે વાત કરતા, જોલીએ કહ્યું કે તે ચાલી રહેલી તપાસ અંગે કોઈ ટિપ્પણી કરશે નહીં.

મેલાનીએ કહ્યું કે તમે શું વાત કરી રહ્યા છો તે અંગે તેમની પાસે ચોક્કસ માહિતી નથી, પરંતુ ધરપકડ અંગે કોઈ પૂછપરછ થશે તો તે ભારતીય રાજદ્વારીઓ સાથે વાત કરશે. આ સિવાય વિદેશ મંત્રાલય સ્તરે પણ વાતચીત ચાલુ રહેશે. તેમણે કહ્યું કે તેઓ ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકરના સંપર્કમાં પણ હતો. ઉલ્લેખનીય છે કે ખાલિસ્તાની આતંકવાદી અર્શ દલ્લા ભારતમાં વોન્ટેડ છે. કેનેડાની પોલીસે 28 ઓક્ટોબરે ડલ્લાની ધરપકડ કરી હતી. તેની ધરપકડ બાદ ભારતના વિદેશ મંત્રાલયે કહ્યું હતું.



### ડલ્લાનું નામ 50થી વધુ કેસોમાં છે

અર્શ ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની નજીક છે અને તેની વિરુદ્ધ ભારતમાં 50 થી વધુ કેસ પેન્ડિંગ છે. જેમાં હત્યા, હત્યાનો પ્રયાસ, ખંડણી, આતંકવાદી પ્રવૃત્તિઓ અને ટેરર ફંડિંગનો સમાવેશ થાય છે. મે 2022માં ભારત સરકારે અર્શ દલ્લા વિરુદ્ધ રેડ કોર્નર નોટિસ જારી કરી હતી. આ પછી, તેને વર્ષ 2023 માં આતંકવાદી જાહેર કરવામાં આવ્યો હતો.સની કેનેડા બોર્ડર સર્વિસ એજન્સી (CBSA)માં તહેનાત હતો. તેને ફરી સુપરિન્ટેન્ડેન્ટના પદ પર તહેનાત કરવામાં આવ્યો છે.

**ભારતે અગાઉ પણ તેની ધરપકડની માગ કરી હતી :** ભારતે કેનેડાને 2023માં ડલ્લાની ધરપકડ કરવાની પણ માંગ કરી છે. પરંતુ કેનેડાની સરકારે તે સમયે તેને ફગાવી દીધી હતી. ભારતે જાન્યુઆરી 2023માં કેનેડાને ડલ્લાના શંકાસ્પદ સરનામું, ભારતમાં તેના વ્યવહારો, તેની સંપત્તિઓ અને મોબાઈલ નંબર વિશે જાણ કરી હતી. ભારતે કેનેડાને એમએલએટી સંધિ (મ્યુચ્યુઅલ લીગલ આસિસ્ટન્સ ટ્રીટી) હેઠળ આ માહિતીની ચકાસણી કરવા કહ્યું હતું. ડિસેમ્બર 2023માં, કેનેડાના ન્યાય વિભાગે આ મામલે ભારત પાસેથી વધારાની માહિતી માંગી હતી.

### ધરપકડથી બચવા માટે અર્શ પંજાબથી કેનેડા ભાગી ગયો

ધરપકડથી બચવા માટે અર્શ પંજાબથી કેનેડા ભાગી ગયો હતો અને ત્યાંથી પોતાની ગતિવિધિઓને અંજામ આપવા લાગ્યો હતો. ભારતીય એજન્સીઓ લાંબા સમયથી ડલ્લાને પકડવાનો પ્રયાસ કરી રહી છે. કેનેડાએ વોન્ટેડ આતંકી સિદ્ધુને નિર્દોષ જાહેર કર્યો: આતંકવાદના તમામ આરોપોને ફગાવ્યા, ભારતે ISI સાથે કનેક્શન હોવાનું જણાવ્યું હતું કેનેડાએ ભારતમાં સની ટોરોન્ટોને નિર્દોષ જાહેર કર્યો છે. કેનેડિયન સિક્યોરિટી ઈન્ટેલિજન્સ સર્વિસ (CSIS) સની વિરુદ્ધ આતંકવાદના આરોપોની તપાસ કરી રહી હતી.

### ખાલિસ્તાનીઓએ હવે કેનેડાવાસીઓને દેશ છોડવાની આપી ધમકી,

સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં એક ખાલિસ્તાન સમર્થક કહી રહ્યો છે કે કેનેડા તેમનું છે, ગોરા લોકોએ ઈંગ્લેન્ડ અથવા યુરોપ જવું જોઈએ. આ સાથે ખાલિસ્તાન તરફી લોકોએ સરઘસ કાઢ્યું હતુ. કેનેડામાં ખાલિસ્તાન સમર્થકોએ હવે તમામ હદો વટાવી દીધી છે. ખાલિસ્તાની આતંકવાદીઓ હવે કેનેડાના નાગરિકોને ધમકી આપી રહ્યા છે જેમણે તેમને રહેવા માટે જગ્યા આપી.સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં એક ખાલિસ્તાન સમર્થક કહી રહ્યો છે કે કેનેડા તેમનું છે, ગોરા લોકોએ ઈંગ્લેન્ડ અથવા યુરોપ જવું જોઈએ. આ સાથે ખાલિસ્તાન તરફી લોકોએ સરઘસ કાઢ્યું હતુ. કેમેરાની પાછળથી એક વ્યક્તિ સતત કહી રહ્યો છે કે કેનેડા આપણો દેશ છે. ગોરા લોકો દેશ છોડીન ચાલ્યા જાય.તેઓ કેનેડાના માલિક છે અને શ્વેત લોકોએ યુરોપ અને ઈઝરાયલ પાછા જવું જોઈએ.

# માર્ક ઝુકરબર્ગે: પત્ની માટે રોમાંટિક બન્યા ઝુકરબર્ગ, વર્ષગાંઠે વિશેષ ગીત લોંચ કર્યું

## ડેટિંગની 12મી એનિવર્સરીએ ગીત ગાયું

(એજન્સી)અમેરિકા તા 17

માર્ક ઝુકરબર્ગે પોતાની પત્ની પ્રિસિલા ચાનને ભેટ આપવા એક વિશેષ ગીત ગાયું છે. આ ગીતને રેપર T-Pain સાથે મળીને ગાયું છે, જેને રિલીઝ કરાયું છે. આ ગીત બંને માટે વિશેષ છે. કારણ કે, જ્યારે માર્ક અને ચાન પ્રથમવાર મળ્યા હતા ત્યારે આ ગીત વાગી રહ્યું હતું.

મેટાના સીઈઓ માર્ક ઝુકરબર્ગે એક ગીત રિલીઝ કર્યું છે. તેણે આ ગીત તેની પત્ની પ્રિસિલા ચાન માટે ગાયું છે. માર્કે આ ગીત તેની 21મી ડેટિંગ એનિવર્સરી પર રિલીઝ કર્યું છે. તેણે રેપર ટી-પેઈન સાથે મળીને વર્ષ-2003માં રિલીઝ થયેલા ગીત ગેટ લો ગાયું છે.આ ગીત લિલ જોન અને ઈસ્ટ સાઈડ બોયઝે વર્ષ-2003માં ગાયું હતું. આ ગીત માર્ક ઝુકરબર્ગ અને તેની પત્ની પ્રિસિલા ચાન માટે ખૂબ જ ખાસ છે.



## હુમલા દરમ્યાન નેતન્યાહૂ ઘરે નહોતા

# દુશ્મનોનું હવે આવી બન્યું...નેતન્યાહૂના ઘરે ફરી હુમલો, કોણ છે જવાબદાર?

(એજન્સી) ઈઝરાયેલ તા 17

ઈઝરાયલના પીએમ બેંઝામિન નેતન્યાહૂ હિઝબુલ્લાના ટાર્ગેટ પર છે. કેસારિયામાં તેઓના ઘર પર વધુ એક હુમલો કરાયો છે. તેઓના કેમ્પસમાં બે ફ્લેયર ફેંકવામાં આવ્યા હતા. હુમલા સમયે નેતન્યાહૂ ઘરે નહોતા. પોલીસ અને ગુપ્તચર વિભાગ અને શિન બેટ તપાસમાં જોડાઈ ગઈ છે. નેતન્યાહૂના ઘરે સતત હુમલાથી ઈઝરાયલની ચિંતા વધી ગઈ છે. નિવેદનમાં એં કહેવામાં આવ્યું છે કે ઘટના સમયે વડાપ્રધાન અને તેમનો પરિવાર ઘરે ન હતો. આ અંગે સઘન તપાસ શરૂ કરવામાં આવી છે. આ ગંભીર બાબત છે. ઈઝરાયલના પ્રમુખ આઈઝેક હરઝોગે આ ઘટનાને વખોડી કાઢી હતી અને જાહેર ક્ષેત્રમાં હિંસા વધવા સામે ચેતવણી આપી હતી. રાષ્ટ્રપતિએ કહ્યું કે આ મામલે તાત્કાલિક તપાસની જરૂર છે. જવાબદારો સામે વહેલી તકે કાર્યવાહી કરો.ગત 23 સપ્ટેમ્બરથી, ઈઝરાયલે લેબનોનમાં



હિઝબુલ્લાહના ઠેકાણાઓ પર બોમ્બમારો વધાર્યો છે. ઈઝરાયલની સેના સતત હિઝબુલ્લાહના સ્થાનોને નષ્ટ કરી રહી છે. ઈઝરાયલની સેના હવે માત્ર લેબેનોનમાં જ આતંક મચાવી રહી નથી પરંતુ સીરિયામાં પણ મોટા પાયે હુમલા કરી રહી છે. ઈઝરાયલની સેના લેબનોન સાથેની સીરિયા સરહદ પર મોટા પાયે હુમલા કરી રહી છે.

### હિઝબુલ્લાહ સતત ઈઝરાયલને નિશાન બનાવી રહ્યું છે

આ તે પુલ અને રસ્તાઓ છે જેના દ્વારા હિઝબુલ્લાહને શસ્ત્રો પુરા પાડવામાં આવતા હતા. જે ઈમારતને આઈડીએફ દ્વારા નિશાન બનાવવામાં આવી રહી છે તે ઈઝરાયલ હુમલામાં નષ્ટ થઈ રહી છે. ઈઝરાયલની મિસાઈલ આ રીતે રહેણાંક વિસ્તારમાં નિશાન પર પ્રહાર કરે છે અને આખી ઈમારત જમીન પર ધસી જાય છે. હસન નસરાલ્લાહના મોત બાદ હિઝબુલ્લાહ પહેલા કરતાં વધુ આક્રમક બની ગયું છે. તે સતત ઈઝરાયલને પણ ટાર્ગેટ બનાવી રહ્યો છે.આ હુમલા પાછળ કોનો હાથ હતો તે અંગે હાલ માહિતી બહાર આવી નથી? ગત મહિને (19 ઓક્ટોબર) પણ ઈઝરાયલના પીએમના નિવાસસ્થાન પર ડ્રોન હુમલો થયો હતો.

## ભારતીય પરિવારનાં કેસમાં માનવ તસ્કરી કરતા બે દોષિતો સામે 18મી નવેમ્બરથી ટ્રાયલ હાથ ધરવામાં આવનાર છે.

# U.S: ગુજરાતી પરિવાર ફરીઝ થઈ જવાનાં કેસમાં બે સામે ટ્રાયલ

## ગુજરાતમાં લોકોને ગેરકાયદે મોકલવા માટેનું નેટવર્ક

(એજન્સી) અમેરિકા તા 17

અમેરિકા- કેનેડાની બોર્ડર ક્રોસ કરતા કાતિલ ઠંડીને કારણે ઠૂંઠવાઈને મૃત્યુ પામેલા ભારતીય પરિવારનાં કેસમાં માનવ તસ્કરી કરતા બે દોષિતો સામે 18મી નવેમ્બરથી ટ્રાયલ હાથ ધરવામાં આવનાર છે. ભારતનાં ગુજરાતનો પટેલ પરિવાર અમેરિકાથી કેનેડાની બોર્ડર ક્રોસ કરવાનાં પ્રયાસમાં માઈનસ 38 ડિગ્રી ઠંડીમાં ઠૂંઠવાઈને મૃત્યુ પામ્યો હતો. જાન્યુઆરી 2022માં બનેલા આ ઘટનામાં ભારતનાં ગુજરાતનો પટેલ પરિવાર ફરીઝ થઈ ગયો હતો. જગદીશ પટેલ, તેમનાં પત્ની વૈશાલીબેન તેમજ તેમનાં બે સંતાનો 11 વર્ષની વિહાંગી અને 3 વર્ષનો પુત્ર ધાર્મિકનાં ઠંડીમાં ઠૂંઠવાઈને મોત થયા હતા.



**14,000થી વધુ ભારતીયો પકડાયા**

**માનવ તસ્કરી કરતા દલાલો સામે કેસ :** માનવ તસ્કરીનું કામ કરતા બે વચેટિયા દલાલો હર્ષકુમાર પટેલ ઉર્ફે ડર્ટી હેરી અને સ્ટિવ સેન્ડ સામે સોમવાર 18મી નવેમ્બરથી કોર્ટમાં કેસ ચાલુ કરાશે. ડર્ટી હેરી અમેરિકાથી કેનેડામાં લોકોને ગેરકાયદે ઘૂસણખોરી કરાવવામાં એટલે કે માનવ તસ્કરી કરવાનો મુખ્ય સૂત્રધાર હતો જ્યારે સ્ટિવ સેન્ડ ડ્રાઈવર હતો જેને હર્ષ પટેલ દ્વારા મદદ માટે નોકરીમાં રાખવામાં આવ્યો હતો. આ બંને લોકો કેનેડામાં ગેરકાયદે ઘૂસવા માંગતા લોકોને કેટલાક નક્કી કરેલા પોઈન્ટ પરથી ઘૂસણખોરી કરાવતા હતા. અમેરિકામાં બંનેએ પોતાની જાતને નિર્દોષ ગણાવ્યા હતા. જો કે કેનેડામાં તેમની સામે કેસ ચલાવવાનું કોર્ટે નક્કી કર્યું હતું.

**ભારત અને ગુજરાતમાંથી હજી ગેરકાયદે જવાનો ક્રેઝ :** વકીલો દ્વારા રજૂ કરવામાં આવેલા દસ્તાવેજોમાં આરોપ લગાવાયો છે કે પાંચ અઠવાડીયા સુધી બંનેએ સાથે મળીને ભારતીયોનાં પાંચ ગ્રૂપને બાર્ડર ક્રોસ કરાવવાનું કામ કર્યું હતું. કાતિલ ઠંડીમાં લોકોનાં જાનની પરવા કર્યા વિના કે લોકોને સાવધ કર્યા વિના તેઓ આ કામ કરતા હતા. તેઓ ભારત અને ગુજરાતમાંથી અમેરિકા અને કેનેડામાં આવીને વસવાટ કરવાનાં સપના જોતા લોકો પાસેથી વ્યક્તિ દીઠ 90,000 અમેરિકન ડૉલરની ફી વસૂલતા હતા. ગુજરાતી પરિવારનાં 4 લોકો અમેરિકા - કેનેડાની બોર્ડર પર ઠૂંઠવાઈ જવા છતાં હજી કેનેડા અને અમેરિકામાં ગેરકાયદે ઘૂસીને વસવાટ કરવાનો ક્રેઝ ચાલુ રહ્યો છે. માઈનસ 38 ડિગ્રી ઠંડીમાં તેઓ અમેરિકાની બોર્ડર પરથી ચાલીને કેનેડામાં પ્રવેશવા પ્રયાસો કરી રહ્યા હતા ત્યારે અપૂરતા ગરમ વસ્ત્રોને કારણે કાતિલ ઠંડીનો ભોગ બન્યા હતા. ખતરનાક રીતે બોર્ડર ક્રોસ કરવાની ઘટનાઓમાં અનેક જોખમો છતાં તેમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે.

# કેનેડાની મુલાકાત લેવી પણ બની મુશ્કેલ! પ્રવાસી વિઝામાં કર્યો ફેરફાર

(એજન્સી) કેનેડા તા 17

કેનેડા અને ભારત વચ્ચેના સંબંધો વણસી રહ્યા છે. કેનેડાએ ભારતીયોને આપવામાં આવતા પ્રવાસી વિઝાની સંખ્યામાં ધરખમ ઘટાડો કર્યો છે. અરજી કર્યા પછી, ટૂરિસ્ટ વિઝા મળવાની કે ન મળવાની શક્યતા 20 ટકા અથવા તેનાથી પણ ઓછી થઈ જાય છે. ભારત અને કેનેડા વચ્ચે વધતા તણાવ છતાં, 2024 ના પ્રથમ છ મહિનામાં કેનેડા દ્વારા ભારતીયોને જાહેર કરાયેલા પ્રવાસી વિઝાની સંખ્યામાં થોડો વધારો જોવા મળ્યો હતો. ઈમિગ્રેશન, રેફ્યુજીસ અને સિટીઝનશિપ કેનેડાએ જાન્યુઆરી અને જુલાઈ વચ્ચે ભારતીયોને 3,65,750 વિઝિટર વિઝા ઈશ્યૂ કર્યા હતા, જે 2023માં સમાન સમયગાળા દરમિયાન ઈશ્યૂ કરાયેલા 3,45,631 હતા. પરંતુ જુલાઈ-ઓગસ્ટમાં આ સ્થિતિ બદલાઈ ગઈ અને ત્યારથી વિઝાનો સક્સેસ રેટ ઘટી ગયો. કડક માપદંડોને લીધે, હાઈ-પ્રોફાઈલ અરજદારોની અરજીઓ પણ - જેમ કે સારા પગારવાળા વ્યાવસાયિકો, સરકારી અધિકારીઓ અને નોંધપાત્ર સંપત્તિ ધરાવતા પરિવારો - નાણાકીય કારણોસર નકારી કાઢવામાં આવે છે. કેનેડિયન ઈમિગ્રેશન નિષ્ણાતો કહે છે કે પ્રવાસી વિઝા માટેના માપદંડો વધુને વધુ અણધારી બન્યા છે, ભૂતપૂર્વ યુએસ ગ્રીન કાર્ડ ધારકોને પણ અસ્વીકારનો સામનો કરવો પડી રહ્યો છે. ચાર મહિના સુધી રાહ જોયા પછી પણ અરજદારોને રિજેક્ટ કરવામાં આવે છે.

# મેડિકલ કોલેજોમાં રેગિંગના નામે મહિલાઓ સામે જાતીય ગુનાઓનું કલ્ચર વધ્યું

(એજન્સી) નવી દિલ્હી । તા. 17

એક તરફ દેશભરના તબીબો હોસ્પિટલોમાં સલામતીને લઈને વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે તો બીજી તરફ અનેક મેડિકલ કોલેજોમાં રેગિંગના નામે નવા આવતા વિદ્યાર્થીઓના શોષણનું ચોંકાવનારું સત્ય સામે આવ્યું છે. કોલેજના સિનિયરો આ વિદ્યાર્થીઓ સાથે જે રીતે વર્તે છે તે ચોંકાવનારું છે. રેગિંગના નામે સિનિયર્સ નવા વિદ્યાર્થીઓને અશ્લીલ અપશબ્દોથી ભરેલા પુસ્તકો મોટેથી યાદ રાખવા અને વાંચવા દબાણ કરે છે. મેડિકલ કોલેજોમાં રેગિંગનું ઘૃણાસ્પદ સત્ય આ પુસ્તકોમાં મહિલાઓ, ખાસ કરીને તેમની સાથે અભ્યાસ કરતી મહિલા વિદ્યાર્થીઓ અને નર્સો વિરુદ્ધ ટિપ્પણીઓ છે. આમાં જાતીય



હિંસાની પ્રશંસા કરવામાં આવી છે. જાતીય હિંસા પરના નિષ્ણાતો આ રેગિંગ અને અશ્લીલ પુસ્તકોનું વર્ણન 'રેપ કલ્ચર'ને પ્રોત્સાહન આપતાં ગણાવે છે. નવા વિદ્યાર્થીઓને 'મેડિકલ લિટરેચર' અથવા 'વ્યક્તિત્વ વિકાસ કાર્યક્રમ' નામથી આ પુસ્તકોને યાદ રાખવા અને હંમેશા તેમની સાથે રાખવા માટે કહેવામાં આવે છે. અશ્લીલ પુસ્તિકા સંબંધિત ખુલાસો આ પુસ્તકો નવા વિદ્યાર્થીઓને તમામ ઉંમરની સ્ત્રીઓને માત્ર સેક્સ ઑબ્જેક્ટ તરીકે જોવા માટે ઉશ્કેરે છે. ઉદાહરણ તરીકે, આ પુસ્તકોમાં BHMB નો અર્થ 'બડી હોકર માલ બનેગી' એમ કહેવાયું છે.

આશ્ચર્યની વાત એ છે કે આ પુસ્તકમાં આ એકમાત્ર ટૂંકું ટર્મ છે જેનું પૂરું નામ લખી શકાય છે. નવા વિદ્યાર્થીઓના જણાવ્યા અનુસાર, તેઓને આ પુસ્તક મોટેથી વાંચવાની ફરજ પાડવામાં આવે છે. જો તેઓ વાંચતી વખતે અટકે કે હસે, તો તેઓએ તેને શરૂઆતથી ફરીથી વાંચવું પડે છે. નવા વિદ્યાર્થીઓ સાથે આ કેવું વર્તન છે? નવા વિદ્યાર્થીઓ અનુસાર, આ પુસ્તકોમાં 0-15 વર્ષની વયજૂથની છોકરીઓના સ્તન વિકાસની સરખામણી ફળો અને શાકભાજી સાથે કરવામાં આવી છે. આમાં મૃતદેહોનું પણ અનાદર કરવામાં આવ્યું છે. દરેક સંદર્ભમાં, તેના સાથી વિદ્યાર્થીઓ સહિત મહિલાઓ વિરુદ્ધ હિંસક, બળજબરીપૂર્વકના જાતીય કૃત્યો અને જનનાંગોનું વર્ણન ઘૃણાસ્પદ ભાષામાં કરવામાં આવે છે. નર્સોને હંમેશા 'અવેઈલેબલ' તરીકે અને ડોકટરો દ્વારા જાતીય હુમલો કરવા માટે તૈયાર, અને ઈચ્છુક મહિલાઓ તરીકે દર્શાવવામાં આવી છે. પોર્ન બુકલેટ્સ રેપ કલ્ચરને પ્રોત્સાહન આપે છે - એક્ટિવિસ્ટ બ્લેન્ક નોઈઝના સ્થાપક જાસ્મીન પતેજા કે જેઓ કોલેજોમાં 'કેમ્પસ ઓફ બેલોંગિંગ' નામના પ્રોજેક્ટ પર કામ કરી રહ્યાં છે. તેમણે મેડિકલ કોલેજમાં રેગિંગના નામે થતા આવા કૃત્યોને બળાત્કારની સંસ્કૃતિને પ્રોત્સાહન આપતી ગણાવી છે. એક વરિષ્ઠ મહિલા ડૉક્ટરે કહ્યું કે જ્યારે દર્દીઓ ઓપરેશન ટેબલ પર બેભાન પડેલા હોય ત્યારે તેમના શરીર વિશે મજાક કરવી એ સૌથી ખરાબ કૃત્યોમાંનું એક છે. મેં પુરૂષ એનેસ્થેસિયોલોજિસ્ટ અને સર્જનોને આ કરતા જોયા છે. આ પ્રકારની માવજત દ્વારા જ એવા ડોકટરો બનાવવામાં આવે છે જેઓ આવી વસ્તુઓ કરે છે. ઘણા ડૉક્ટરોએ આવા ચોંકાવનારા અનુભવો શેર કર્યા અન્ય એક ડૉક્ટરે તેમનો કૉલેજનો અનુભવ શેર કર્યો અને કહ્યું કે વિદ્યાર્થીઓ તરીકે, અમે પુરૂષ ડૉક્ટરોની આસપાસ ઊભા રહેતા હતા જેઓ યુવતીઓને તેમના કપડા ઉતારવા કહેતા હતા. તે અમને 'સ્તનની તપાસ' કેવી રીતે કરવી તે શીખવતા હતા. મહિલાઓને તેમની સંમતિ વિના અને બિનજરૂરી રીતે સ્પર્શ કરવામાં આવી હતી.

## કૈલાશ ગેહલોતને અરવિંદ કેજરીવાલના નજીકના માનવામાં આવે છે

### "કેજરીવાલે અનિલ ઝાને જોઈન કરાવડાવી આમ આદમી પાર્ટી"

(એજન્સી) નવી દિલ્હી । તા. 17

દિલ્હીમાં આજે બે મોટી રાજકીય ઘટનાઓ જોવા મળી હતી. એક તરફ આમ આદમી પાર્ટીના દિગ્ગજ નેતા કૈલાશ ગેહલોતે પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું છે તો બીજી તરફ અરવિંદ કેજરીવાલે થોડા સમય બાદ પ્રેસ કોન્ફરન્સ કરી હતી. તેમની પ્રેસ કોન્ફરન્સ દરમિયાન તેમણે ભાજપના પૂર્વ ધારાસભ્ય અનિલ ઝાને આમ આદમી પાર્ટીની સદસ્યતા આપી. આ સિવાય અરવિંદ કેજરીવાલે કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું હતું. અરવિંદ કેજરીવાલે કહ્યું કે કેન્દ્ર સરકારે એક એવું કામ જણાવવું જોઈએ જે તેણે પૂર્વાંચલ સમાજ માટે કર્યું છે. 'તેમને લાગે છે કે જનતા મૂર્ખ છે'

આ પ્રસંગે અરવિંદ કેજરીવાલે કહ્યું કે ભાજપના લોકો માત્ર બફડાટ કરે છે. તેઓ માને છે કે જનતા મૂર્ખ છે, પરંતુ જનતા બધું જ જાણે છે. તેમણે કહ્યું કે એવું નથી કે અમારા આવવાથી અહીં સ્વર્ગ આવી ગયું છે, દિલ્હીમાં હજુ ઘણું કામ બાકી છે, જે પૂર્ણ થશે. આ ઉપરાંત તેમણે એમ પણ કહ્યું કે એ પણ સાચું છે કે જે પણ કામ થયું છે તે છેલ્લા 10 વર્ષમાં જ થયું છે. આ પહેલા બંને સરકારોએ કોઈ કામ કર્યું નથી. 'દિલ્હીમાં બે સરકાર છે' અરવિંદ કેજરીવાલે કહ્યું કે દિલ્હીમાં બે સરકારો છે. એક રાજ્ય સરકાર અને એક કેન્દ્ર સરકાર. દિલ્હીના સંબંધમાં બંને સરકારો પાસે સત્તા અને સંસાધનો છે. કેન્દ્ર પાસે અપાર સત્તા છે. દિલ્હી સરકારે 10 વર્ષમાં પૂર્વાંચલ સમુદાય માટે આટલું કામ કર્યું છે, પરંતુ ભાજપના લોકોએ એક વાત જણાવવી જોઈએ કે તેઓએ આ સમાજ માટે શું કર્યું છે. તમે કામ કેમ ન કરાવ્યું, કારણ કે કોઈ ઈરાદો નહોતો. અમે કામ પૂરું કર્યું. તમે કહો કે શા માટે પૂર્વાંચલ સમાજે તમને મત આપવો જોઈએ. કૈલાશ ગેહલોતે રાજીનામું આપ્યું

આજે કૈલાશ ગેહલોતે દિલ્હી સરકારમાં પરિવહન મંત્રી પદ પરથી રાજીનામું આપી દીધું છે. તેમના રાજીનામાને આમ આદમી પાર્ટી માટે મોટો ઝટકો માનવામાં આવી રહ્યો છે. કૈલાશ ગેહલોતને અરવિંદ કેજરીવાલના નજીકના માનવામાં આવે છે. આવી સ્થિતિમાં તેમના રાજીનામા બાદ આમ આદમી પાર્ટીમાં હલચલ મચી ગઈ છે. આ સમગ્ર ઘટના બાદ આમ આદમી પાર્ટીએ તેને ષડયંત્ર ગણાવ્યું છે.

# ભાજપના મહિલા નેતા પર હુમલાનો પ્રયાસ

## સ્થિતિ બેકાબૂ... સભામાં ખુરશીઓ ઊછળી, બોડીગાર્ડ ઈજાગ્રસ્ત

(એજન્સી) અમરાવતી । તા. 17

મહારાષ્ટ્રના અમરાવતી જિલ્લાના દરિયાપુર વિધાનસભા ક્ષેત્રના ખલ્લર ગામમાં ભાજપના નેતા અને પૂર્વ સાંસદ નવનીત રાણાની પ્રચાર રેલી દરમિયાન ભારે હોબાળો થયો હતો. યુવા સ્વાભિમાન પાર્ટીના ઉમેદવાર રમેશ બુંદીલેના સમર્થનમાં યોજાયેલી આ સભામાં કેટલાક લોકોએ નવનીત રાણા પર ખુરશીઓ ફેંકી હતી. જેમાં તેઓ બચી ગયા હતા. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર તેના અંતિમ તબક્કામાં છે અને પ્રચારનો સમયગાળો આવતીકાલે 18મી નવેમ્બરે સમાપ્ત થશે. એવામાં શનિવારે રાત્રે દરિયાપુર વિધાનસભા મત વિસ્તારના ખલ્લર ગામમાં યુવા સ્વાભિમાનના ઉમેદવાર રમેશ બુંદીલેના પ્રચાર માટે નવનીત રાણાની સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન નવનીત રાણાનું ભાષણ ચાલી રહ્યું હતું ત્યારે કેટલાક લોકોએ જોરથી નારા લગાવ્યા અને હંગામો મચાવ્યો. ત્યારે યુવા સ્વાભિમાનના કાર્યકરોએ તેમને



લગ્ન પછી નવનીત રાણાએ 2014માં NCPની ટિકિટ પર અમરાવતી બેઠક પરથી લોકસભાની ચૂંટણી લડી હતી

સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તેમણે સૂત્રોચ્ચાર કરવાનું ચાલુ રાખ્યું. જ્યારે નવનીત રાણા પોતે તેમને સમજાવવા જઈ રહ્યા હતા ત્યારે કેટલાક લોકોએ તેના પર ખુરશીઓ ફેંકવાનો પ્રયાસ કર્યો હતો. આ હુમલામાં નવનીત રાણાના બોડીગાર્ડને પણ ખુરશી વાગી હતી. જો કે આ પહેલા પણ અમરાવતીમાં પૂર્વ સાંસદ નવનીત રાણા પર હુમલો કરવાનો પ્રયાસ થયો હોવાનું જોવા મળ્યું છે. સ્થિતિ વણસી જતાં નવનીત રાણા ખલ્લર પોલીસ સ્ટેશન પહોંચ્યા અને સભામાં સુરક્ષા વ્યવસ્થાને લઈને સવાલો ઉઠાવ્યા હતા. આ ઘટનાને પગલે વિસ્તારમાં રાજકીય વાતાવરણ ગરમાયું છે. હાલ પોલીસ તપાસ ચાલી રહી છે. નવનીત રાણા અમરાવતીથી અપક્ષ સાંસદ રહી ચૂક્યા છે. રવિ રાણા તેમના પતિ છે, જે વર્તમાન ધારાસભ્ય છે. લગ્ન પછી નવનીત રાણાએ 2014માં NCPની ટિકિટ પર અમરાવતી બેઠક પરથી લોકસભાની ચૂંટણી લડી હતી, પરંતુ તેઓ હારી ગયા હતા.

નવનીત રાણાએ 2019ની લોકસભા ચૂંટણીમાં અપક્ષ તરીકે ચૂંટણી લડીને જીત મેળવી હતી. આ પછી કોંગ્રેસ અને એનસીપીએ તેમને સમર્થન આપ્યું હતું. આ પહેલા નવનીત રાણા મોડલ હતા. તેમણે પંજાબી અને દક્ષિણ ભારતીય ફિલ્મોમાં કામ કર્યું છે. 2011 માં, તેમણે ધારાસભ્ય રવિ રાણા સાથે લગ્ન કર્યા અને થોડા સમય પછી રાજકારણમાં પ્રવેશ કર્યો.

## રાજીનામુ

### Delhiના પરિવહન મંત્રી કૈલાશ ગહલોતે આપ્યુ રાજીનામુ, AAP પાર્ટી છોડી

(એજન્સી) નવી દિલ્હી । તા. 17

દિલ્હીના પરિવહન મંત્રી અને આમ આદમી પાર્ટીના દિગ્ગજ નેતા કૈલાશ ગેહલોતે આમ આદમી પાર્ટીના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપી દીધું છે. તેમણે રાજીનામું આપવાનું કારણ લોકોને આપેલા વચનો પૂરા ન કરવાનું જણાવ્યું છે. આ અંગે તેમણે કેજરીવાલને પત્ર લખ્યો છે. રાજીનામામાં તેમણે યમુનાની સફાઈ અને કેજરીવાલના બંગલાના નિર્માણનો મુદ્દો પણ ઉઠાવ્યો છે. ગેહલોતે કહ્યું કે અમે ગત ચૂંટણીમાં યમુનાને સાફ કરવાનો વાયદો કર્યો હતો પરંતુ અમે યમુનાને સાફ કરી શક્યા નથી.તેમણે પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલને પત્ર લખ્યો છે. તેમણે પત્રમાં લખ્યું છે કે, "શીશ મહેલ જેવા ઘણા શરમજનક અને વિચિત્ર વિવાદો છે, જે હવે દરેકને શંકા કરી રહ્યા છે કે શું આપણે હજી પણ સામાન્ય માણસ તરીકે માનીએ છીએ... તે હવે સ્પષ્ટ છે કે જો દિલ્હી સરકાર તેનો મોટાભાગનો ખર્ચ કરે તો. કેન્દ્ર સામે લડવામાં સમય પસાર થઈ રહ્યો છે.

## બિહારના દાનાપુરમાં ગ્રાઉન્ડમાં બે હજારની ક્ષમતા સામે 30 હજાર યુવકો

# રોજગારીની દોડ : સૈન્ય ભરતી માટે 10 ગણા વધુ યુવકો પહોંચતા હોબાળો

(એજન્સી) પટના । તા. 17

બિહારના પટના પાસે દાનાપુરમાં સૈન્ય ભરતી મેળામાં હજારોની સંખ્યામાં યુવકો ઉમટી પડયા હતા. પ્રાપ્ત આંકડા અનુસાર ભરતી માટેના ગ્રાઉન્ડની ક્ષમતા કરતા ૧૦ ગણા વધુ ઉમેદવારો આવી પહોંચ્યા હતા. બેરોજગાર યુવકોની ભીડ એટલી હતી કે તેમને કાબુમાં કરવા માટે પોલીસે લાઠીચાર્જ કરવો પડયો હતો. સાથે જ કેટલાક ઉમેદવારોએ પણ પોલીસ પર પથ્થમારો કરતા આ સમગ્ર ભરતી મેળામાં ભારે હંગામો થઇ ગયો હતો.

દાનાપુર સૈન્ય સેન્ટર પર બિહારના ૩૮ જિલ્લામાંથી યુવકો પહોંચ્યા હતા. જોકે ભરતી કરવાની જેટલી ક્ષમતા હતી તેનાથી ૧૦ ગણી સંખ્યા આવી પહોંચી હતી.



અહીંના સૈનિક ચોક, કંપની બાગ, સાઈ મંદિર અને બસ સ્ટેન્ડ પુરેપુરા ભરાઇ ગયા હતા. જગ્યા ના મળતા ઉમેદવારો રોડ પર જ બેસી ગયા હતા. અહીંના આર્મી ગ્રાઉન્ડ પર આ યુવકોનો ફિઝિકલ ટેસ્ટ લેવામાં આવી રહ્યો છે. ફિઝિકલ ટેસ્ટ લેવા માટે આર્મીના રાંચી કાર્યાલય અને સાઉથ ઈન્ડિયા કાર્યાલયથી અધિકારીઓ પહોંચ્યા હતા. દરમિયાન ભરતીમાં આવેલા કેટલાક યુવકોએ હંગામો શરૂ કરી દીધો હતો.

બાદમાં યુવકોને ખસેડવા માટે પોલીસે બળ પ્રયોગ કરવો પડયો હતો જેને પગલે યુવકો વધુ અકળાયા હતા અને પોલીસ પર પથ્થમારો કરી દીધો હતો. જેને પગલે આ સમગ્ર ભરતી મેળામાં ભારે વિવાદ જોવા મળ્યો હતો. દાનાપુરમાં ભરતી માટે પસંદ કરાયેલા કરિઅપ્પા ગ્રાઉન્ડની ક્ષમતા બે હજાર ઉમેદવારોની છે. જેની સામે ૩૦ હજારથી વધુ ઉમેદવારો પહોંચ્યા હતા. સંખ્યા વધી જતા અંતે ભરતી પ્રક્રિયાને અટકાવવી પડી હતી. યુવકોને મેદાનમાં પ્રવેશતા જ અટકાવી દેવાયા હતા જે બાદ યુવકોએ ભારે હંગામો મચાવ્યો હતો. હાલ ભરતી અટકાવી દેવાઇ છે અને હવે ૨૮મી નવેમ્બરના રોજ ફરી ભરતી પ્રક્રિયા શરૂ કરવામાં આવશે.

## શરદ પવારના વિચારથી જ ચાલે છે અમારો પક્ષ: ચૂંટણી પહેલા જ આ શું બોલ્યા અજિત પવાર!

(એજન્સી) નવી દિલ્હી । તા. 17

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં હવે માત્ર ત્રણ જ દિવસ બચ્યા છે. તેમજ ચૂંટણી પ્રચાર સોમવારે સમાપ્ત થઈ રહ્યો છે. આ દરમિયાન રાજ્યના નાયબ મુખ્યમંત્રી અજિત પવારે પોતાના એક નિવેદનથી રાજકીય ખળભળાટની સ્થિતિ સર્જી દીધી છે. ભાજપ સાથે ગઠબંધન કરીને ચૂંટણી લડી રહેલા NCPના વડા અજિત પવારે સ્પષ્ટપણે કહ્યું છે કે અમારી પાર્ટી શરદ પવારના વિચારોને સ્વીકારે છે અને તેમની વિચારધારા પાર્ટીની વિચારધારા છે. તેમના આ નિવેદનના અનેક અર્થ કાઢવામાં આવી રહ્યા છે. બીજો સૌથી મહત્વપૂર્ણ પ્રશ્ન, શરદ પવાર અને અજિત પવારના ફરીથી એક થવાની સંભાવના પર, તેમણે કહ્યું કે હું તેના પર ટિપ્પણી કરીશ નહીં. આ સમયે મારે મહાયુતિને જીતવામાં મદદ કરવાની છે.

એક ઈન્ટરવ્યૂમાં અજિત પવારે ફરી એકવાર કહ્યું કે છેલ્લી લોકસભા ચૂંટણીમાં મારી પત્ની સુનેત્રાને બારામતીથી મેદાનમાં ઉતારવી એ મારી ભૂલ હતી. બારામતીના લોકોએ આ સ્વીકાર્યું નથી અને હું મારી ભૂલ સ્વીકારું છું. હવે બારામતીની જનતાએ નક્કી કર્યું છે કે તેઓ સુપ્રિયા તાઈને લોકસભામાં અને મને વિધાનસભામાં સમર્થન આપશે.

મતદાન પહેલા અજિત પવારના આ નિવેદનથી ઘણા અર્થ કાઢવામાં આવી રહ્યા છે.

## જાતિ નહીં આર્થિક આધારે અનામત આપે

# સરકાર, કોઈ SC-ST નહીં બધા હિન્દુ જ છે: રામભદ્રાચાર્યની માગ

(એજન્સી) નવી દિલ્હી । તા. 17

જયપુરમાં કથા કહેવા આવેલા જગદગુરુ સ્વામી રામભદ્રાચાર્યએ કહ્યું કે, 'સરકારે જાતિના આધારે અનામત ખતમ કરીને આર્થિક આધારે આપવી જોઈએ અને આ ટૂંક સમયમાં થવાનું છે. અમે સવર્ણ સમાજમાં જન્મ લઈને પાપ કર્યું નથી.100 ટકા મેળવીને સવર્ણનું બાળક જૂતા સીવે અને ચાર ટકા લાવીને એસસીનું બાળક નોકરી મેળવે. આને ખતમ કરવું જ પડશે અને આ થશે જ. કોઈ SC, ST, OBC નહીં બધા હિંદુ એક છે, બધાં ભારતીય એક છે. આર્થિક આધારે અનામત કરી દો. ત્યારે આ જાતિ વાળું ગૃહ યુદ્ધ આપમેળે ખતમ થઈ જશે. 'રાજસ્થાનના સીએમને લઈને કર્યો ચોંકાવનારો દાવો, સ્વામી રામભદ્રાચાર્યએ કહ્યું, 'બ્રાહ્મણ મુખથી નીકળ્યા છે, ક્ષત્રિય હાથથી, વૈશ્ય જાંઘથી અને શુદ્ર ચરણથી. ચરણ પર માથું ઝૂકે છે તો તે અપવિત્ર કેવી રીતે થઈ ગયું. હિન્દુઓમાં કોઈ અછૂત નથી. દેશમાં 80 ટકા હિન્દુ કરવા પડશે પછી તમામ સમસ્યા ખતમ થઈ જશે.'


રામભદ્રાચાર્યએ રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્માની સામે કહ્યું, 'જાણો છો જ્યારે મુખ્યમંત્રીની ચર્ચા



ચાલી રહી હતી કે રાજસ્થાનના સીએમ કોણ બનશે તો મે ઉપર વાત કરી અને કહ્યું કે રાજસ્થાનના મુખ્યમંત્રી બ્રાહ્મણને બનાવો. તમામે કહ્યું કે કેવી રીતે શક્ય બનશે? વસુંધરાજી કેવી રીતે માનશે? ત્યારે મે કહ્યું કે તેમના જ મોઢે કહેવડાવો અને આ રીતે મારી સમજથી રાજસ્થાનને પહેલા બ્રાહ્મણ મુખ્યમંત્રી મળ્યા.' આ અવસરે જગદગુરુ રામભદ્રાચાર્યએ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હાથ મજબૂત કરવાની પણ અપીલ કરી.

## 'મણિપુર ના એક હૈ, ના સેફ હૈ':

# રમખાણો મુદ્દે કોંગ્રેસ અધ્યક્ષ ખડગેનું PM મોદી પર નિશાન



(એજન્સી) મણિપુર । તા. 17

મણિપુરમાં ફરી એકવાર હિંસા ફાટી નીકળી છે. મૈતેઈ સમુદાયના લોકો મોટી સંખ્યામાં ઈમ્ફાલના રસ્તાઓ પર ઉતરી આવ્યા હતા અને મુખ્યમંત્રીના આવાસમાં તોડફોડ કરી હતી. આ દરમિયાન 7 ધારાસભ્યોના ઘરોને પણ નિશાન બનાવવામાં આવ્યા હતા. ગુસ્સે ભરાયેલા ટોળાએ ચર્ચ પર પણ હુમલો કર્યો હતો. મણિપુરમાં મોટી સંખ્યામાં સેના અને અન્ય સુરક્ષા દળો હાજર હોવા છતાં આ બધું થયું. મામલાની ગંભીરતાને ધ્યાને લઈ આ સમયે શહેરમાં ઈન્ટરનેટ સેવાઓ બંધ કરી દેવામાં આવી છે અને કર્ફ્યૂ પણ લાદવામાં આવ્યો છે.

### મણિપુરની જનતા તમને ક્યારેય માફ નહીં કરે

તેમણે આગળ કહ્યું કે, 7 નવેમ્બરથી અત્યાર સુધીમાં ઓછામાં ઓછા 17 લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. સંઘર્ષગ્રસ્ત વિસ્તારોની યાદીમાં નવા જિલ્લાઓ ઉમેરવામાં આવી રહ્યા છે અને આગ સરહદે આવેલા ઉત્તરપૂર્વીય રાજ્યોમાં ફેલાઈ રહી છે. તમે સુંદર સરહદી રાજ્ય મણિપુરમાં તમે સંપૂર્ણપણે નિષ્ફળ રહ્યા છો. ભવિષ્યમાં તમે મણિપુર જશો તો પણ રાજ્યની જનતા તમને ક્યારેય માફ નહીં કરશે. અહીંના લોકો ક્યારેય ભૂલશે નહીં કે તમે તેમને તેમના હાલ પર છોડી દીધા હતા અને તેમની વેદનાઓને દૂર કરવા અને ઉકેલો શોધવા માટે તેમના રાજ્યમાં ક્યારેય પગ નહોતો મૂક્યો.

મણિપુરમાં એક વર્ષ કરતા વધુ સમયથી ચાલી રહેલી હિંસાને લઈને કેન્દ્ર સરકાર સતત વિપક્ષના નિશાન પર છે. ત્યારે હવે આ વચ્ચે ફરી એક વખત કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ મણિપુરમાં ફાટી નીકળેલી હિંસાને લઈને કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે, 'મણિપુર ના એક હૈ ના સેફ હૈ'. આ રીતે તેમણે વડાપ્રધાન મોદીના 'હમ એક હૈ, તો સેફ હૈ' નિવેદનને ફરી એકવાર યાદ અપાવીને ભાજપ પર આકરા પ્રહાર કર્યા છે.

ખડગેએ પીએમ મોદી પર નિશાન સાધતા સોશિયલ મીડિયા પર લખ્યું કે, 'તમારી ડબલ એન્જિન સરકારમાં મણિપુર ના એક હૈ ના સેફ હૈ. મે 2023થી રાજ્ય અકલ્પનીય પીડા, વિભાજન અને હિંસામાંથી પસાર થઈ રહ્યું છે, જેણે ત્યાંના લોકોનું ભવિષ્ય બરબાદ કરી નાખ્યું છે. અમે આ વાત પૂરી જવાબદારી સાથે કહી રહ્યા છીએ કે, એવું લાગે છે કે ભાજપ જાણી જોઈને મણિપુરને સળગાવવા માગે છે, કારણ કે, તે પોતાની ઘૃણાસ્પદ વિભાજનકારી રાજનીતિ કરે છે.'

## અગાઉ એરલાઇન કંપનીઓને ધમકીઓ મળી હતી

# 'લશ્કરનો CEO બોલી રહ્યા છે' RBIને ધમકીભર્યા કોલ મળતા મુંબઈ પોલીસ એક્શનમાં

(એજન્સી) નવી દિલ્હી । તા. 17

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ના કસ્ટમર કેર ડિપાર્ટમેન્ટને ધમકીભર્યો કોલ આવ્યો હતો, જેના પછી મુંબઈ પોલીસે કેસ નોંધ્યો છે. આ કોલ શનિવારે સવારે લગભગ 10 વાગ્યે રિઝર્વ બેંકના કસ્ટમર કેર નંબર પર કરવામાં આવ્યો હતો. ફોન પર વ્યક્તિનું કહેવું છે કે તે લશ્કર-એ-તૈયબાનો સીઈઓ છે. ધમકી આપનાર વ્યક્તિ પાછળનો રસ્તો બંધ કરો, ઈલેક્ટ્રિક કાર તૂટી ગઈ છે તેમ કહીને ફોન બંધ કરી દે છે.



આ ઘટનાને ગંભીરતાથી લઈ પોલીસે તપાસ શરૂ કરી છે. ધમકીભર્યા કોલને ગંભીરતાથી લેતા, ભારતીય રિઝર્વ બેંકના સિક્યોરિટી ગાર્ડ દ્વારા આપવામાં આવેલી ફરિયાદ મુજબ M.R.A માર્ગ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, મુંબઈ પોલીસે આ કેસની તપાસ શરૂ કરી દીધી છે. કોઈ તોફાની તત્વોએ આ કૃત્ય કર્યું હોવાની આશંકા છે. હાલ પોલીસ તપાસમાં વ્યસ્ત છે અને વિગતવાર વિગતોની રાહ જોવાઈ રહી છે.

આ પહેલા ઈન્ડિયન એરલાઈન્સને સતત ધમકીભર્યા કોલ આવી રહ્યા હતા, જેમાંથી મોટાભાગના વિદેશી દેશોના હતા. નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA) એરલાઇનના ધમકીભર્યા કોલનો સામનો કરવા માટે તપાસ કરી રહી છે. NIA સાયબર વિંગ આ સમગ્ર મામલાની તપાસ કરી રહી છે.

કોલ કરવાનો હેતુ એરપોર્ટ જેવી ભીડભાડવાળી જગ્યાએ અરાજકતાનું વાતાવરણ સર્જીવાનો NIAના સૂત્રોનું કહેવું છે કે આ કોલ્સનો હેતુ માત્ર ધમકી આપવાનો જ નથી પરંતુ ભારતીય ઉડ્ડયન ક્ષેત્રને આર્થિક રીતે નબળું પાડવાનો પણ છે. તપાસ એજન્સીઓનું કહેવું છે કે આવા કોલ કરવાનો હેતુ એરપોર્ટ જેવી ભીડભાડવાળી જગ્યાએ અરાજકતાનું વાતાવરણ સર્જીને નુકસાન પહોંચાડવાનો છે.

## અમિત શાહએ વિદર્ભની તમામ રેલીઓ રદ કરી, અચાનક નાગપુરથી દિલ્હી જવા રવાના

(એજન્સી) મુંબઈ । તા. 17

મહારાષ્ટ્રમાં કેન્દ્રીય મંત્રી અમિત શાહની તમામ રેલીઓ રદ કરવામાં આવી છે. કેન્દ્રીય ગૃહમંત્રી નાગપુરથી દિલ્હી જવા રવાના થયા છે. શાહ આજે મહારાષ્ટ્રમાં ચાર જનસભાને સંબોધિત કરવાના હતા પરંતુ અચાનક આ સમાચાર સામે આવ્યા છે. અમિત શાહ ગઢચિરોલી, વર્ધા, કાટોલ અને સાવરમાં ચૂંટણી રેલીઓ કરવાના હતા. જો કે વહીવટી કામકાજના કારણે અમિત શાહે વિદર્ભની તમામ રેલીઓ રદ કરી દીધી છે. મહારાષ્ટ્રની ચૂંટણી વચ્ચે અમિત શાહ સતત અલગ-અલગ જિલ્લાઓની મુલાકાત લઈને રેલીઓને સંબોધિત કરી રહ્યા છે. આજે પણ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણીને લઈને ચાર રેલીઓને સંબોધિત કરવાના હતા. અમિત શાહ નાગપુરમાં કાટોલ અને સાવનેર સહિત ગઢચિરોલી અને વર્ધા જિલ્લામાં ચાર બેઠકોમાં ભાગ લેવાના હતા. જો કે અચાનક જ અમિત શાહ પ્રવાસ રદ કરીને દિલ્હી જવા રવાના થયા હતા.

## ફટાકડા ફોડવાની તકરારમાં હુમલો કરતા પિતા લોહી લુહાણ

ગઈકાલે દેવ દિવાળી હોવાથી નિકોલ રોડ ઉપર નવા નરોડામાં યુવક તેના મિત્રો સાથે સોસાયટી પાસે ફટાકડા ફોડતો હતો. આ સમયે ત્રણ લોકો સાથે તકરાર થઇ હતી જેને લઈને યુવકના પિતા ઠપકો આપવા ગયા તો તેમની સાથે પણ તકરાર કરીને માથામાં પથ્થર મારીને લાકડીથી ઢોર માર મારીને આધેડને લોહી લુહાણ કર્યા હતા. એટલું જ નહી આરોપીઓએ ધમકી આપી હતી કે તારો દિકરો હવે પછી અહિયાં ફટાકડા ફોડશે તો જાનથી મારી નાંખીશું. આ બનાવ અંગે કૃષ્ણનગર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## પોલીસ કર્મચારી પર હુમલો કરી આરોપી ફરાર

અમદાવાદના એ ડીવીઝન ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં જોધપુરમાં રહેતા આરોપીને ત્યાં વોરંટની બજવણી કરવા ગયેલા હેડ કોન્સ્ટેબલ પર આરોપીએ હુમલો કરીને ફોનને ફેકીંને ફરાર થઈગયો હતો. આ અંગે આનંદનગર પોલીસે ગુનો નોંધીને કાર્યવાહી કરી છે.એન ડિવીઝન ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા જયવીરસિંહ હરદેવસિંહ શુક્રવારે સાંજના સમયે જોધપુર રોઝવુડ ટાવર સામે આવેલા ગોપાલ આવાસમાં રહેતા કમલેશ પરમારને કોર્ટનું પકડ વોરંટ બજાવવા માટે ગયા હતા.

# અમદાવાદ શહેર પણ દિલ્હીની જેમ વાયુ પ્રદૂષણ મામલે અનહેલ્ધી શ્રેણીમાં પ્રવેશ્યું!




**ગુજરાતમાં કેમિકલ ઝોન ગણાતા અંકલેશ્વરમાં 162 એક્યુઆર નોંધાયો છે, જે સૌથી વધુ છે. તે પછી બીજા નંબરે અમદાવાદ શહેર આવે છે ! જ્યાં વાયુ ગુણવત્તા સૂચકાંક અનહેલ્ધી શ્રોણીમાં એટલે કે 160 દર્શાવાયો છે. જે ચિંતાનો વિષય છે**

(એજન્સી) અમદાવાદ | તા.17

દેશની રાજધાની દિલ્હીની જેમ હવે ગુજરાતના શહેરો પણ વાયુ પ્રદુષણને લઈને ધીમેધીમે ગેસ ચેમ્બરમાં પરિવર્તિત થઇ રહ્યા છે. એક ખાનગી વાયુ ગુણવત્તા સૂચકાંક જાહેર કરતી એજન્સીના મતે શનિવારે ગુજરાતમાં કેમિકલ ઝોન ગણાતા અંકલેશ્વરમાં 162 એક્યુઆર નોંધાયો છે, જે સૌથી વધુ છે.

તે પછી બીજા નંબરે અમદાવાદ શહેર આવે છે ! જ્યાં વાયુ ગુણવત્તા સૂચકાંક અનહેલ્ધી શ્રોણીમાં એટલે કે 160 દર્શાવાયો છે. જે ચિંતાનો વિષય છે. વાયુ પ્રદૂષણને લઈને જનઆરોગ્ય પર જોખમ વધી રહ્યું છે. છેલ્લા દોઢેક મહિનામાં શ્વસનતંત્રને લગતા 12,351 ઈમરજન્સી કેસ 108માં નોંધાયા છે. જેમાં મહત્તમ કેસ છેલ્લા પંદરેક દિવસમાં દિવાળીના તહેવારમાં સામે આવ્યા છે. એમાંય સૌથી વધુ 3,201 અમદાવાદીઓએ ગુંગળામણ અનુભવતા તાત્કાલિક સારવાર માટે ઈમરજન્સી સેવા 108ને કોલ કરવો પડયો હતો.

દિલ્હીમાં 427 એર ક્વૉલિટી ઈન્ડેક્ષ જોવા મળે છે. મુંબઈમાં 155, કોલકાતામાં 165, લખનઉંમાં 176 જ્યારે અમદાવાદ પણ આજ શ્રોણીમાં હોય તેમ 160નો એક્યુઆર શનિવારે જોવા મળ્યો હતો. અમદાવાદમાં હેલ્ધી લોકો માટે હજુ આ વાયુ પ્રદૂષણ સહન કરવાની શક્તિ જોવા મળે છે. પરંતુ જે લોકો બીમાર છે, હૃદય, અસ્થમા સહિતની શ્વસનતંત્રની બીમારીઓ સામે ઝઝૂમી રહ્યા છે. તે લોકો માટે તો આ વાયુ પ્રદૂષણ જીવલેણ સાબિત થઇ શકે છે.

**શહેરના એર ક્વૉલિટી ઈન્ડેક્ષને આરોગ્ય માટે જોખમી બનાવી રહ્યો છે**

અમદાવાદમાં ઓઢવ, કઠવાડા, રામોલ, નરોડા, વટવા, વિંઝોલ, નારોલ જીઆઈડીસી વિસ્તારમાં તો સાંજ પડયે નર્યો ધુમાડો જ ધુમાડો દેખાય છે. કેમિકલની ગંદ, પ્રદૂષણની પથરાયેલી ચાદર આ વિસ્તારમાં રહેતા લોકોને બીમાર પાડી રહી છે. સવારે ધાબા અને ઘરમાં કેમિકલના ધુળની રજકણો પડી હોય છે. સુકવેલા કપડાં પણ કલરફુલ થઇ જાય છે. આ વાત રહી ઔદ્યોગિક વિસ્તારની પરંતુ શહેરના અન્ય વિસ્તારોમાં પણ વાહનોના કારણે મોટાપ્રમાણમાં વાયુ પ્રદૂષણ વકરી રહ્યું છે. જે શહેરના એર ક્વૉલિટી ઈન્ડેક્ષને આરોગ્ય માટે જોખમી બનાવી રહ્યો છે.

# હેલ્મેટ નહીં પહેરો તો લાયસન્સ થશે સસ્પેન્ડ

## બેથી વધુ વખત હેલ્મેટ વગર પકડાયા તો RTO ઘરે નોટિસ મોકલશે

(એજન્સી) અમદાવાદ | તા.17

ગુજરાતમાં ટુ-વ્હીલર ચાલકોમાં જાણે હેલ્મેટ પહેરવાની જાણે જરુરિયાત જ ન હોય તે રીતે લોકો હેલ્મેટ વગર જ ફરે છે. આ દૃશ્યો ગુજરાત હાઈકોર્ટના નજરે આવતા ગુનેગારો વિરૂદ્ધ લાલ આંખ પણ કરવામાં આવી હતી અને ફરજિયાત હેલ્મેટના નિયમનું પાલન થાય તે માટે પોલીસને પણ સજાગ કરવામાં આવી. કમિશનરના જાહેરનામા બાદ પણ ખુલ્લેઆમ હેલ્મેટ વગર ફરતા લોકો વિરૂદ્ધ હવે RTOની કડક કાર્યવાહી શરુ થઈ છે અને બે કે તેથી વધુ વખત હેલ્મેટ વિના પકડાતા ચાલકોને નોટિસ ફટકારી લાયસન્સ સસપેન્ડ કરવાની પ્રક્રિયા હાથ ધરી છે. નિયમોનો ભંગ કરનાર 3 હજાર વાહનચાલકોનો ડેટા મળ્યો આ સમગ્ર બાબતે અમદાવાદ RTO અધિકારી જે. જે. પટેલ સાથે વાત કરતા જાણવા મળ્યું કે, દિવાળી પહેલા જ એટલે કે



ઓક્ટોબર મહિનાના અંતમાં અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસ દ્વારા RTO કચેરીને લગભગ 3 હજાર જેટલા વાહનચાલકોનો ડેટા આપવામાં આવ્યો છે. જેમાં વિવિધ કારણોસર તેમના લાયસન્સ સસ્પેન્ડ કરવાની કાર્યવાહી કરવા પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી, જેમાં મુખ્યત્વે હેલ્મેટ વગર વાહન ચલાવતા લોકોના ડેટા છે.

## 750 લોકોને હેલ્મેટ વિના વાહન ચલાવવા નોટિસ ફટકારી

અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસ દ્વારા હેલ્મેટ વિનાના લોકો પહેલી વાર જ્યારે પકડાય છે ત્યારે તેને મેમો આપવામાં આવે છે અને જો બે કે તેથી વધુ વખત એક જ ગુનામાં એટલે કે હેલ્મેટ વિના પકડાશે તો અમદાવાદ RTOને તેમનું લાયસન્સ રદ કરવા ટ્રાફિક પોલીસ જણાવશે અને RTO કચેરી તરફથી વાહન ચાલકના ઘરે નોટિસ આવી શકે છે. અત્યાર સુધીમાં 750 લોકોને હેલ્મેટ વિના વાહન ચલાવવા માટે નોટિસ પાઠવવામાં આવી છે. આ ચાલકોના લાયસન્સ સસપેન્ડ કરવાની કાર્યવાહી આ મહિનાના અંત સુધીમાં પૂરી કરાશે અને ડિસેમ્બરના અંત સુધીમાં આ તમામ કેસોની કાર્યવાહી પૂર્ણ થશે.

# નકલી ડોકટર ઝડપાયો

## એલોપેથીકની દવા રાખીને ક્લિનિક ચલાવતા કાકા-ભત્રીજા ઝડપાયા, લાયસન્સ ને ડિગ્રી વગર દવાખાનુ ચલાવતા

(એજન્સી) અમદાવાદ | તા.17

અમદાવાદના મેમનગરમાં પોલીસે નકલી ડોક્ટરને દવાખાના સાથે ઝડપી પાડયા છે. આરોપી કાકા-ભત્રીજાએ એક દુકાન ભાડે રાખીને તેમાં એલોપેથીક દવા રાખતા હતા. કોઈપણ લાયસન્સ અને ડીગ્રી વિના દવાખાનું ચલાવતા હતા. જે મામલે ગુજરાત યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી છે. દુકાન ભાડે રાખીને દવાખાનું ચલાવે છે ગુજરાત યુનિવર્સિટી પોલીસને કંટ્રોલ રૂમ તરફથી એક મેસેજ મળ્યો હતો કે, ગોપાલનગર છાપરા હેલ્મેટ સર્કલ પાસે રોહીદાસનું દવાખાનું નકલી છે. જેથી, પોલીસે અર્બન હેલ્થ સેન્ટરમાં જઈને ડોક્ટરને લેખિત યાદી આપી હતી. ડોક્ટરની ટીમ,મ્યુનિસિપલની હેલ્થ વિભાગની ટીમ અને પોલીસ સાથે જઈને મેમનગરમાં આવેલ વાળીનાથમાં ચાર નંબરની દુકાનમાં તપાસ કરી હતી ત્યાં મની ક્લિનિક લખેલી દુકાનમાંથી એલોપેથીક દવાનો જથ્થો મળી આવ્યો હતો. આ જથ્થા સાથે રહીદાસ ઢાલી નામનો 28 વર્ષનો યુવક પણ મળી આવ્યો હતો. યુવક મૂળ પશ્ચિમ બંગાળનો રહેવાસી છે પરંતુ,




કેટલાક સમયથી દુકાન ભાડે રાખીને દવાખાનું ચલાવે છે અને લોકોને દવા આપે છે. પોલીસે પંચનામુ કરી આરોપીઓની ધરપકડ કરી દર્દીઓને દવા આપવા માટે કોઈ માન્ય સર્ટીફીકેટ યુવક પાસે નથી. પોલીસે તપાસ કરતા દુકાનમાંથી 42,442 રૂપિયાની દવા મળી આવી હતી. યુવક પાસે દવા રાખવા માટે કોઈ માન્ય ડિગ્રી કે કોઈપણ લાયસન્સ નહોતું તે ખાનગી રીતે એલોપેથિક દવા રાખીને પ્રેક્ટિસ કરતો હતો. યુવક સાથે તેના કાકા લીટોન બિશ્વાસ પણ રહેતા હતા. પોલીસે પંચનામું કરી દવાનો જથ્થો અને બંને આરોપીઓની ધરપકડ કરી છે.ગુજરાત યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# વેપારી 14 ઓક્ટો.એ માંડ બચ્યા ને 16 નવે.એ હત્યા

## અમદાવાદમાં પોઇન્ટ બ્લેન્ક રેન્જથી વૃદ્ધને પતાવી દીધા, પુત્રએ કહ્યું પોલીસે કાર્યવાહી કરી હોત તો મારા પિતા બચી જાત, CCTV

(એજન્સી) અમદાવાદ | તા.17

અમદાવાદના નહેરુનગર વિસ્તારમાં શનિવારે રાત્રિના શાકભાજીના વેપારીની ફાયરિંગ કરી જાહેરમાં હત્યા કરી દેતા ચકચાર મચી છે. આ ફાયરિંગની ઘટના નજીકમાં લાગેલા સીસીટીવીમાં કેદ થઈ હતી. જેમાં હુમલાખોર ઘટનાસ્થળેથી ભાગતા નજરે પડી રહ્યા છે. આ પહેલાં 14 ઓક્ટોબરે પણ વેપારી પર છરીથી હુમલો કરવામાં આવ્યો હતો. જો કે તેઓ બચી ગયા હતા. પરંતુ શનિવારે તેઓ બચી શક્યા નહીં. એક મહિના પહેલાં વેપારી બદામજી છમનાજી મોદી પર હુમલો કરાયો હતો ત્યારે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી પરંતુ, પોલીસે યોગ્ય તપાસ કરી કાર્યવાહી ન કરી હોવાનો મૃતકના પુત્ર દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે. મૃતકના દીકરાએ કહ્યું કે, જો પોલીસે કાર્યવાહી કરી હોત તો મારા પિતા બચી ગયા હોત. અમદાવાદના નહેરુનગરથી માણેકબાગ રોડ પાસે જૂની અદાવતમાં અજાણ્યા શખસ દ્વારા શાકભાજીના વેપારી પર શનિવારે રાત્રે 8 વાગ્યા આસપાસ ફાયરિંગ કરવામાં આવ્યું હતું. મૂળ રાજસ્થાનના સિહોરીના રહેવાસી અને અમદાવાદમાં બોરાણા વેજિટેબલની દુકાન ચલાવતા બદામજી છમનાજી મોદી (મારવાડી) (ઉ.વ. 65) પર પોઈન્ટ બ્લેન્ક રેન્જથી ફાયરિંગ કરવામાં આવ્યું હતું.

# ઉત્તર-પૂર્વના ઠંડા પવનો ગુજરાતીઓના હાડ થીજવી દેશે

## રાજ્યમાં ધીમે ધીમે લઘુત્તમ તાપમાનનો પારો ગગડ્યો, 15.8 ડિગ્રી સાથે ગાંધીનગર સૌથી ઠંડુ શહેર બન્યું

(એજન્સી) અમદાવાદ | તા.17

હવામાન વિભાગ દ્વારા નવેમ્બરના પ્રથમ સપ્તાહ બાદ ઠંડીની શરૂઆત થવાની આગાહી કરી હતી. જોકે, રાજ્યભરમાં દિવસેને દિવસે લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં ઘટાડો થવાથી ધીમે ધીમે ઠંડીનો અહેસાર થવા લાગ્યો છે, ત્યારે હજુ આગામી પાંચ દિવસમાં લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થતાં ઠંડીનો ચમકારો વર્તાઈ આવશે. હાલ ગુજરાત પર આવતા પવનોની દિશા ઉત્તર-પૂર્વ હોવાથી ગુજરાતીઓને હાડ થીજવી ઠંડીનો અનુભવ થશે.

ઉલ્લેખનીય છે કે, દેશના ઉત્તર ભાગમાં એટલે કે જમ્મુ કાશ્મીર તરફ હિમવર્ષા થઈ છે તથા પવનની દિશા પણ ઉત્તર-પૂર્વ હોવાથી હિમાલયની હિમવર્ષાના ઠંડા પવનો ગુજરાતની ધરાને થીજવશે અને ગુજરાતવાસીઓને ગુલાબી ઠંડીનો ચમકારો અનુભવાશે. તાપમાનમાં અડધાથી એક ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે. તદુપરાંત મહત્તમ તાપમાન પણ મોટાભાગના જિલ્લાઓમાં ઘટીને 35 ડિગ્રીથી નીચે નોંધાયું છે. જોકે, નવેમ્બર મહિનાના છેલ્લા સપ્તાહમાં લઘુત્તમ અને મહત્તમ તાપમાન ખૂબ જ મોટા પ્રમાણમાં ઘટતા હાડ થીજવતી ઠંડીની આગાહી હવામાન નિષ્ણાંત દ્વારા કરવામાં આવી છે. ગુજરાત રાજ્યના



મોટાભાગના જિલ્લાઓમાં લઘુત્તમ અને મહત્તમ તાપમાન સામાન્યથી નજીક પહોંચ્યું છે, ત્યારે અમદાવાદ શહેરમાં પણ લઘુત્તમ અને મહત્તમ તાપમાન સતત ઘટતું જઈ રહ્યું છે.

છેલ્લા ત્રણ દિવસ દરમિયાન અમદાવાદ શહેરનું લઘુત્તમ તાપમાન દરરોજ એકાદ ડિગ્રી સુધી ઘટ્યું છે, ત્યારે છેલ્લા 24 કલાક દરમિયાન અમદાવાદનું લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં 1.8 ડિગ્રી વધુ રહીને 18.5 ડિગ્રી નોંધાયું હતું. જ્યારે મહત્તમ તાપમાન પણ સામાન્ય કરતાં 0.8 ડિગ્રી વધુ રહીને 34 ડિગ્રી નોંધાયું હતું. હજુ આજે પણ અમદાવાદ શહેરનું મહત્તમ તાપમાન 33થી 34 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 18 ડિગ્રી રહેવાની શક્યતાઓ છે. સમગ્ર ગુજરાતમાં છેલ્લા 24 કલાક દરમિયાન અત્યાર સુધીનું સૌથી લઘુત્તમ તાપમાન 15.8 ડિગ્રી સાથે ગાંધીનગર રાજ્યનું સૌથી ઠંડુ શહેર રહ્યું છે.

# USA બોર્ડર પર એક જ વર્ષમાં 90 હજાર ભારતીયો ઝડપાયા, 50% ગુજરાતી: ડિંગુચા કેસમાં બે એજન્ટો સામે કાર્યવાહી શરૂ

(એજન્સી) અમદાવાદ | તા.17

ડિંગુચા ગામના જગદિશ પટેલ અને તેમના પરિવારના થીજી ગયેલા મૃતદેહને આજે બે વર્ષ બાદ કેનેડિયન અને અમેરિકન સરકારે બંને તરફથી બે શખ્સો પર આ ગેરકાયદેસર ઘૂસણખોરી માટે કેસ ચલાવ્યો છે જે નવેમ્બરની 18મી તારીખથી થશે. જાન્યુઆરી 2022ના ગાળામાં જગદીશ પટેલના પરિવાર સહિત કુલ 11 જણાએ કેનેડાની બોર્ડર ક્રોસ કરીને ઘૂસવનો પ્રયત્ન કર્યો હતો પરંતુ જગદિશ પટેલનો પરિવાર છૂટો પડી ગયો હતો અને પૂરતા ગરમ કપડાના અભાવે તીવ્ર માઈનસ 30 ડિગ્રીમાં થીજાઈ ગયો હતો. અમેરિકન ખૂફીયા એજન્સી દ્વારા ઘૂસણખોરી કરાવનારી અનેક કડીઓને શોધવામાં સફળતા મેળવી છે.

ડિંગુચાના થીજી ગયેલા પરિવારને ઘૂસણખોરીમાં સાથ આપનારા બે એજન્ટો સામે કાર્યવાહી શરુ જેમાં આ સમગ્ર ગેરકાયદેસર




પ્રક્રિયામાં સાથ આપનાર કેનેડા તરફના હર્ષ પટેલ અને અમેરિકા તરફથી ઘૂસાડનારા સ્ટિવ શેન્ડ પર કાર્યવાહી શરુ કરવામાં આવી છે. અમેરિકન અને કેનેડિયન સરકારે આ બંને શખ્સોને સોફિસ્ટિકેટેડ હ્યુમન સ્મગલિંગ અંતર્ગત કેસ ચાલી રહ્યો છે. આ કામ કરવાના ઉપરોક્ત આરોપીઓએ 90,000 અમેરિકન ડોલર લેવાનું નક્કી કર્યું હતું. આ કેસ સાથે કેનેડા અને અમેરિકાની સરકારે સંયુક્ત રીતે 2024માં 90,415 ભારતીયોને કેનેડા અને મેક્સિકોની સરહદથી પકડવામાં સફળતા મેળવી છે જ્યારે એકલા કેનેડાની બોર્ડર પરથી 43764 બોર્ડર ક્રોસ કરતા ભારતીયોને પકડયા છે જેમાંના અડધાથી વધારે ગુજરાતી છે. જો કે 2023 કરતાં 2024માં કેનેડાથી અમેરિકા ઘૂસણખોરીનો આંક થોડો ઘટયો છે. અમદાવાદમાં મહેસાણા જિલ્લાના કેટલાંક ગામોમાં 'બે નંબર' કહેવાતા ગેરકાયદેસર ઘૂસણખોરીના કિસ્સામાં સૌથી વધુ 23 હજારથી વધુ ગુજરાતીઓ કેનેડાની બોર્ડરથી પકડાયા છે. અમેરિકામાં ટ્રમ્પ સરકાર આવવાની સાથે ઈમિગ્રેન્ટસના નિયમો વધુ કડક થવાની આગાહી છે સાથે સાથે કેનેડાની સરકારે પણ છેલ્લા બે મહિનામાં વિઝા નીતિ વધુને વધુ કડક બનાવતા હવે ભારતીયો માટે કેનેડા અને મેક્સિકો બોર્ડરથી ગેરકાયદેસર રીતે પ્રવેશવું દુષ્કર થઈ ગયું છે.

# સગીરાનું અપહરણ કરી હોટલમાં લઇ જઇ વારંવાર દુષ્કર્મ કરી સગર્ભા બનાવી

- ઇન્સ્ટાગ્રામથી સંપર્કમાં આવ્યા, પ્રેમ સંબંધ થતાં યુવકે સગીરાને પ્રેમ જાળમાં ફસાવી
- પોલીસે પોક્સો સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ શરુ કરી

(એજન્સી) અમદાવાદ | તા.17



ખોખરામાં રહેતી૧૪ વર્ષની સગીરા નરોડાના યુવક સાથે સોશિયલ મિડિયાથી સંપર્કમાં આવી હતી ત્યારબાદ બન્ને વચ્ચે પ્રેમ સંબંધ થતાં યુવકે સગીરાને પ્રેમજાળમાં ફસાવી હતી અને અપહરણ કરીને હોટલમાં લઈ જઈને અવાર નવાર તેણીની સાથે દુષ્કર્મ આચર્યું હતું. જેથી સગીરા સગર્ભા બની હતી આ ઘટના અંગે ખોખરા પોલીસે પોક્સો સહિતની કલમ મુજબ ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. શારિરીક ફેરફારથી માતાને શંકા જતાં દિકરીએ કબૂલાત કરી છ માસના ગર્ભનો ભાંડો ફૂટયો : પોલીસે પોક્સો સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ શરુ કરી ખોખરામાં ૪૦ વર્ષની મહિલાએ ખોખરા પોલીસ સ્ટેશનમાં નરોડા ખાતે રહેતા હિતેષ નામના શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે કે તેમની ૧૪ વર્ષની દિકરીને આરોપી સાથે ઈન્સ્ટાગ્રામથી મિત્રતા થઇ હતી બાદમાં ફોન ઉપર વાતચીત કરતાં બન્ને વચ્ચે પ્રેમ સંબંધ થયો હતો. ત્યારબાદ યુવક સગીરાનું અપહરણ કરીને વસ્ત્રાલ ખાતેની હોટેલમાં લઈ જઈને લગ્નની લાલચ આવીને તેણીની સાથે અવાર નવાર દુષ્કર્મ આચર્યું હતું. જો કે તાજતરમાં સગીરાના શરીરમાં ફેરફાર દેખાતા માતએ પૂછપરછ કરતાં દિકરીએ સમગ્ર હકીકતની જાણ કરતાં સગીરાને છ માસનો ગર્ભ હોવાનું બહાર આવ્યું હતું. આ બનાવ અંગે ખોખરા પોલીસે આરોપી સામે પોક્સો અને અપહરણ સહીતની કલમ હેઠળ ગુનો નોંધીને આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...